R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા


## CDO PRAKASH SAMIKSHA

Since 1925...
(Gujarati & English Bilingual) FORTNIGHTLY
સળંગ વર્ષ ૯૬મું

VOLUME : 01 • ISSUE : 13 • PAGES : 72 • MUMBAI • DATE : 5TH MAY 2021
BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

## સુધર્મા પાટોત્સવ - અચલગચ્છાધિપતિ પદપ્રદાન મહોત્સવ વિશેષાંક

### અચલગચ્છાધિપતિ



વિ. સ. ૨૦૭૭ ચૈત્ર સુદ - ૧૧ ગુરૂવાર, તા. ૨૨ એપ્રિલ, ૨૦૨૧

પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

# સુધર્મા પાટોત્સવ - અચલગચ્છાધિપતિ પદપ્રદાન મહોત્સવ વિશેષાંક





અચલગચ્છાધિપતિ પદોત્સવે વાસક્ષેપ શીખર





મુનિવરો દ્વારા વાસક્ષેપ વધામણા







ફોટોગ્રાફ : હેતલ ફોટો આર્ટ

ગચ્છના ચારે જ્ઞાતિ ઘટકો દ્વારા ગચ્છાધિપતિપદ





૨૨ એપ્રિલ ૨૦૨૧







શ્રી અ. ભા. અચલગચ્છ જૈન સંઘ દ્વારા ચાંદી કાસ્કેટ સંભારણું

આ વિશેષાંકનું સૌજન્ય

## હીરક દાતાશ્રીઓ

આ વિશેષાંકનું સૌજન્ય

# યુ. એમ. ખોના એન્ડ કું. - મુંબઈ

## શ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર - હૈદ્રાબાદ



## સુવર્ણ દાતાશ્રી

### માતુશ્રી નિર્મળાબેન પ્રેમજી નંદુ - કોડાય (મઝગામ)

હ. મીના ચીમન મોતા - વારાપધર (મુલુંડ) - તનમન ટુર એન્ડ ટ્રાવેલ્સ
બેલા મયુર વિનોદ ધુલ્લા - સુથરી (સીડની)





## રજત દાતા

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - અમદાવાદ

**તંત્રી સ્થાનેથી**

# પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.ને અચલગચ્છાધિપતિ પદપ્રદાન પ્રસંગે અભિવંદન



– ડૉ. હીરાચંદ દંડ

જ્યારે પ્રકાશ સમીક્ષાના તંત્રી મંડળને પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.ના સુધર્મા પાટોત્સવ – અચલગચ્છાધિપતિ પદપ્રદાન મહોત્સવની જાણ થઈ ત્યારે મેં આચાર્યશ્રીને મળવાનું નક્કી કર્યું. આ સાથે મેં સમસ્ત મહાજનના પૂર્વ પ્રમુખ શ્રી ચીમનભાઈ મોતાને મારા માટે તેમને મળવાનો સમય લેવા વિનંતી કરી અને માર્ચ મહિનાનાં મધ્યમાં મહારાજ સાહેબ સાથે મારી પ્રથમ મુલાકાતની મને તક મળી. આચાર્યશ્રી સાથેની મારી મુલાકાત પછી મને થયું કે આવા મહાન વ્યક્તિત્વ માટે એક જ લેખ પૂરતો ન ગણાય, એટલે અમોએ નક્કી કર્યું કે તા. ૨૦ એપ્રિલનો પ્રકાશ સમીક્ષાનો અંક મહારાજશ્રી માટે વિશેષાંક તરીકે પ્રકાશિત કરીશું. પરંતુ કોરોનાને કારણે મહારાષ્ટ્ર સરકાર દ્વારા ૧૫ એપ્રિલથી જ લોકડાઉન જેવી સ્થિતિ જાહેર કરવામાં આવી. એટલે અમારા માટે અંક તૈયાર કરવાનું, પ્રિંટીંગ અને પોસ્ટીંગ કરવાનું શક્ય ન બની શકે એમ હતું. એટલે અમોએ સમયને અનુરૂપ નિર્ણય લઈ વિશેષાંકને પાંચમી મે – ૨૦૨૧ના પ્રકાશિત કરવાનું નક્કી કર્યું.

હવે સુધર્મા પાટોત્સવ પરિપૂર્ણ થયો અને પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. અચલગચ્છાધિપતિ પદે બિરાજમાન થયા છે એટલે આ અંકમાં પદપ્રદાન મહોત્સવનો અહેવાલ તથા ફોટોગ્રાફ પણ પ્રકાશિત કરી રહ્યાં છીએ.

પૂજ્ય મહારાજ સાહેબને પ્રથમ વખત મળતા પહેલા હું થોડોક ક્ષોભ પણ અનુભવી રહ્યો હતો કે તેઓશ્રી મારી સાથે કઈ રીતે વર્તશે તથા મને કેટલો સમય અને કેટલી માહિતી અને માર્ગદર્શન આપશે ? એમની સાથેની મુલાકાતથી મને તેમના જ્ઞાન, કૌશલ્ય, દૂરંદેશી, વિનમ્રતા, તીવ્ર સ્મરણ શક્તિ તથા ઉચ્ચ ભાષાનો અનુભવ થયો. જે મારા જીવનનો યાદગાર પ્રસંગ બની રહેશે. પૂજ્યશ્રીએ મને જરૂરી સમય અને સંપૂર્ણ માહિતી આપી. આપણી ક. દ. ઓ. જ્ઞાતિ સો ટકા અચલગચ્છની પરંપરા સાથે જોડાયેલી છે. કે.વી.ઓ., ગુર્જર જ્ઞાતિ તથા અન્ય રાજસ્થાની જ્ઞાતિઓ અચલગચ્છની પરંપરાથી જોડાયેલી છે સાથે સાથે બીજા ગચ્છો સાથે પણ સંલગ્ન છે. એટલે ગચ્છાધિપતિ પદ પ્રદાન એ આપણી ક. દ. ઓ. જ્ઞાતિ માટે ખૂબજ મહાન અવસર ગણાય. આપણે સૌ કે.ડી.ઓ.એ અચલગચ્છાધિપતિ પ. પૂ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. વિશે વધુ જાણવું જ જોઈએ.

અચલગચ્છ એ જૈન ધર્મની એક શાખા છે જે વિધી અને મૂર્તિપૂજામાં માને છે. આ શાખા ૯૦૦ થી ૯૫૦ વર્ષ જેટલી પ્રાચીન છે જેનો રાજસ્થાનમાં ૯૦૦/૯૫૦ વર્ષો પૂર્વ પ્રારંભ થયો હતો. જૈન સિદ્ધાંત માને છે કે જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર્ય દ્વારા શ્રાવક મોક્ષ માર્ગનો અનુગામી બને છે. અહિંસા અને આરોગ્ય પણ જૈન પરંપરાના મુળભૂત સિદ્ધાંતો છે.

મેં શ્રી હેમચંદ્રસાગરજી મ. સા. પાસેથી આચાર્યશ્રી વિશે અપાર માહિતી મેળવી. એમના વિશે જાણીને મને ખૂબજ આનંદ થયો તથા આવી જ્ઞાની છતાં સાદગીપૂર્ણ વ્યક્તિ ગચ્છાધિપતિ પદે બિરાજમાન થાય છે. પૂજ્યશ્રી જૈન સિદ્ધાંતોના ઊંડા અભ્યાસુ છે અને મને અનેક અઘરી બાબતોની જાણકારી ખૂબજ સરળ ભાષામાં આપી જેથી હું સમજી શકું.

પ. પૂ. આ. ભ. એ ધર્મ ધ્યાનમાં વૃદ્ધિ લાવવા તથા ધર્મને લોકોપયોગી બનાવવા પાંત્રીસથી વધુ છરી પાલક સંઘોને માર્ગદર્શન તથા પ્રોત્સાહન આપ્યું છે. તેઓશ્રી અનેક અહિંસા રેલીઓ, અહિંસા સંમેલનો તથા જૈન સાહિત્ય સમારંભોના આયોજક રહ્યાં છે. તેઓશ્રીએ હૈદરાબાદ સ્થિત અલકબીર કતલખાના અને દેવનાર કતલખાનાદિ વિરૂદ્ધ ૩ મોટા સંમેલનો પણ યોજ્યા છે.

વર્તમાનમાં મોટા ભાગે કચ્છ તથા અન્ય કેટલાક પ્રદેશોમાં જ અચલગચ્છ પ્રવૃત્તિમય છે. પરંતુ પૂજયશ્રીની ભાવના છે કે અચલગચ્છને કચ્છથી બહાર દેશભરમાં વિકસિત કરવું. આચાર્યશ્રીએ અચલગચ્છના સંપૂર્ણ ઈતિહાસનો તથા એના વિકાસ અને પતન એમ બન્ને બાબતોનો ઉંડો અભ્યાસ કર્યો છે, એટલે જ તેઓ હવે એને વિકસિત કરવા સંકલ્પબદધ છે. તેઓશ્રી નવયુવાનોને વધુ પ્રમાણમાં આકર્ષિત કરી તેમને જૈન પરંપરા અને સંસ્કારોથી અવગત કરાવવા ઈચ્છે છે. આચાર્યશ્રીએ અનેક પ્રાચીન ગ્રંથોનો અભ્યાસ કર્યો છે તથા અલગ અલગ ગોત્રો વિશે પણ સંશોધન કર્યું છે. પ્રાચીન દેરાસરોનો હેરિટેજ વારસો જળવાઈ રહે તથા દેરાસરોના જીર્ણોદ્ધાર થાય તે માટે સમિતિ બનાવવાની તેમની ઈચ્છા છે. તેઓશ્રી નીકટના ભવિષ્યમાં અચલગચ્છ યુવા પરિષદનું આયોજન વિચારી રહ્યાં છે. તેમણે કહ્યું કે આજનો યુવાન બુદ્ધિશાળી તથા કુશળ છે, જો તેને યોગ્ય

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી શાહ

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

**વૉલ્યુમ : ૦૧, અંક : ૧૩, તા. ૦૫-૦૫-૨૦૨૧**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**

**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**
આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

તક આપવામાં આવે તો યુવાશક્તિ ચમત્કાર સર્જી શકે તેમ છે. જૂના ટ્રસ્ટીઓએ સાથે રહી માર્ગદર્શન સાથે યુવાનોને સુકાન સોંપવું જોઈએ અનુભવી વરિષ્ઠોએ સલાહકાર બની યુવાઓને વિકસિત થવા મોકો આપવો જોઈએ એવું તેઓ માને છે.

પૂજ્યશ્રીએ જણાવ્યું કે યુવાઓ સાથે ધર્મ વિશે તેમને સમજાય એવી ભાષામાં વાત કરવી જરૂરી છે જેથી તેઓ તેને સમજીને આપણા ધર્મનું સરળતાથી પાલન કરી શકે. જૈન ધર્મ અહિંસા અને જીવન વિજ્ઞાન ઉપર આધારિત છે. તેઓ અચલગચ્છમાં પ્રસરેલી નકારાત્મકતા દૂર કરવા ઈચ્છુક છે. તેમણે કહ્યું કે અચલગચ્છ એ જૈન ધર્મનો જ વિભાગ છે. તેઓ માને છે કે જૈન ધર્મનો વિસ્તાર કરવા વધુ ધર્મ જ્ઞાન આજના યુવાનો સાથે ચર્ચવું જોઈએ, વહેંચવું જોઈએ. શ્રાવક-શ્રાવિકાઓએ તેમના સંતાનોને ગુજરાતી શીખવાડવું જોઈએ જેથી તેઓ આપણા ધર્મ અને સાહિત્યમાં રસ લેશે અને આપણી માતૃભાષા પણ બચી શકશે.

મેં તેમને અનેક પ્રશ્નો પૂછ્યા અને તેમણે ખૂબજ સંતોષદાયક ઉતરો આપ્યા જેનાથી હું જે તે વિષયો અંગે વધુ માહિતગાર બન્યો. ધર્મ શિક્ષા, ધર્મ આરાધના અને ધર્મ પ્રચાર એ ત્રણે બાબતો સમાન રીતે મહત્વની છે એમ તેમણે જણાવ્યું. તેમણે ઉમેર્યું કે ધર્મશિક્ષા એ પાયાની બાબત છે. એટલે જે શ્રાવક - શ્રાવિકાઓ એનો યોગ્ય અભ્યાસ કરશે તેઓ ધર્મની આરાધના સરળતાથી કરી શકશે. એટલે બધા શ્રાવક - શ્રાવિકાઓએ તેમના બાળકોના સંસ્કાર ઘડતર માટે પાઠશાળામાં અવશ્ય મોકલવા જોઈએ. ધર્મપ્રચાર પણ જાગૃતિ કેળવવા અને હકારાત્મકતા વિકસિત કરવા જરૂરી છે. સાધુ - સાધ્વીઓએ ચોક્કસ મર્યાદાઓ પાળી, પોતાની આરાધનાઓ કરીને અને જૈન ધર્મની માર્ગદર્શિકા મુજબ ધર્મપ્રચાર કરવો જોઈએ.

જૈન સાધુ મહારાજોના વાહનમાં તથા વિદેશમાં પ્રવાસ અંગેના મારા પ્રશ્નના ઉતરમાં તેમણે ખૂબજ સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે, જૈન ધર્મના પ્રચાર માટે જો વાહનોનો ઉપયોગ કરવામાં આવશે તો મહારાજ સાહેબો ભૌતિકવાદી બની જશે, જે જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોની વિરૂદ્ધ છે. ગંભીર માંદગી વખતે આરોગ્યલક્ષી સેવા માટે જરૂરી હોય તો વાહન વાપરવું જોઈએ. વયોવૃદ્ધ સાધુઓ કે જેમને ચાલવામાં તકલીફ છે, તેઓ વર્ષોથી વ્હીલચેરનો ઉપયોગ કરી જ રહ્યાં છે. ધર્મપ્રચાર માટે યુવા મુનિ - સાધુઓની તાલીમ વિશેના મારા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું કે આ અંગે તેમની પાસે આયોજન તૈયાર છે. વિદેશમાં જૈન ધર્મના પ્રચાર વિશે તેમણે કહ્યું કે અત્યાર સુધી જે પ્રયાસો થયા છે તે નાના ગ્રુપમાં જ પરિણમ્યા છે. મોટા પાયે વિકાસ થયો નથી.

પ્રકાશ સમીક્ષાએ ક.દ.ઓ. જ્ઞાતિજનોને નૂતન અચલગચ્છાધિપતિ વિશે જણાવવાનો નમ્ર પ્રયાસ વિશેષાંક રૂપે કર્યો છે. આ અંકના પ્રકાશન માટે માહિતિ અને માર્ગદર્શન તથા પીઠબળ પુરું પાડનારા સૌનો આ સ્થળેથી આભાર માનું છું. જિનાજ્ઞા વિરૂદ્ધ કશું લખાયું હોય તો મિચ્છામિદુક્કડમ્.

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ
આયોજિત શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘના સથવારે
૭૮ મી પાટે પધારે છે સૂરિરાજા
જેઓ સદાય છે તત્ત્વભાજા,
જેઓની વાત્સલ્યતાની ભીનાશમાં
ભીંજાય છે ભક્તો જાજા
એવા





સંઘકૌશલ્યાધાર, અચલગચ્છનાયક, પ.પૂ. આ.ભ.

# શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ને

શ્રી સુધર્મા પાટોત્સવ અચલગચ્છાધિપતિ પદ પ્રદાન સોલ્લાસ સંપન્ન


વિ.. સ. ૨૦૭૭ ચૈત્રસુદ ૧૧ ગુરુવાર તા. ૨૨-૪-૨૦૨૧ નો મંગલકારી દિવસ

|| ભૂમિકા ||

અનંતા તારક પંચપરમેષ્ઠિ ભગવંતો, ચરમતીર્થપતિ પરમાત્મા શ્રી મહાવીરદેવ, ગ. ગૌત્તમસ્વામિ ભ. પ્રથમ પટ્ટધર શ્રી સુધર્માસ્વામિ ભ. વિધિપક્ષ અચલગચ્છના આદ્ય પટ્ટધર દાદા ગુરુદેવ શ્રી આર્યરક્ષિતસૂરિ જયસિંહસૂરિ-ધર્મઘોષ-મહેન્દ્ર-મેરૂતુંગ-ધર્મમૂર્તિ-કલ્યાણસાગરસૂરિજી તત્પરંપરામાં ૭૫ મા પટ્ટધર કચ્છ હાલાર દેશોદ્ધારક, ક્રિયોદ્ધારક અ. ગ. ભ. શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.



કચ્છ દેઢિયારત્ન ભારતદિવાકર અ.ગ.પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા, તપચક્રવર્તી જિનશાસન શિરોમણી, અ.ગ.પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની દિવ્યકૃપા-દિવ્યાશિષે સરળ સ્વભાવી ૧૯ મા વર્ષીતપધારક પ.પૂ. આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. ની મંગલ શુભેચ્છા, જયોતિષાચાર્ય પ.પૂ. આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના મંગલ સ્મરણે તથા પ્રખર પ્રવચનકાર પૂ. મુનિશ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા., નિજાનંદી



પૂ. મુનિશ્રી રાજરત્નસાગરજી મ.સા., વૈયાવચ્ચ નિપુણ મુનિ પુણ્યોદયસાગરજી મ.સા. આદિ વિશાળ મુનિવૃંદ ઠાણા ૪૫ની મંગલકામનાઓ તથા પ્રવર્તિની મહત્તરા મુખ્યા સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. આદિ સાર્ધદ્વિ શતાધિક ૨૬૩ થી અધિક વિશાળ શ્રમણી વૃંદની અંતરકામના-શુભેચ્છાઓ સહ તથા...

**આ પ્રસંગે ઉપસ્થિત મુખ્ય મહાત્માઓ :** આગમદિવાકર પૂ. આ. ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા., જિનવાણી જાદૂગર પ.પૂ. મુનિશ્રી કમલપ્રભસાગરજી મ.સા.,દક્ષિણ ભારત રત્ન પ.પૂ. મુનિશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા., ધ્યાન યોગી મુનિશ્રી ઉદયરત્નસાગરજી મ. સા., મધુરકંઠી મુનિશ્રી મુક્તિરત્નસાગરજી મ.સા, વર્ષીપતપાધક પૂ. મુનિશ્રી તીર્થરત્નસાગરજી મ.સા., યુવા પ્રવક્તા પૂ. મુનિશ્રી મેઘરક્ષિતસાગરજી મ.સા. જ્ઞાનાભ્યાસી પૂ. મુનિશ્રી આગમોદયસાગરજી મ.સા., આદિ વિશાળ શ્રમણ વૃંદ તથા વ્યવહાર-વિનય-વિચક્ષણ પ.પૂ. સા. શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા, વર્ધમાન તપોનિધિ પ.પૂ. સા. શ્રી હર્ષગુણાશ્રીજી મ.સા. વર્ધમાન તપોનિધિ પ.પૂ. સા. શ્રી નયપૂર્ણાશ્રીજી મ. સા., જોશીલા પ્રવચનકાર સા. સુશીલગુણાશ્રીજી મ.સા, કાર્યકુશલ હિરણ્યગુણાશ્રીજી મ.સા., પૂ. સા. નયદર્શનાશ્રીજી મ.સા. પૂ.સા. શ્રી ચારુદર્શનાશ્રીજી મ.સા., પૂ.સા. અર્હંકિરણાશ્રીજી મ.સા, પૂ. શ્રી નીતિગુણાશ્રીજી મ.સા., પૂ.સા. વિશ્વકીર્તિશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી અનંતકિરણાશ્રીજી મ.સા., પૂ.સા. દિવ્યપૂર્ણાશ્રીજી મ.સા., પૂ.સા. અમીવર્ષાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી પરહિતપૂર્ણાશ્રીજી મ.સા. પૂ. સા.શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી વાચંયમાશ્રીજી મ.સા. આદિ શતાધિક વિશાળ સંખ્યક શ્રમણી વૃંદના શુભંકારીસાનિધ્યે શ્રી સિદ્ધચક્ર આરાધના સહ પદ પ્રદાન નવાહ્નિકા મહોત્સવ અંતર્ગત પંચમદિન સાધુપદની આરાધનાના દિવસ.. ચૈત્ર સુદ ૧૧ ગુરૂવાર તા. ૨૨-૪-૨૦૨૧ના....

## અચલગચ્છના ગગનાંગણે છવાયો ઉમંગ, ગચ્છાધિપતિ પદ પ્રદાનનો ઉજવાયો પ્રસંગ

આજની રૂડી રળિયામણી મંગલ સુપ્રભાતે પ્રાયઃ ૮.૧૫ કલાક આસપાસ અચલગચ્છનાયકશ્રીના ગુરૂબંધુઓ, શિષ્યો, પ્રશિષ્યો, ગુરુભક્તો દ્વારા હૈયે હરખ, નયને નેહ, અંતરે આનંદ સહ ગરવા ગચ્છનાયક સૂરિરાજને સુશોભિત ખુરશીમાં બિરાજમાન કરી ગુરુજી અમારો અંતરનાદ... જુગજુગ જીવો હે સૂરિરાજના સુમધુર નાદોના ગુંજારવ સહ માટુંગા સંઘની શેઠ નારાણજી શામજી વાડીના પ્રથમ મજલે હોલમાં સંગીતની સૂરાવલી વચ્ચે મંગલ પ્રવેશ થયો... બંને સૂરિભગવંતો એ સુશોભિત નયનરમ્ય, નાણમાં બિરાજીત પ્રભુઓને ભાવથી ત્રણ પ્રદશિણા આપી ત્યાર બાદ રાષ્ટ્રસંત અ.ગ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિજી અને તપચક્રવર્તિ અ.ગ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિજીને ચતુર્વિધ સંઘ સહ વંદનવિધિ જયનાદ સહ તથા અ.ગ.નાયકશ્રીને ને આગમાભ્યાસી સૂરિજીને વંદનવિધિ બાદ માંગલિક શ્રવણ અને હવે પૂ. આગમદિવાકર મહોદયસાગરસૂરિજીએ સકલ વિશ્વની મંગલ ભાવના સહ ત્રણ નવકાર સમૂહમાં ગણાવી ગચ્છાધિપતિપદ પ્રદાનની કલ્યાણકારી ક્રિયા શરૂ કરાવી... દેવવંદન... શાસનરક્ષક દેવદેવીઓનું સ્મરણ કરતા અનુક્રમે નંદીસૂત્રના મંગલમય શ્રવણ બાદ ગચ્છનાયકસૂરિજીના જમણા કાનને ચંદનથી વિલેપન કર્યા બાદ આગમદિવાકર સૂરિજીએ કાનમાં મંત્રોચ્ચાર કરેલ અને અ.ગ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરિજી મ. સાહેબે જે સૂરિમંત્રના પટ્ટમાં આરાધના કરેલ તે પટ્ટ પરંપરાએ આજે નૂતન ગચ્છાધિરાજને આ. મહોદયસાગરસૂરિ, પૂ, કમલપ્રભસાગરજી મ.સા., મહાનિશીથ યોગધારી આદિ મુનિ ભ. દ્વારા અર્પણ થયેલ. નૂતન અ.ગ.શ્રી એ નાણ સમક્ષ ૧/૧ પ્રદક્ષિણા આપતા વિશાળ ચતુર્વિધ સંઘે વાસક્ષેપ-અક્ષતથી વધામણા કરેલ. પ્રત્યેક મુનિવરો, પ્રત્યેક સાધ્વીજીઓ અને ઉપસ્થિત તમામ શ્રાવક શ્રાવિકાઓ, નરેન્દ્ર નંદુ ત્રિપુટી બંધુઓ સહ બધાએ નૂતન ગચ્છાધિપતિરાજને હૈયાના હરખ સહ ઉછળતા અહોભાવે કેશરીયા મંત્રિત અક્ષતથી વધામણા કરેલ. ત્યારબાદ ત્રણવાર નામ સ્થાપનવિધિ થયેલ.

## પૂ. નૂતન ગચ્છાધિપતિ આ. ભ. નું ગુરૂપૂજનાદિ લાભાર્થીઓ :

અચલગચ્છાધિપતિ પદનો ચાંદીની ફ્રેમમાં કોતરેલ સ્મૃતિ કાસ્કેટ પ્લેટ અ.ભા.અ.ગ. સંઘના પ્રમુખશ્રી રતનલાલજી વડેરાએ એ પટ્ટ સ્વહસ્તે પદ પ્રદાન સમિતિના કન્વીનર શ્રીયુત રવિલાલભાઈ, વા. કન્વીનર શ્રી વિરાટભાઈને અર્પણ કરેલ અને તે

બંને પુન્યવંતોએ ૯/૯ લક્કી ડ્રો દ્વારા મહાન લાભને પ્રાપ્ત કરનાર પુન્યશાળી શ્રીસંઘો તથા પરિવારો પૈકી અચલગચ્છાધિપતિપદની ઉદ્‌ઘોષણા પટ્ટનું વાંચન કરવાના મહાન લાભાર્થી શ્રી ડોણ શ્વે. મૂ. જૈન સંઘ વતી શ્રી વિજયભાઈ માલશીએ પટ્ટનું વાંચન કરી એ નૂતન પટ્ટ નૂતન ગચ્છાધિપતિને અર્પણ કરેલ. નૂતન સિંહાસન પર બિરાજમાન કરવાનો લાભ માતુશ્રી કેશરબેન તલકશી ગોસર-માતુશ્રી મીઠીબાઈ વેરશી ગોસર (દેવપુર-ચેન્નઈ) (ખાસ વિમાન દ્વારા ચેન્નઈથી ગુરુભક્ત રમેશભાઈ આવેલ.) ત્યારબાદ નવકાર મંત્રનિષ્ઠ વિધિકાર સુશ્રાવક નરેન્દ્રભાઈ નંદુએ પોતાની આગવી સૂઝબૂઝ-કાર્યકુશલતાએ નં. ૧ થી ૭૮ ના અંક સુધીના ૧/૧ નંબર પ્રમાણે સાહિત્ય દિવાકર સૂરિજીના જીવનમાં રહેલ અદ્‌ભૂત અદ્‌ભૂત ગુણોવૈભવના ખજાનાને પ્રાસ ગોઠવી અને એનું વાંચન કરી સૌને આશ્ચર્ય ચક્તિ કરેલ. ખરેખર નરેન્દ્ર 'ભા'ની આવી બુદ્ધિમત્તાને સૌએ અંતરથી અભિનંદન - ધન્યવાદ આપેલ.

ત્યારબાદ જિનવાણીના જાદુગર રાજસ્થાન મારવાડથી ઉગ્રવિહારે પધારેલ મુનિશ્રી કમલપ્રભસાગરજી મ.સા.નું પ્રવચન શરૂ થયેલ.

## આ અવસરે મુનિશ્રી કમલપ્રભસાગરજીનું પ્રવચન :

પૂજ્યશ્રીએ જણાવ્યું કે પરમ કૃપાળુ પરમાત્માની અસીમ કૃપા વરસતી હોય ત્યારે આવા અવર્ણનીય અદકેરા, આનંદદાયક, અદ્‌ભૂત અવસરની પ્રાપ્તિ થાય છે. ભલાઈના કામ કરવા સહેલા નથી... ભલાઈ કે ભાલા મલેં... તો એ માટે તુલા રાશિને પસંદ કરેલ. આવા વિરાટ કાર્ય કરવા માટે વિરાટભાઈ, રવિભાઈની જુગલજોડીના શિરે જવાબદારી સોંપાઈ તેમને સિંહ રાશિનું બળ મળવા રૂપે શ્રી માટુંગા સંઘ અને મોહનભાઈ મણસીનું પીઠબળ મળ્યું... આવા હેવી ભારે કામ માટે ગુરુભક્ત હોંસીલા વરિષ્ઠ ઉ.પ્ર. શ્રી હેમચંદ મુરજી ગડા, હરખચંદ ગંગર, નયનભાઈ ભેદા, વિશનજીભાઈ મારૂ વિગેરે દાનવીર, ઉત્તમ મહાનુભાવોનો સંયોગ સમન્વય મળતાં પદ પ્રદાનની કાર્યશીલતા આગળ ધપતી ગઈ...

નવાવાસ ગામ-દાદાશ્રી શાંતિનાથ, સાવલા ગોત્ર રત્નકુક્ષી માતા પ્રેમકુંવરબાઈ, પિતા રતનશીભાઈ, લઘુબંધુ તથા ભગીનીઓ, ભરતભાઈ, મંજુલાબેન, પ્રવીણાબેનના પુન્યવંત પરિવારે કિશોરકુમાર અવતરણ... માતાજીએ સિદ્ધોસિ... બુદ્ધોસિ... નિરંજનોસિ.... બેટા તારે શુદ્ધ-બુદ્ધ નિરંજન થવાનું છે... આવા સુંદર સંસ્કારોનું અવતરણ થતા આ કિશોરકુમાર અનુક્રમે મુમુક્ષુ કિશોર, મુનિ કલાપ્રભસાગરજી, ગણિવર્ય, ઉપાધ્યાય, આચાર્યપદ, ગચ્છનાયક પદ અને ગચ્છાધિપતિ પદની ખૂબ વિસ્તૃત રીતે બાલ્યવયના મીઠા મધુરા... ખટા-મીઠા અનુભવો સંસ્મરણો સંભળાવી સૌની આંખો ભીની ભીની કરાવેલ. કચ્છ બાડા ગામે પૂ. મુનિ કીર્તિસાગરજી મ.સા. કે જેઓને અનેક આગમો પદાર્થો કંઠસ્થ તેઓશ્રીની નિશ્રામાં ચાતુર્માસ રહેતા બાડા ગામે એક દિવસ ૧૮ કે ૧૯ વર્ષના મુનિશ્રીને કીર્તિસાગરજી મ. કહ્યું આજે વ્યાખ્યાન તમારે વાંચવાનું છે તે દિવસથી સુધર્માસ્વામિની પાટે બિરાજી વીસ મુનિશ્રી અનુક્રમે ગચ્છમાં યોગોદ્વહન પણ ચિંતામણી પાર્શ્વ ગોરેગામ મુકામે શરૂ કરી... ત્યારથી લઈ આજ દિવસ સુધી એજ પાટે પ્રવચન કરતા ગચ્છના પ્રત્યેક પૂર્વાચાર્યોની સુવિહીત ઉજ્જવળ પરંપરાને સ્વમુખે પ્રસારણ પ્રચારણ અંતરના બહુમાન ભાવે કરતા કરતા આજે આવા ગૌરવવંતા પદ પર આરૂઢ થવા જઈ રહ્યા છે ત્યારે પોતાના સ્વર્ગસ્થ ગુરુદેવ અ.ગ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરિજી મ.સા., તપચક્રવર્તિ અ.ગ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિજી મ.સા.ની કૃપાએ તેઓશ્રીની નિશ્રામાં થયેલ જીવનનું સુંદર સુદૃઢ -ઘડતર આજે બીજમાંથી વટવૃક્ષ રૂપે મ્હેકી ઉઠ્યું. એ ઉપકારીઓનું પૂ. ગુરુદેવે સ્મરણ કરાવેલ તથા સંયમના સાથી સરળાત્મા પૂ. આ. કવીન્દ્રસાગરસૂરિ મ., દિવંગત પૂ. ગુરુદેવના પરમ મિત્ર પૂ. આ. વીરભદ્રસાગરજીસૂરિ મ.સા., પૂ. માતૃહૃદયા -ગુરુમૈયા પુણ્યોદયશ્રીજી મ.સા.ની ચતુરાઈ ભરી સતત પ્રેરણા-પ્રોત્સાહને કિશોરમાંથી કલાપ્રભસાગરજી બન્યા... આ બધા ભૂતકાલીન.. વર્તમાનકાલીન મધુરા, નયનો ભીના થાય તેવા સંસ્મરણોને તાજા કરેલ. સ્વર્ગસ્થ ઉપકારી ગુરુદેવ, ગુરુબંધુ-સહ સંયમી વિ. મહાત્માઓનો દિવ્યાત્મા જયાં હશે ત્યાં કેવો આનંદ આનંદમાં મ્હાલી રહ્યો હશે.. પૂ. મહાભદ્રસાગરજી મ.સા. સર્વોદય -દેવરત્નસાગરજી આદિને પણ આજે યાદ કર્યા વગર રહી ન શકાય. આજે તા. ૨૨-૪-૨૦૨૧ છે તો એ તારીખની અંક પ્રમાણે પરમાત્મા ગુરુવર્યોનું ખૂબ યુક્તિપૂર્વક સંસ્મરણ કરાવી પૂજ્યશ્રીએ

ગુરુકૃપાએ પ્રાપ્ત કુશાગ્ર બુદ્ધિમત્તા દ્વારા સૌને ભાવવિભોર કરેલ.

અંતે મારા ગુરુદેવ નૂતન ગચ્છાધિરાજ શુકલ પાક્ષિક બની સ્વજીવને ખૂબ આગળ વધે... શાસન રક્ષક દેવ-દેવીઓને ૪/૪ જ્ઞાતિ ઘટ્ટકોથી જોડાયેલો આ સંઘ ખૂબ ફુલેફાલે અને ભવતુ ભવતાં મહોદયો... ની ધૂન બોલાવતા અંતે નરેન્દ્રભાઈ નંદુ અને ત્રિપુટી બંધુઓની પણ નામની સાર્થકતા યર્થાથતાને વર્ણવી મુનિશ્રી કમલપ્રભસાગરજીએ પ્રવચનને વિરામ આપેલ...

## વિવિધ લાભાર્થીઓએ ઉછળતા ભાવે લાભ લીધો :

ત્યારબાદ પ્રથમ ગુરુપૂજનનો લાભ માતુશ્રી વિમળાબેન વશનજી પાલણ બૌઆ-તુંબડી, સુવર્ણાક્ષરી સૂરિમંત્રની પોથી અર્પણ કરવાનો લાભ : શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન (મુંબઈ), વાસક્ષેપનો બટુઓનો લાભ રતનલાલ દેવીચંદજી વડેરા-બાડમેર - શ્રી અ.ભા.અ.ગ. સંઘના પ્રમુખ, કામળી વહોરવવાનો લાભ શ્રી લાયજા જૈન મહાજન, નવકારવાળી વહોરાવવાનો લાભ માતુશ્રી મણીબાઈ રામજી ગાલા-દેવપુર તથા માતુશ્રી ખેતબાઈ રતનશી સાવલા-નાગ્રેચાવાલા, સ્થાનપચાર્યનો લાભ-માતુશ્રી બબરીદેવી રીખબદાસજી પડાઈયા (બાડમેર) અને પાત્રા વહોરવાવાનો લાભ -શ્રીકલીકુંડ પાર્શ્વનાથ જૈન સંઘ સાંતાક્રુઝ (ઈસ્ટ) ... આ રીતે ૨ લાખ ૭ હજાર રૂા. ના અનુદાનના શતાધિક લાભાર્થી પરિવારો શ્રી સંઘો પૈકી પુન્યવંતા ૯ પરિવારોને આ ઐતિહાસિક મહાન લાભ મળતા દરેક પરિવારો સંગીતના સથવારે આનંદ વ્યક્ત કરતા કરતા માથે છાબ ધારણ કરી સ્ટેજ પર આવી નૂતન ગચ્છાધિપતિરાજને તે તે ઉપકરો અર્પણ કરી સૌએ ધન્યતા અનુભવેલ....

## મુનિશ્રી ગુણવલ્લભસાગરજીનું પ્રવચન :

ત્યારબાદ પૂ. મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.એ હૈયાના ભાવો વ્યક્ત કરતા કહ્યું કે, યે તો સીર્ફ ઝાંખી હૈ ગચ્છાધિપતિસૂરિજીકી આજ્ઞા મેં જીના તો બાકી હૈ.. અને એક જ ગુરુદેવના બે/બે શિષ્યો ગચ્છપતિ બન્યા હોય તેવું પૂર્વે સિધ્ધાંતસાગરસૂરિજીના શિ.અ.ગ.આ.ભ. શ્રી ભાવસાગરસૂરિ અને અ.ગ.આ.ભ. ગજસાગરસૂરિ થયા તે પછી અ.ગ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા. ના શિષ્યો ૭૭/૭૮ માં ક્રમમાં અ.ગ.આ. ગુણોદયસાગરસૂરિ અને અ.ગ.આ.કલાપ્રભસાગરસૂરિ... આ રીતે ગચ્છની સમુજ્જવલ યશોગાથાનું સ્મરણ કરાવેલ...

## આ. મહોદયસાગરસૂરિજીનું માર્મિક પ્રવચન :

ત્યારબાદ આગમદિવાકર સૂરિજીએ કહ્યું, તિત્થયર સમો સૂરિ... સંબોધસિત્તરી ગાથાને જણાવી પ્રભુ શાસનમાં તીર્થંકર તુલ્ય આચાર્ય ભગવંતોને જણાવ્યા છે. હવે એમની આજ્ઞાને ખૂબ ખૂબ મહત્વ -માન હૃદયથી આપી આપણે આપણી આરાધનામાં આગળ વધવાનું છે. આ રીતે પ્રસંગોપાત હિતોપદેશ આપી પ્રવચનને વિરામ આપેલ. અને કહ્યું કે મને આજે પદ પ્રદાનની ક્રિયા કરાવવાનો અનાયાસે લાભ મળ્યો. આ લાભ આ. કવીન્દ્રસગરસૂરિજીએ મ.ને મળવાનો હતો પણ તેઓ સંયોગોનુસાર ન પધારી શક્યા. જેથી મને તો બગાસું ખાતા પતાસું મળવા તુલ્ય લાભ મળ્યો. તેનો અનહદ આનંદ અને ગૌરવ વ્યક્ત કરેલ. ગચ્છાધિપતિપદ જેટલું મહાન તેટલું જ કાંટાળા તાજ સમાન છે. આપણે સૌએ પૂજ્યશ્રીને સાથ સહકાર આપી આજ્ઞાનું બહુમાનપૂર્વક સ્વીકાર કરી તેઓશ્રીને ચિંતામુક્ત કરવું એ હવે આપણ ચતુર્વિધ સંઘનું પરમ શ્રેષ્ઠ કર્તવ્ય બની રહેશે....

## નૂતન અચલગચ્છાધિપતિશ્રીના પ્રેરક પ્રવચનનો સારાંશ :

પ્રસંગની પૂર્ણતામાં સમયની સરિતા તો સરકી જ જતી હતી છતાં પ્રસંગને અનુરૂપ નૂતન અચલગચ્છાધિપતિશ્રીએ ગદ્‌ગદ્ હૈયે પોતાના હૃદયના ભાવોએ જણાવ્યું કે આજે મને ગુરુકૃપાએ મારામાં પાત્રતા નથી છતાં જવાબદારી ભર્યું પદ સ્વીકારવા મળેલ છે... તમારા સૌના સહકારે હું એ પદને નીભાવવાને યોગ્ય થઈશ. સંયમ સ્વીકાર્યું ત્યારથી લઈ આજ દિવસ સુધી મારાથી બાલસ્વભાવવશ જે કાંઈ અવિનય, ભૂલો થઈ હોય તેની તારકશ્રી ચતુર્વિધ સંઘ સમક્ષ ક્ષમા માગું છું... પૂ. ઉપકારી ગુરુદેવ-ગુરુ

બંધુ સાથે રહી જીવનમાં જે જે અનુભવો અવસરે યોગ્ય નિર્ણયાત્મક શક્તિઓ ગુરુકૃપાએ મેળવી છે તે બધાના ફળ-સ્વરૂપે અને ગચ્છના પૂર્વાચાર્યો પ્રત્યે આજ દિવસ સુધી મને જે અંતરમનથી શ્રદ્ધા-ભક્તિ બહુમાનભાવ છે એ બધાના ફળ સ્વરૂપે હવે મારા પર આવેલી આ મહાન જવાબદારીઓને હું વહન કરીશ. પદને વફાદાર રહીશ. સૌને યોગ્ય રીતે ન્યાય મળે, સૌનું તે તે અવસરે ચતુર્વિધ સંઘનું ઔચિત્ય જળવાઈ રહે તેવા જ પ્રયત્નો કરતાં ગચ્છની સફળ ધુરાને વહન કરવા સક્ષમ બનું તેવા સૌ મને શુભ ભાવો અર્પજો... છેલ્લા ૩ ગચ્છાધિપતિશ્રીજી પ્રત્યે અપૂર્વ માન ગૌરવ છે પણ પૂ. દાદા ગૌતમસાગરસૂરિજીએ ૧૩૦ વર્ષો પૂર્વે પુનઃપ્રસ્થાપન ગચ્છનું કરી ઘણું જ સહન કરી ગચ્છને સુવિહીત દીશા બતાવેલ... આવા શુભ ભાવો અને શ્રી સંઘ ઉત્કર્ષ-વિકાસના ઉમદા મનોરથો ગચ્છાધિપતિરાજે જણાવી પ્રવચનને વિરામ આપેલ. સમયની ખૂબજ પાબંદીના કારણે હજી ઘણા ભાવો વ્યક્ત કરવાના હતા પણ ત્યારે તે સમયે શક્ય ન બન્યા... પરંતુ બપોરે મુનિ ભગવંતોની વાચના દરમ્યાન નૂતન ગચ્છાધિપતિશ્રીએ ખૂબ સરળતા – નમ્રતા ગુણાનુરાગિતાપૂર્વક સૌની વચ્ચે જણાવ્યું કે આ. મહોદયસાગરસૂરિજી મહારાષ્ટ્રથી મને પદ પ્રદાનની ક્રિયા કરાવવા પધાર્યા. મારા લઘુ ગુરુ બંધુ છે. તેઓશ્રી ખૂબ વિદ્વાન, જ્ઞાનાભ્યાસી, આગમજ્ઞાતા, અધ્યાત્મભાવોમાં રમમાણ, પરમારાધક, સમત્વ સ્વભાવી મહાત્મા છે.... તેઓશ્રીના ગુણોની ગરિમાને વધારવા આજે મારા હૈયે ઉમદા ઉચ્ચ ભાવો જાગ્યા છે અને મારી ઈચ્છા મુજબ આજે હું તેઓશ્રીને પ્રશમરસનિધિ બિરૂદ અર્પણ કરું છું. યોગ્યની ઉપબૃંહણા કરવી એ આપણું કર્તવ્ય છે.

ગચ્છાધિપતિ પદ પ્રદાનનો નિર્ણય લેવાયો ત્યારથી લઈ આજ દિવસ સુધી ક.વિ.ઓ. મહાજનની પત્રિકામાં  જે જે જાહેરાતો અપાતી હતી તે અને આમંત્રણ પત્રિકામાં પણ જય જિનેન્દ્ર લિખિતંગનો લાખેણો લાભ માતુશ્રી કેશરબેન ટોકરશી સાવલા નવાવાસ-કાંદિવલી તથા શ્રીમતી ગીતાબેન રસીકભાઈ નાનજી શાહ-મેરાઉ-બાંદ્રાવાલા આ બંને દાનવીર ઉદારદિલ પરિવારોએ સુંદર લાભ લીધેલ તથા નવપદ ઓળીનો લાભ એક સદ્‌ગૃહસ્થ પરિવારે અને આજે અરિહંત ચેનલ પર લાઈવ પ્રસારણના લાભાર્થી સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ -સાંધવ -મુલુંડ પરિવાર રહેલ...

ગચ્છાધિપતિ પદના ધર્મોત્સવે પ્રગટ પ્રભાવી શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુનું મનહર સાનિધ્ય, શતાધિક સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રા, પ્રતિદિન મનવાંછિત પૂરક શ્રી સિદ્ધચક્ર આરાધના, નિત્ય નવપદના મહિમા ગર્ભિત પ્રવચનો, વિધિ વિધાન અને સંપૂર્ણ મહોત્સવનું સંચાલન શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને નંદુ બંધુ ત્રિપુટી, સંગીતકારો દ્વારા દેવ-ગુરુ-ભક્તિ હૃદયસ્પર્શી-મનમોહક રમઝટ, સમગ્ર મહોત્સવની વિડીયો ફોટોગ્રાફી You Tube Live પ્રસારણ હેતલ ફોટો આર્ટ - શ્રી મહેશભાઈ શાહ, કરણ શાહ રહેલ...

અને સુધર્મા પાટોત્સવ સરળ રીતે સમયાનુરૂપ ઉજવવા મુંબઈનું જાજરમાન સંઘ એટલે શ્રી માટુંગા કચ્છી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ.. કે જેમના હૈયે જાગ્યો ઉત્સવ ઉમંગ લાભ મળ્યાનો અનેરો ઉછરંગ, અ.ભા. અ. સંઘ સાથે માટુંગા સંઘ કિંગમેકર બની રહેલ છે. અહોભાગ્ય માટુંગા સંઘના કે શ્રી સંઘની નારાણજી શામજી વાડીએ સજાણાં નવલા સાજ, અને જયાં ગચ્છનાયક બન્યા અચલગચ્છાધિરાજ....

આ પાવન પ્રસંગના સાક્ષી બનવા શ્રીયુત રવિભાઈ, વિરાટભાઈ, રતનલાલજી, હેમચંદભાઈ, ચીમનભાઈ, વિનોદભાઈ, પ્રવિણભાઈ, મિશ્રિમલજી, જયંતભાઈ તથા અ.ભા.અ.ગ. સંઘની વ્યવસ્થાપક સમિતિના વૈયાવચ્ચ સમિતિના સભ્યો... ટ્રસ્ટીઓ અને સુધર્મા પાટોત્સવ પદ પ્રદાન સમિતિના સભ્યો, શ્રી માટુંગા સંઘના પદાધિકારીઓ ચેરમેન મોહનભાઈ, પ્રમુખ નવીનભાઈ, બન્ને મહાજનોના અગ્રણીઓ શ્રી હરખચંદભાઈ, નયનભાઈ, દીપકભાઈ, નલીનભાઈ, ભુપેન્દ્રભાઈ, જીતેન્દ્રભાઈ, પિયુષભાઈ, વિપીનભાઈ, પ્રીતેશભાઈ, કેવલભાઈ, બકુલભાઈ, વશનજીભાઈ મારૂ, બિપીનભાઈ, વશનજીભાઈ, શામજીભાઈ દંડ, પરેશભાઈ, મયુરભાઈ તથા ગચ્છનાયકશ્રીનાં સંસારી સ્વજનો અનેક ગુરુભક્તો શ્રાવક-શ્રાવિકાઓની સરકારી માન્ય ધોરણો છતાં અવસરોચિત સંખ્યામાં સૌ આંખ અંતરને ભીનું ભીનું બનાવી દેતા ગચ્છ ગૌરવવંતા પ્રસંગના સૌ સાક્ષી ધન્યાતિ ધન્ય બન્યા....

**'નિરખનારા સૌના હૈયે ઉછળ્યો આનંદનો મહાસાગર....**
**ગચ્છાધિપતિ  પ્રદાનનો માણ્યો મજાનો અવસર...'**

## મુંબઈમાં બિરાજમાન ગચ્છના શતાધિક શ્રમણ શ્રમણીઓની નિશ્રામાં શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ 'સુધર્મા પાટોત્સવ સમિતિ' શ્રી માટુંગા ક.મૂ. પૂ. જૈન સંઘ સહયોગથી માટુંગા નગરે અચલગચ્છાધિપતિ પદોત્સવની પૂર્વ તૈયારીઓ, શાનદાર રીતે ચૈત્રી સિધ્ધચક્ર ઓળી આરાધનાઓ, પાટલા પૂજનાદિ સહ ગચ્છાધિપતિ પદોત્સવ મહોત્સવ સાનંદ સંપન્ન

### માટુંગા નગરે પધરામણી

૭૬ મા પટ્ટધર શાસન સમ્રાટ, અચલગચ્છાધિરાજ પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર અને ૭૭ મા પટ્ટધર તપ ચક્રવર્તિ, અચલગચ્છાધિરાજ પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજના ગુરુબંધુ -૭૮ મા પટ્ટધર અચલગચ્છ નાયક પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., મધુરકંઠી પૂ. મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી, વૈયાવચ્ચ પ્રેમી પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરસાગરજી મ.સા., કાર્યદક્ષ મુનિશ્રી હેમચંદ્રસાગરજી, મોક્ષેશચંદ્રસાગરજી, કૌશલ્યપ્રભસાગરજી ઠા. ૬ ફા.વ. ૧ સોમવાર તા. ૨૯-૩-૨૦૨૧ ના સવારના (વર્તમાન કોવિડ નિમિત્તે નિયમાનુસાર) સસ્વાગત માટુંગા પધાર્યા. સવારે ૭.૩૦ કલાકે માટુંગા સંઘના મહામંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ દામજી ગાલા (મકડા) ને ઘરે પગલા સહ નવકારશીનો લાભ આપેલ. ૯.૩૦ વાગે પ્રગટ પ્રભાવી શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ દાદાના દર્શન ચૈત્યવંદને પ્રસન્નતા સહ ઉપાશ્રયે પ્રવેશ કરી માંગલિક સંભળાવેલ. વર્તમાનમાં ચોમેર વધતી જતી મહામારી કારણે માટુંગા ક. મૂ. પૂ. સંઘે સૌ સાધુ-સાધ્વી ભ. ની ખૂબજ કાળજી રાખેલ.

### આમંત્રણ પત્રિકા વધામણા કંકુછાટણા

ફા.વ. ૭ શનિવાર, તા. ૩-૪-૨૧ સવારે ૯ વાગે માટુંગા ક. સંઘની નારાયણજી શામજી મોમાયા વાડીના ૧ લા માળે 'સુધર્મા પાટોત્સવ અચલગચ્છાધિપતિ પદોત્સવની આકર્ષક બુકલેટ આમંત્રણ પત્રિકા'ના વધામણા-કંકુ છાંટણાનો સમારોહ રહેલ. શ્રી અ. ભા. અ. સંઘ સમિતિ અને માટુંગા ક. મૂ. પૂ. જૈન સંઘના સથવારે આમંત્રણ પત્રિકાના 'શ્રી સંઘને જયજિનેન્દ્ર - પ્રણામ' લાભાર્થી માતુશ્રી કેશરબેન ટોકરશીં શીવજી સાવલા(દુર્ગાપુર-કાંદિવલી તથા શ્રીમતિ ગીતાબેન રસિકલાલ નાનજી શાહ (મેરાઉ-બાંદ્રા)ના પરિવારજનોની ઉપસ્થિતિમાં રજત વર્ષિતપના તપસ્વી સુશ્રાવક શ્રી નરેન્દ્રભાઈ નંદુ-મેઘકુમાર નંદુના સંગાથે મંગલ સમારોહ (મર્યાદિત સંખ્યામાં) ભવ્ય રીતે યોજાયેલ. કોવિડ -૧૯ ના ભારત-મહારાષ્ટ્રમાં વધતા પ્રસાર વચ્ચે કાર્યક્રમ મર્યાદિત સંખ્યામાં મેઘ નંદુના ભક્તિ સંગીતમય રીતે ભાવપૂર્ણ રીતે યોજાયેલ.

### નૂતન વર્ષિતપ ઉચ્ચારણ ત્રણ નાણ

આજે ફા. વ. ૮ ના પ્રથમ તીર્થપતિ યુગાદિ આદીશ્વર દાદાનો જન્મ-દીક્ષા કલ્યાણક હોઈ સવારે ૬ થી ૮.૩૦ શ્રી નરેન્દ્રભાઈ નંદુના ૨૫મા રજત વર્ષિતપ નિમિત્તે જોગેશ્વરી અ. સંઘના ૪૦ વર્ષિતપ તપસ્વીઓએ એ તપ પ્રારંભ કરતાં પૂ. ગચ્છ નાયક આ.ભ. શ્રીએ ચૌમુખ ભ. નાણ સમક્ષ ક્રિયા કરાવેલ. બાદ ૯.૩૦ થી ૧૧ અને ૧૧.૩૦ થી ૧ એમ અન્ય પરામાંથી પણ નવું વર્ષિતપ પ્રારંભ કરનારા ૩૦-૩૦ જણા પધારતાં વર્તમાન કોવિડ નિયમો (ડીસ્ટન્સ) મુજબ ક્રિયા કરાવેલ. ગ.પૂ.આ.ભ.શ્રી એ મુનિશ્રી હેમચંદ્રસાગરજીના અનન્ય સંઘ ગચ્છ ગુરુભક્તિના સહકારે વિધિ કરાવેલ. માટુંગા ક. સંઘે સુવ્યવસ્થા તથા સૌનું સંઘપૂજનરૂપ બહુમાન કરેલ.

### ચૈત્રી નવપદ ઓળી તથા ગચ્છાધિપતિ પદોત્સવ પંચાહ્નિકા મહોત્સવ

ચૈત્ર સુદ ૭ રવિવાર તા. ૧૮-૪- થી તા. ૨૬-૪- પર્યંત તથા જિનાલયમાં પ્રથમ પંચાહ્નિકા મહોત્સવે દરરોજ વિશિષ્ટ (૧૧ મહિનાથી પૂ. ગ. આ. ભ. નિશ્રાએ ચાલુ છે.) મંત્રોથી જિનાભિષેક, બીજા દિવસે કુંભ સ્થાપનાદિક તથા ગચ્છાધિપતિ પદ સમયના વસ્ત્રોને કેસરનાં કલાત્મક સાથિયા છાંટણા તથા ત્રીજા દિવસે નવગ્રહ-દશદિક્પાલ, અષ્ટમંગલ પાટલા પૂજન રહેલ. છઠ્ઠા દિવસે લઘુશાંતિ સ્નાત્ર રહેલ. આ સમગ્ર કાર્યક્રમો મંચ સંચાલન વિધિવિધાન શ્રી નરેન્દ્રભાઈ નંદુ, સુમધુર સંગીતાદિ તેમજ ભક્તિથી મેઘ નંદુએ સુંદર જમાવટ કરેલ. પૂ. સા. શ્રી વિપુલગુણાશ્રીજીની પ્રેરણાથી ગચ્છના ગ્રુપ દીઠ સંભારણા રૂપે વાસક્ષેપના બટવાનું આયોજન તથા પૂજ્ય ગ.આ.ભ.ની ભાવનાનુસાર પૂજ્યોને, દાતાઓને સુંદર આકર્ષક જાપ કાર્ડનું તથા સંઘ દીઠ સુંદર તોરણ અર્પણ કરાશે.

# ધર્મ, સંયમ, તપ, જ્ઞાન, સાદગી, સાહિત્ય, સેવા, અહિંસા તથા સત્કર્મોનો સમનવ્ય એવા અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**સાહિત્ય દિવાકર રાજસ્થાન – દક્ષિણ દીપક પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભ સાગર સૂરિશ્વરજી મ.સા.ના શ્રી અચલગચ્છ શ્વેતાંબર જૈન સંઘ (વિધિપક્ષ) અધિપતિ પદે આરોહણની પાવન પળે પરિચય પ્રસ્તુતિ – કેસરસિંહ ખોના**

સામાન્ય અનુભવે કચ્છની વિષમ પરિસ્થિતિના પરિણામે મોટે ભાગે વણિક સમાજના પુરુષવર્ગને પરદેશ ખેડવું પડતું અને પરિવાર કચ્છમાં રહે એવી વ્યવસ્થા. આ દરમિયાન ચાતુર્માસ પ્રસંગે જૈન મુનિ મહારાજ – સાધુ સાધ્વી સાહેબગણ ગામ ગામ જૈન સમાજની વસ્તી હોય, જિનાલય અપાસરા હોય ત્યાં ચાતુર્માસ આરાધના અને સાધર્મિકોને જૈન ધર્મના જ્ઞાન તથા તત્વબોધ કરી ધર્મારૂઢ રાખતા.

એ કાળમાં મહારાજ સાહેબ ગામમાં પધારે એટલે આખું વાતાવરણ ધર્મમય થઈ જતું, અને સાધર્મિકો, પરિવાર સાથે મહારાજ સાહેબના વ્યાખ્યાન સાંભળવા જતા. આ પૃષ્ઠભૂમિમાં ઘણાં બાળક – બાળિકા ધાર્મિક શિક્ષણ ગ્રહણ કરતાં. કોઈ કોઈના પૂણ્યોદય થાય તો સંયમ માર્ગે આરૂઢ થવાની ભાવના દઢ થતી. આવાજ એક ચોમાસાના અવસરે કચ્છ માંડવી નજીકના દુર્ગાપુર – નવાવાસ જેવા પાવન ગામે સાવલા ગોત્રના વીસા ઓસવાળ જૈન સમાજના રમણીરત્ન રત્નકુક્ષી માતુશ્રી પ્રેમકુંવરબાઈ અને પિતાશ્રી શ્રાવકરત્ન રતનશી ટોકરશીભાઈને ઘેર સંવત ૨૦૧૦, માગસર વદ ૨ અને મંગળવારના પાવન દિને આપણા નૂતન અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ કિશોર નામે અવતર્યા.



પુત્રના લક્ષણ પારણે એમ બાળક કિશોર અન્ય સ્વાધ્યાયિઓ સાથે નવાવાસમાં ચાતુર્માસાર્થે પધારતા પૂ. સાધુ સાધ્વીજી ભગવંતો સમક્ષ ઉપસ્થિત થઈ જતાં અને આ કથા શ્રવણની અસર અને માતુશ્રીના પ્રોત્સાહનના પગલે પૂ. ગુરૂદેવ સ્થાપેલી શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ, મેરાઉમાં કિશોર દાખલ થયો.



શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠમાં ઉત્તમ આચાર્યો પાસે સંસ્કૃત સાહિત્ય, શાસ્ત્રો, હિન્દી, અંગ્રેજી અને ગણિત સાથે ધાર્મિક જ્ઞાન સહિત જીવન ઘડતર પ્રાપ્ત કર્યું.

પૂ. ગુરૂદેવ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના સત્સંગમાં વૈરાગ્ય રંગ લાગ્યો. અને દીક્ષા ગ્રહણ કરવાની ભાવના દઢ થઈ, પણ એ સમયે બાળ દીક્ષા સામે ભારે ઉગ્ર વિરોધ થઈ રહ્યો હતો. તેમ છતાં માત્ર ૧૬ વર્ષની કિશોર વયે કિશોર સાવલા સંવત ૨૦૨૬ના કારતક વદ ૧૩ના શુભ દિવસે દીક્ષા લઈ કચ્છ ભુજપુર ગામે ગુરૂદેવના શિષ્ય મુનિ શ્રી કલાપ્રભસાગરજી મ. સા. બન્યા.

અહીં મહત્વની વાત એ છે કે બાળ મુનિને શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠમાં અભ્યાસ દરમિયાન જ અભ્યાસ, અને જ્ઞાનપ્રાપ્તિની અનેરી લગની દઢ થઈ અને જિન શાસન માટે કંઈ પણ કરી છૂટવાની ધગશ અને ખુમારી જેવા સદ્‌ગુણો ગુરૂકૃપાથી દઢ થયા. જ્ઞાનવૃદ્ધ મુનિરાજ શ્રી કીર્તિસાગરજી મ. સા.ની નિશ્રાએ અધ્યન કરતા સાહિત્ય પ્રવૃત્તિમાં વિશેષ લગની લાગી. એ સાથે પ્રાચીન સાહિત્યના અભ્યાસ – સંશોધનમાં ઊંડી રુચિ જાગૃત થઈ.

પૂ. આચાર્ય ભગવંતે ખંભાત, પાટણ, એલ.ડી. ઈન્સ્ટીટ્યુટ (અમદાવાદ), વડોદરા, સુરત, ઉજ્જૈન, અમદાવાદ તથા

જોધપૂર જેવા કેન્દ્રોના હસ્ત પ્રત ભંડારોમાંથી વીરલ, અપ્રગટ પ્રાચીન સાહિત્ય પ્રાપ્ત કર્યું. અને દિવસોના દિવસો સતત એ અભ્યાસ - સંશોધનમાં ગળાડૂબ રહ્યાં. આજે પણ એ પ્રાચીન સાહિત્યના અભ્યાસમાં એટલી જ ઉત્કટતાથી નિમગ્ન છે.



ગુરૂકૃપા પ્રસાદે ગચ્છમાં લાંબા અરસે ગુરુનિશ્રામાં આગમોના પ્રથમવાર તપશ્ચર્યા સહ યોગોદહન કરી ગણિપદધારક બન્યા. પૂ. ગુરૂદેવે વિશેષ અનુગ્રહથી સંવત ૨૦૪૪માં બાડમેર રાજસ્થાનમાં ઉપાધ્યાય પદ અને સં. ૨૦૪૪માં રાજસ્થાનના દંતાણી તીર્થે સૂરિપદ પ્રદાન કર્યું.

કચ્છના યશસ્વી અને તેજસ્વી મુનિરાજ કલાપ્રભસાગરજી મ. સા. ગુરૂ આજ્ઞા થતાં સં. ૨૦૩૩માં વરસો બાદ મુંબઈ મહાનગરીમાં પદાર્પણ કર્યું. આ મહાનગરના અનેક ઉપનગરીય સંઘોમાં શાસન ગચ્છની વિવિધ પ્રવૃત્તિઓનો પ્રારંભ કરી નવચેતના પ્રગટાવી. કાયમી બાળ અને યુવા જ્ઞાનસત્ર શરૂ કરાવી હજારો આબાલ યુવાનોમાં વિશેષ જાગૃતિ આણનારા પૂ. આચાર્ય ભગવંત સકલ સંઘના લાડીલા, અપ્રમત સમ્યક- પુરૂષાર્થ લાગલગાટ ૨૦ વર્ષના આપશ્રીના વિચરણ દરમિયાન અનેકવિધ ધર્મ પ્રભાવનાઓનો વિસ્તાર કર્યો.

સં. ૨૦૪૦-૪૧માં પૂ. ગુરૂદેવની નિશ્રામાં મુંબઈથી શિખરજી તીર્થ અને સમેતશિખરજીથી શત્રુંજય તીર્થ સુધીની પાંચ માસની વિરાટ પદયાત્રા છરી સંઘ અને સં. ૨૦૪૭ ની શંત્રુજય મહાતીર્થની ત્રણ માસની વિરાટ ૯૯ મહાયાત્રા આદિ આયોજનમાં તેમના પુરૂષાર્થ તથા અનોખી પ્રતિભાનો સહુને સાક્ષાત્કાર થયો.




સં. ૨૦૪૧ માં પ્રાચીન સાહિત્યના ઉધ્ધારના હેતુ સાથે સર્વપ્રથમ અમદાવાદ ચાતુર્માસ કરી સંઘની સ્થાપના કરી. સાથે જ મણિનગરમાં ગચ્છના પ્રથમ ઉપાશ્રય માટે પ્રેરણા આપી  ત્યાં ધાર્મિક પ્રવૃત્તિઓ શરૂ કરાવી. આ ઉપરાંત વડોદરા, સુરત, વલસાડ, વાપી, દહાણું, ઉમરગામ જેવા સ્થળોએ ગચ્છોન્નતિના કાર્યોના પ્રેરક બન્યા અને ગુજરાતમાં ધાર્મિક જાગૃતિ લાવ્યા.

સં. ૨૦૪૩ માં ગુર્વાજ્ઞા શિરોધાર્ય કરી રાજસ્થાનના ભીનમાલ નગરે અંજન પ્રતિષ્ઠા પ્રસંગે મુંબઈથી ઉગ્રવિહારે પધાર્યા અને સંઘના આગ્રહથી ત્યાં જ ચાતુર્માસ કર્યુ. દરમિયાન પ્રાચીન ગોત્રવહિયોના અભ્યાસના આધારે અતીતમાં રાજસ્થાનમાં સર્વત્ર અચલગચ્છ સમાચારી પાલનનો પ્રભાવ જાણી વચ્ચેના વરસોમાં વિહારોના અભાવે મુરઝાયેલા પ્રાચીન પ્રવાહોને સંપર્ક દ્વારા જીવંત કરી જાગૃતિ આણી

બાડમેરમાં ચાર ચાતુર્માસો દ્વારા પ્રાચીન ચિંતામણિ પાર્શ્વ જિનાલયને 'લઘુ શિખરજી રૂપે' પ્રતિષ્ઠિત કરી અહીંની વિદ્યાપીઠ, પર્વત પર ગચ્છની જિનાલય, ગચ્છની દાદાવાડી, આદિરૂપે તથા વર્ધમાન સ્વામી જિનાલય, ગુણસાગરસૂરિ સાધનાભવન રૂપે વિશાળ ઉપાશ્રય, એમાં ગૃહ જિનાલય, રેન બસેરામાં શ્રી શ્રીમાલ જિનાલય આદિ પ્રતિષ્ઠાઓ સંપન્ન થઈ.

ગુરૂ દ્વારા દંતાણી તીર્થની પ્રતિષ્ઠાના પાવન અવસરે સં. ૨૦૪૪માં સૂરિપદ પ્રદાન તથા વિવિધ સંઘોની વિનંતીથી રાજસ્થાન દિપક બિરૂદ જાહેર કરવામાં આવ્યું. એ ઉપરાંત મેવાડ-માળવા-મધ્યપ્રદેશ જેવા દૂરના પ્રદેશોમાં બે વખત ઉગ્ર વિહાર કરી ત્યાં ધાર્મિક વિચારોનું સિંચન કર્યુ તથા ગચ્છની શ્રીશ્રીમાલ શેઠ-શેઠિયા જ્ઞાતિ ગોત્ર ચેતનવંત કર્યા.

પૂજ્યશ્રીએ સૂરીપદ બાદ ગુરુઆજ્ઞાથી ગચ્છમાં સેંકડો વર્ષો બાદ પહેલી જ વાર સૂરિમંત્રની પાંચેય પીઠીકાઓની વિશિષ્ટ તપ જપ સાથેની આરાધના કરી. ચાર વર્ષીતપ, પાંચ અઠ્ઠાઈ તપ, ચાતુર્માસિ તપ, ૫૦૦ એકાંતરા, આયંબિલ, પૂ. ગુરુદેવની ચિર વિદાય બાદ ૨૦૦ અઠ્ઠમોનો સંકલ્પ કરી દર અષ્ટમી પાક્ષિકે અઠ્ઠમ એવી તપોવૃત્તિમાં પણ જોડાયા. સૂરિમંત્ર સહ ગણધર ગોયમ (ગૌત્તમ) પદની વીશ સ્થાનક તપની આરાધનાએ આદરેલ એવા ૨૦૦ થી વધુ છઠ્ઠ તપ થયા છે. ઠેર ઠેર સંઘોમાં સુમધુર હૃદય



સ્પર્શી માર્ગદર્શક, પ્રવચનો દ્વારા જિનશાસન, ધર્મ, સંસ્કૃતિ, સમ્યક્ જ્ઞાન રક્ષા, યુવક જાગૃતિ બાબતે સદા પુરુષાર્થશીલ રહ્યા છે.

પૂ. ગુરુદેવ પ્રેરિત ૭૨ જિનાલય તીર્થ, ગુણ પાર્શ્વ તીર્થ, દંતાણી તીર્થ, શંખેશ્વર તીર્થ, અચલગચ્છ દાદા વાડી ભવન, હૈદરાબાદમાં શાંતિ જિનેશ્વર ધામ, ચૈતન્ય પુરી ગૌત્તમધ્મ, ડોંબીવલીનું કલ્પતરૂ અચલગચ્છભવન, સુવિધિનાથ જિનાલય, દેવલાલી તીર્થ, પાલીતાણાનું  કચ્છી ભવન દેરાસર, બાડમેર, અલીબાગ, પૂના, થાણાનું, ઋષભ તીર્થ, ભક્તામર જિનાલય, ઉવસગ્ગહર તીર્થે, સૂરિમંત્ર, પટ્ટસહ મેરૂતુંગ, પાર્શ્વનાથ સિધ્ધચક્ર જિનાલય, નવી મુંબઈ, કાંદિવલી, અંધેરી ઈસ્ટ–વેસ્ટ, જગડુશાનગર, ભાયંદર, વિક્રોલી, પવઈ, ભટ્ટવાડી, અસલ્ફા, ગિરનાર કચ્છી ભવન, મોડપુર તીર્થ, આદિ સ્થળો માટે દાનની જોરદાર ભાગીરથી વહાવવા પ્રેરણા અને માર્ગદર્શન આપનારા એ પૂજ્યશ્રીની નિશ્રામાં તેમજ કેટલાક સ્થળોએ પૂ. ગચ્છાધિપતિ આ. ભ.ની સહનિશ્રામાં અનેક જિનાલયોની અંજન પ્રતિષ્ઠાઓ તથા ઉપાશ્રય ઉદ્ઘાટન સમારોહ સંપન્ન થયા છે.

પૂ. ગુરુદેવના સાનિધ્યમાં અને તત્પશ્ચાત ૫. પૂ. સાહિત્ય દિવાકર આ. ભ. શ્રી મહારાષ્ટ્રમાં વિચર્યા. કર્ણાકટમાં ગુલબર્ગા, આંધ્રના હૈદરાબાદ સંઘમાં પ્રવચન અને ચાતુર્માસથી એક અનેરી જાગૃતિ લાવ્યા. શાસન સંઘ જાગૃતિના કોઈપણ શુભ કાર્યમાં સોલ્લાસ પધારી સંઘવત્સલ રૂપે સુપ્રસિદ્ધ થયા. છેલ્લા કેટલાંક વર્ષોમાં ગચ્છાધિપતિ આ. ભ. ગુણોદયસાગરસૂરિશ્વરજી મ. સા. સાથે વિચરણ કરતા ૯૯ મહાયાત્રા, સમૂહચાતુર્માસ, અંજનપ્રતિષ્ઠા, સોનગઢ ગુણોદય તીર્થ, ભદ્રેશ્વર તીર્થ, ગિરનાર કચ્છ ભવન જિનાલય, અનેક તીર્થ સંઘોના અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવો, ઉદ્ઘાટન આયોજનો, છરી સંઘોમાં પ્રફુલ્લિત હૃદયે સહ નિશ્રા પ્રદાન કરી મૈત્રી ભાવની અદ્ભુત સુવાસ પ્રસરાવતા રહ્યા છે.




હૈદરાબાદ, કાંદીવલી, ગોધરા, બાડમેર, ઘાટકોપર, દુર્ગાપુર આદિ સ્થળોમાં ચાતુર્માસ દરમિયાન અખિલ ભારતીય પ્રાણી રક્ષા સંમેલનો પ્રયોજી અહિંસા આંદોલન જાગૃત કર્યા – કરાવ્યા. અહિંસા મહાસંઘ અને શાખા કેન્દ્રો દ્વારા ચોમેર જીવદયા પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરી રહ્યા છે.

રાજસ્થાન, મેવાડ, માળવા, દ. ભારત, મુંબઈ, મહારાષ્ટ્ર, બિહાર, એમ. પી., છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, કચ્છ, ગુજરાત આદિ પ્રદેશોમાં સતત વિહારો દ્વારા શાસન ગચ્છ અને ગુરૂનું નામ રોશન કરનારા અનેક શાસન પ્રભાવક કાર્યો સંપન્ન થયા છે.

કચ્છ વિચરણ દરમિયાન શિવમસ્તુ તીર્થ, દેઢિયા સંઘ પછી હાલારના મોડપુર તીર્થની અંજન પ્રતિષ્ઠામાં સહનિશ્રા પ્રદાન કરી. બિદડા જિનાલય શતાબ્દિ વર્ષ પ્રસંગે નૂતન વિશાળ ધર્મશાળામાં પ્રથમ ચાતુર્માસ થયો. બાડમેર પાસે 'રામજી કા ગોલ' ખાતે શ્રી આર્ય ગુણ ગુરુકૃપા તીર્થનું કાર્ય પૂર્ણ થતાં સંવત ૨૦૭૨ માં શાનદાર શાસન પ્રભાવના પૂર્ણ ચાતુર્માસ ગચ્છ અને તત્પશ્ચાત ઐતિહાસિક અંજન પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો.

પરમોપકારી પૂ. ગુરુદેવ  શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ. સા. ની જન્ય શતાબ્દિ (વિ. સ. ૧૯૬૯ થી ૨૦૬૯) ની જોરદાર ઉજવણીનું આયોજન સમગ્ર મુંબઈ, રાજસ્થાન, ગુજરાત અને દ. ભારત સહિત અનેક સંઘોમાં સં. ૨૦૬૮, ૨૦૬૯ અને ૨૦૭૦ દરમિયાન ભવ્યાતિભવ્ય રીતે થયું. પૂજ્યશ્રીએ મુંબઈ સહિત સમગ્ર ભારતમાં ૧૦૦૮ વરસી તપનું આહવાન કરતાં એ વર્ષે ૧૫૦૦ જેટલાં તપસ્વીઓએ પૂજ્યશ્રીની પ્રેરણા ઝીલી. વિ. સં. ૨૦૬૯ ના વર્ષે અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના આશ્રયે ઉદારદિલ દાતાઓના ઔદાર્યભર્યા સહયોગથી મુંબઈમાં પૂજ્યશ્રીની નિશ્રામાં ૧૩૦૦ વરસીતપ તપસ્વીઓનાં પારણા યોજાયા. ઉપરાંત પાલિતાણા, હસ્તિનાપુર અને બીજા અનેક સ્થળોનાં મળીને કુલ ૧૫૦૦ વરસીતપનાં પારણા યોજાયા. ગુરુગુણ



ઘાટકોપર નગરે, શતાબ્દિનો પંચાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. સોમૈયા ગ્રાઉન્ડમાં ભવ્ય વિશાળ આયોજન સહ જીરાવલ્લા દરબારે ગુરુ ગુણગાન અને યાદગાર મહોત્સવ સંપન્ન થયો.

પૂજ્યશ્રી મુંબઈ પધારતાં ગુણશતાબ્દિ મહોત્સવની જયોત વસઈ અચલગચ્છ સંઘના શ્રી વિમલનાથદાદાની અંજન પ્રતિષ્ઠા તથા દીક્ષા પ્રદાન સહ ભવ્યતાથી ઉજવાઈ. મુંબઈમાં પગલા પડતા જ પૂજ્યશ્રીની નિશ્રામાં વસઈ, નાલાસોપારા (ઈ), નાલાસોપારા (વે), વિરારમાં ભવ્ય અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવો યોજાયા હતા ત્યારે તે જ વર્ષે સાહિત્ય દિવાકર પૂજ્યશ્રીના સૂરિપદનો રજત મહોત્સવ પણ થાણા ટેમ્બીનાકાના મુનિસુવ્રતદાદાના દરબારે યોજાયો હતો. જેમાં ભવ્યાત્માઓએ પૌષધોપવાસ અઠ્ઠમ આરાધના કરી. પૂ.દાદા ગુરુદેવો મેરૂતુંગ-ધર્મમૂર્તિ સૂરિજીની પષ્ઠમ-ચતુર્થ શતાબ્દિ, ગુરુગુણશતાબ્દિ અને સૂરિપદ રજત મહોત્સવ નિમિત્તે સામુહિક દેશાવગાંશિક સામાયિકનાં મુંબઈમાં ત્રણ વખત આયોજન થતાં ૩૫૦૦ પૂણ્યશાળી વિરતિના ચાહકોએ લાભ લીધો હતો. કચ્છી ફાઉન્ડેશનના અન્વયે ડોમ્બીવલી નવનીત નગરના ભવ્ય ત્રિશિખરીય મુનિસુવ્રત સ્વામી મહા જિનાલયના શિલાસ્થાપનથી લઈ અદ્‌ભુત અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં દીપી ઉઠ્યો હતો.

પૂજ્યપાદશ્રીની પ્રેરણાથી અલીબાગમાં વિશાળ અચલગચ્છ ભવનના ઉપાશ્રય સહ શિખરબધ્ધ શ્રી નમિનાથ જિનાલયનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં અવિસ્મરણીય રહ્યો હતો.

કલ્યાણના આદીશ્વર પાર્કમાં શ્રી દેવજી જેઠાભાઈ હરિયા ગામ રાયધણજરવાલા નિર્મિત શ્રી આદીશ્વર જિનાલયે પ્રભુ પ્રતિષ્ઠાની અદ્‌ભૂત ક્ષણોમાં પૂ.ગુરૂદેવે જે માહોલ જમાવ્યો તે ચિરસ્મરણીય રહેશે. મુલુંડ (પૂર્વ) અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે શ્રી સુમતિનાથ પ્રભુના શિખરબદ્ધ જિનાલય સહ ગુરૂમંદિરનો ભવ્યાતિભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા -દિક્ષા મહોત્સવ યાદગાર બની રહ્યો હતો. ગણ્યા ગણાય નહીં એવા અનેક પ્રસંગો પૂજ્યપાદશ્રીના સાનિધ્યે, શાસન પ્રભાવક બની રહ્યા હતા. પાલિતાણામાં પૂજ્યશ્રીનું ૬૦૦ આરાધકો સાથેનું ભવ્ય ૨૦૭૪નું ચાતુર્માસ માતુશ્રી બબરીદેવી રિખબદાસજી વૃધ્ધિચંદ્રજી પડાઈઆ બાડમેર (અમદાવાદ-કોઈમ્બતુર)વાલા પરિવારે કરાવી ઈતિહાસ સર્જી દીધો.

પૂજ્યશ્રીનું પચાસમું સુવર્ણ ચાતુર્માસ ક્યાં થશે ? ભુજપુર,નરેડી, મુલુંડ (પૂર્વ), ડોમ્બીવલી તથા રાજસ્થાનની પણ અનેક વિનંતીઓ થતાં શ્રી નરેડી સંઘની વિનંતી પર કળશ ઢોળાયો હતો. નરેડી શ્રી ચંદ્રપ્રભસ્વામી દાદાની ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા પ્રસંગે પાલિતાણાથી પૂજ્ય શ્રી ઉગ્રવિહાર કરી કચ્છ પધાર્યા. પૂજ્યપાદ અચલગ્છાધિપતિશ્રી સહ સાહિત્ય દિવાકર પૂજ્યશ્રી તથા પૂ. આ. શ્રી વીરભદ્રસાગર સૂરીશ્વરજી મ. સા. આદિની નિશ્રામાં વિશાળ અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. પોષ દશમીએ શંખેશ્વર પાર્શ્વતીર્થે માતુશ્રી રાજબાઈ મૂરજી દેઢિયા હ. મીરાબેન વલ્લભજી, માતુશ્રી કંકુબેન ભવાનજી મેઘજી વોરા બિદડાવાલા પરિવારની વિનંતીથી અઠ્ઠમ તપના વિશાળ આયોજન બાદ હાલાર, જામનગર, ગિરનાર, દંતાણી, રામજી કોલ તથા બાડમેરમાં દીક્ષા મહોત્સવે સહનિશ્રા પ્રદાન કરી અને શંખેશ્વરજી તીર્થે શ્રી મઠુબાપા ભવનમાં શિખરબધ્ધ જિનાલયની શિલાસ્થાપન વિધિ પૂજ્યશ્રીની નિશ્રામાં સંપન્ન થયેલ. આ સંપૂર્ણ જિનાલયનો લાભ માતુશ્રી શ્રી શીલાબેન કુંવરજી ઠાકરશી છેડા ગામ તલવાણા પરિવારે પૂજ્યશ્રીની પ્રેરણાથી પ્રાપ્ત કર્યો છે. પૂજ્યશ્રીના સંયમ સુવર્ણ ચાતુર્માસની ઉજવણી નરેડી નગરે નિર્ધારિત થઈ.

સંવત ૨૦૭૬માં મુલુંડ નગરે ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીના ગુરૂબંધુ અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મોક્ષગામી થયા ત્યારે આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી અચલગચ્છનાયક પદે બિરાજમાન થયા.

સંવત ૨૦૭૭માં માટુંગા નગરે ચાતુર્માસ કોરોનાકાલાનુસાર સંપન્ન થયા. સંવત ૨૦૭૭માં તા. ૨૨.૪.૨૦૨૧ના શુભ દિને સુધર્મા પાટોત્સવ - અચલગચ્છાધિપતિ પદપ્રદાન મહોત્સવ પણ તાજેતરમાં સાદગીપૂર્ણ રીતે સંપન્ન થયો જેમાં પૂજ્યશ્રીને અચલગચ્છાધિપતિ પદપ્રદાન થયેલ.



**સ્થાનકવાસી જૈન ગોંડલ સંપ્રદાયના**
**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ**
**શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની**

# અંતર અભિવંદના

**આચાર્ય ભગવંત પૂજ્ય શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના**

## અચલગચ્છાધિપતી પદ પ્રદાન અવસરે

**અમારી ભાવપૂર્વકની શુભેચ્છા... વંદના... અભિવંદના !**

એક સમર્થ સંત જ્યારે અચલગચ્છાધિપતીના પદ પર બિરાજમાન થાય છે,
ત્યારે માત્ર તેમનું સંતત્વ જ નથી નિખરતું, પરંતુ સાથે જિનશાસનનો પણ જય જયકાર થાય છે.

આજ **પૂજ્ય શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ** જેવા...
એક વિશાળ દ્રષ્ટિકોણ ધરાવતાં અને ઊંડાણ ભરેલાં આત્મસત્વ ધરાવતાં સંતવર્ય
જ્યારે **અચલગચ્છાધિપતીના પદ** પર બિરાજમાન થાય છે,
ત્યારે તેઓશ્રી અચલગચ્છની પૂર્વપરંપરાને વધુ ઉજાગર કરશે, એવો વિશ્વાસ સહુના હૃદયમાં જાગ્યો છે.

એમના આવા પાવન પદ પ્રદાન અવસરે,
અમારા તરફથી એમને ભાવપૂર્વકની અભિવંદના !

રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
**શ્રી સ્વામિનારાયણ મંદિર**
શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ માર્ગ, અટલાદરા, વડોદરા. પીન-૩૯૦૦૧૨. ફોન ૯૯૯૮૯૯૧૦૦૦

તા. ૦૨-૦૪-૨૦૨૧

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



મુનિવર્ય શ્રી સુધર્મા સ્વામીની અવિરત પાટ પરંપરામાં;

અચલગચ્છના ભવ્ય વારસામાં,

શ્રી આર્ય કલ્યાણૈકહેતુ-જનપ્રવૃત્તિ ગુણરાશિ પ્રફુલ્લિતઉદ્યાનમાં,

શ્રી અચલગચ્છાધિપતી પદપ્રદાન મહોત્સવના પવિત્ર અવસરે,

સાહિત્ય પ્રભાકર, અચલગચ્છવિધાયક પ.પૂ.આ. ભ. શ્રી કલાપ્રભસાગર સુરીશ્વરજીને હૃદયની શુભેચ્છાઓ અને શતશઃ વંદન !

જૈન પારંપારિક પંચાસારના પવિત્ર મૂલ્યોને આત્મસાત્ કરી, જ્ઞાન, ધ્યાન, તપ, જપ, સંયમ જેવા ગુણમૂલ્યોને મૂર્તિમંત કરી, જિનભક્તિ-ગુરુભક્તિને સાકાર કરી, દેશ-પ્રદેશમાં વિચરણ કરીને અનેકને જિનશાસન તરફ અનુરાગ કરાવી, સદાચાર, સંવાદિતા અને સંસ્કૃતિની સુવાસ પ્રસરાવી, આપ અચલગચ્છાધિપતિ પદના પ્રતિષ્ઠિત અને અધિષ્ઠિત પદે વિરાજમાન થઈ, અચલગચ્છની પાટ પરંપરાને શોભાયમાન કરી રહ્યા છો.

આ પાવનકારી પ્રસંગે, આપશ્રીના ચરણકમળમાં ભાવવંદના કરી, આપના નિરામય અને દીર્ધાયુષની શુભકામના સાથે, કીર્તિમાન અને જાજરમાન જિન શાસનનો જગમાં જયજયકાર કરો, એવી મંગલમય અભ્યર્થના અને એ માટે ભગવાન શ્રીસ્વામિનારાયણ તથા બ્રહ્મસ્વરૂપ શ્રીપ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

આપનો શુભેચ્છાભિલાષી

ડૉ. સાધુ જ્ઞાનવત્સલદાસના સાદર પ્રણામ
જય સ્વામિનારાયણ અને જય જિનેન્દ્ર
બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

# શુભેચ્છા સંદેશ...

## આપશ્રીને કોટિ કોટિ વંદન.



આપણી જ્ઞાતિમાં આવેલો આ એક અનન્ય અવસર છે. એ આપણી ધર્મપ્રીતિ અને ગુરુનિષ્ઠાનું એક જ્વલંત દ્રષ્ટાંત પણ છે. સાહિત્ય દિવાકર, અચલગચ્છનાયક પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.ના શ્રી સુધર્મા પાટોત્સવ અચલગચ્છાધિપતિ પદ પ્રદાન મહોત્સવ નિમિત્તે એક એક જ્ઞાતિજન અત્યંત ઉત્સુક છે અને અનહદ હર્ષની લાગણી અનુભવી રહ્યો છે. જ્ઞાતિના મુંબઈ મહાજન અને શ્રી અનંતનાથ ટ્રસ્ટ બેઉનો આપણી તમામ ધર્મપ્રવૃત્તિઓ સાથે પ્રગાઢ સંબંધ રહ્યો છે. ચાતુર્માસથી લઈને વરસભરમાં આવતા દરેક ધાર્મિક પ્રસંગે મહાજન અને ટ્રસ્ટ, સાધુ–સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રા પામીને જ્ઞાતિજનો માટે અનેકવિધ ધાર્મિક પ્રસંગો યોજતાં રહ્યાં છે.

શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.ને અચલગચ્છાધિપતિ પદ પ્રદાન થવું એ સમગ્ર જ્ઞાતિ માટે એક સીમાચિહ્નરૂપ ઘટના છે. તેઓશ્રીના આશીર્વાદ અને સબળ માર્ગદર્શન હેઠળ આપણે અનેક વરસોથી ધર્મક્ષેત્રે ઉત્તમ રીતે આગળ વધી શક્યા છીએ. આગળ પણ આ રીતે તેઓશ્રીના આશીર્વાદ અને માર્ગદર્શન હેઠળ આપણે નવાં સોપાન સર કરતા રહીશું એનો અમને પૂર્ણ વિશ્વાસ છે. કચ્છ કેસરી, અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની દિવ્ય કૃપા હેઠળ આપણે આટલાં વરસો ધર્મ પામ્યા છીએ. આગળ આપણી જ્ઞાતિને ધર્મમાર્ગે પ્રશસ્ત કરવા આપણને શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.નું સબળ માર્ગદર્શન મળતું રહેશે એનો અમને વિશ્વાસ છે. આપશ્રીના આશીર્વાદ અને માર્ગદર્શન થકી સમગ્ર જ્ઞાતિનું કલ્યાણ થાવ તેવી ભાવના સહ આપશ્રીને કોટિ કોટિ વંદન. જય જય શ્રી અનંતનાથ.

– નયન અશોક ભેદા (પ્રમુખ : શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ)

---

## આપની પ્રેરણાથી હું ધન્ય બન્યો...



મને જ્યારે ક.દ.ઓ. સમસ્ત મહાજનમાં સેક્રેટરી જનરલ પદે નિયુક્ત કરવામાં આવ્યો ત્યાં સુધી મારામાં ધર્મ પ્રત્યે એવી કોઈ ઊંડી સમજ નહોતી. હું જ્યારે આપને વંદન કરવા આવ્યો ત્યારે મને આપેલ ધર્મજ્ઞાનથી હું ખૂબજ પ્રભાવિત થયો અને મારા જીવનમાં એક અલગ પ્રકાશનો ઉદય થયો છે. તે દિવસથી આજ સુધી હું આપના દ્વારા આપેલ જ્ઞાનનું રેગ્યુલર અનુકરણ કરું છું. જેના કારણે મને આપેલ જવાબદારી સફળતાપૂર્વક પાર પાડી શક્યો છું. અને તેના લીધે મારા વ્યાપાર અને વાણિજ્યમાં પણ ઘણો જ ફરક પડ્યો છે, જેનું શ્રેય હું આપને જ આપું છું. તા. ૨૨ એપ્રિલે જ્યારે આપને અચલગચ્છ શાસનનું સુકાન સંભાળવાની જવાબદારી સોંપાશે ત્યારે મારાથી વધુ ઉત્સાહિત કોઈપણ શ્રાવક નહીં હોય.

– નિશિથ આણંદ દંડ – તેરા, વડોદરા (સેક્રેટરી જનરલ : શ્રી ક.દ.ઓ. સમસ્ત મહાજન)

---

## પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીજી મ.સા. ને કોટિ કોટિ પ્રણામ



જે પરમ પિતા પરમેશ્વર સુધી પહોંચવાનો માર્ગ દેખાડે તે ગુરૂ, જે જ્ઞાનનો દીપક હંમેશા પ્રજ્વલિત રાખે તે ગુરૂ અને જે અંતર આત્માને જગાડી સદમાર્ગે દોરે તે ગુરૂ, જિન શાસનને સૌના હૃદયમાં ધબકતું રાખનાર એવા સાહિત્ય દિવાકર, અચલગચ્છનાયક પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીજી મ. નો અચલગચ્છાધિપતિ પદ પ્રદાન મહોત્સવ, એટલે આપણા સૌ માટે ગૌરવવંતો ધર્મોત્સવ, ગુરૂ પૂજન બાદ ગચ્છાધિપતિ પદે બિરાજમાન થનારા ગુરૂ

ભગવંત સાહિત્ય દિવાકર, અચલગચ્છનાયક પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિજી મ.સા. ને કોટિ કોટિ પ્રણામ અને શુભકામનાઓ, એમના આ પદ પ્રદાન મહોત્સવનાં તમામ પ્રસંગો અનેરા ધર્મોલ્લાસથી ઉજવાય અને એમના ધર્મોપદેશ આશિષનો પ્રવાહ અવિરત વહેતો રહે તથા સમાજને લાભ મળતો રહે એવી અભ્યર્થના.

– મંગલ પ્રભાત લોઢા (અધ્યક્ષ, ભારતીય જનતા પાર્ટી – મુંબઈ)

---



**પરિદ્ધેઈ નિવ્વિડાણં, વેરં થેસિં પવ્વઢ્ઢઈ,**
**વેશનું બંધાઈની મહાભયાની !**

– સૂયગડાંગ સૂત્ર

અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજને હાર્દિક શુભેચ્છા સહ વંદન.

– નેહલ અમર શાહ (ખોના) (મ્યુનિસિપલ કાઉન્સિલર, વોર્ડ – ૧૭૭, માટુંગા – મુંબઈ)

---

## ધન્ય તમારી પ્રેરણા...



આપનું જ્યારે મુલુંડમાં ચાર્તુમાસ હતું તે સમયની વાત છે. હું એ સમય આપની પાસે નિયમિત મારા પૂજ્ય પિતાશ્રી વિશનજીભાઈ સાથે ગુરૂવંદના કરવા આવતો હતો. આપના સાનિધ્યમાં રહેવાથી મને અઠ્ઠાઈ તપની આરાધના કરવા માટે પ્રેરણા થઈ. આપના આદેશ અને આશીર્વાદથી મેં મારી પ્રથમ અઠ્ઠાઈ આપના સાનિધ્યમાં સુખ શાતાપૂર્વક પૂર્ણ કરી હતી. આ તપ દરમ્યાન મારે ઘણી ધાર્મિક ક્રિયાઓ અને જપ-તપનું જ્ઞાન મળેલ તે દિવસથી આજ દિવસ સુધી હું ધર્મમય બની ગયો છું અને મારાથી બનતા શાસન રક્ષાના કાર્યોમાં અગ્રેસર રહી ધર્મ આરાધના કરું છું. આ પ્રેરણા માટે હું આપને જ મારા ગુરૂ તરીકે સ્વીકારું છું. આપને આ ઉચ્ચ પદ પ્રાપ્ત થયું તેને માટે હું પરમકૃપાળુ પરમાત્માનો આભારી છું. આપ જૈન ધર્મના શાસનને સમર્પિત છો તે સૌ જાણે છે. આપ મારી જેમ અનેક સુશ્રાવક અને શ્રાવિકાઓને ધર્મ પ્રત્યે પ્રેરિત કરતાં રહ્યાં છો તે સૌ જાણે છે. આપને મળેલ અચલગચ્છાધિપતિ પદથી માનવ જીવન ઉત્કર્ષના અનેક કાર્ય કરશો એવી શુભેચ્છા સહ વંદન.

– જયંત વિસનજી છેડા (તંત્રીશ્રી, ગુર્જરમાત)

---

## નવો ઈતિહાસ રચે એડી મનોકામના...



અચલગચ્છનાયક, સાહિત્ય દિવાકર, રાજસ્થાન દીપક, જૈનાચાર્ય પ.પૂ.આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. કે શ્રી સુધર્મા પાટોત્સવ પદ પ્રદાન મહોત્સવ જે મિઠડે઼ અવસર તે 'કચ્છ-અર્પણ' પરિવાર જિયું હૂભ નેં હીંયારીં સે ખીર-વધાઈયું. જિજે જિજે ઉમડકે઼ સે ગિનાન જો હી ભંડાર પાંજે અચલગચ્છ કે નેં કચ્છીએં કે નઈ ડસ ડે ને નવો ઈતિહાસ રચે એડી મ઼નોકામના...

– નવીન હીરાચંદ પટેલ (નાગડા) વડોદરા, સાંધાણ (તંત્રી : 'કચ્છ અર્પણ' દ્વિમાસિક)

---

## શુભેચ્છા સહ અભિનંદન

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ને શ્રી સુધર્માસ્વામીની પાટ પરંપરાએ ૭૮મા પટધર તરીકે અચલગચ્છાધિપતિ પદ પ્રદાન પ્રસંગે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન – હુબલીના માન પૂર્વક શુભેચ્છા સહ અભિનંદન.

ભરત બી. ખીમજી (પ્રમુખ), ભરત (રાજુ) ખીમજી મોમાયા (વહીવટદાર)

ક.દ.ઓ. મહાજન હુબલીના સમસ્ત ટ્રસ્ટબોર્ડ અને સંઘના સર્વ સભ્યો

## અંતઃકરણપૂર્વક અભિનંદન



શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) તથા શ્રી માટુંગા મૂર્તિપૂજક શ્વેતાબંર જૈન સંઘના સંયુક્ત ઉપક્રમે વિ. સં. ૨૦૭૭, ચૈત્ર સુદ ૧૧ ગુરૂવાર, તા. ૨૨.૪.૨૧ ના સુધર્મા પાટોત્સવના પવિત્ર પ્રસંગે ગચ્છનાયક ગુરૂભગવંત ને ગદગદ હૃદયથી ગુરૂ વંદના. ગચ્છનાયક આપ હવે બિરાજશો ગચ્છાધિપતિની પાટે, શાસન –સમાચારી–નિયમાવલીની જવાબદારીના કંટક હશે એ વાટે, પ્રસન્નવદને થાયે પ્રયાણ, પ્રાણ–પ્યારા જિન ધર્મને માટે શીતલ ચંદન સમ અમ વંદન. સાહિત્ય દિવાકર, રાજસ્થાન દક્ષિણ દિપક, કચ્છ કેસરી, અચલગચ્છ નાયક, કચ્છ–ગચ્છની ઉન્નતિ માટે સદા કાર્યરત, ધર્મોપદેશની ધબકતી ધૂણી ધખાવનાર, સંઘ સમાજને ધર્મ રસિક બનાવવા મથનાર, ગણધર સુધર્મા સ્વામીની ૭૮ મી પાટે બિરાજમાન થનાર પ. પૂ. આચાર્ય ભગવંત ગચ્છનાયક શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.ને અંતઃકરણપૂર્વક અભિનંદનનો ગુલદસ્તો.

**– શ્રી શાંતિ જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ**

**અધ્યક્ષ, જયેશ જૈન, ઉપાધ્યક્ષ : ગોવિંદજી પટેલ, પ્રવિણ લોડાયા**

---

## અંતરની હાર્દિક મનોકામનાઓ.



શ્રી અચલગચ્છ જૈન શ્રીસંઘનાં જિનશાસન શિરોમણી રાષ્ટ્રસંત, કચ્છકેશરી, ધર્મવાત્સલ્યપ્રેમી, શતાબ્દી યુગપુરુષ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.નાં પટ્ટાલંકાર શિષ્ય તેમજ જિનશાસન સમ્રાટ અખંડ ૫૪/૫૪ વર્ષીતપનાં આરાધક, તપ ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજીના ગુરૂબંધુ, સુરિગુણ સિંધુગુરૂ, પટ્ટધર, અચલગચ્છનાયક, સાહિત્ય દિવાકર, રાજસ્થાન દક્ષિણ દીપક તેમજ સમગ્ર ભારતભરમાં અને મુંબઈના દરેક સંઘોમાં વિચરણ દ્વારા જિનાલયો અને ઉપાશ્રયોના પ્રેરક અને અનન્ય ધર્મ જાગૃતિ લાવનારા ઉપકારી પ. પૂ. આ. ભ. શ્રી. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહરાજા સાહેબ...

નૂતન ગચ્છાધીપતિની નિશ્રામાં શ્રી અચલગચ્છ જૈન શ્રીસંઘ બહુજ સુંદર અને સરસ રીતે ફળેફૂલે અને વિકસિત થાય. પ. પૂ. શ્રી ગુરુવર્યનાં કરકમલો દ્વારા જિનશાસનનાં અતિસુંદર કાર્યો થતાં રહે, જેથી જૈન ધર્મની ગૌરવવંતી પરંપરા સમગ્ર જગતમાં લહેરાતી રહે એજ અમારા અંતરની હાર્દિક મનોકામનાઓ.

**– શ્રી. ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી, ગોયેરસમા બારોઈ વતીથી**

**પ્રમુખ, અશોકભાઈ લાલજી પોલડીયા (જલગામ ગોયેરસમા)**

---

## નતમસ્તક વંદન

સંયમમાર્ગના સારથી, આત્મ સાધનાનાં અનુરાગી, વિરતિના રાગી, વૈરાગી ને વંદન! શાસનનાં શણગાર, આધ્યાત્મ અણગાર, સૂરિગુણસિંધુ પટ્ટધર, સાહિત્યદિવાકરને વંદન! આપ ગુરુભગવંતના ચરણોમાં અમારી શબ્દ સંવેદનાનું સમર્પણ!

હે ગુરુવર પ.પૂ. આ.ભ.કલાપ્રભસૂરીશ્વરજી મ.સા. હવે ગચ્છના શિરમોર બનીને ઉત્કૃષ્ઠ ગુણો વડે ગચ્છાધિપતિ પદને આપ દીર્ઘ કાળ સુધી શોભાવો અને આત્મોન્નતિની કલાની પ્રભા ચોતરફ પ્રસરાવો એ જ અમ સહુના અંતરની અભ્યર્થના છે.

પરબની સર્વે સુશ્રાવિકાઓના અચલગચ્છના શીઘ્ર પદાસીન ગચ્છાધિપતિને અભિનંદન સહ નતમસ્તક વંદન!

**– પરબ સંજીવની સોસાયટી**

---

પ્રસંગને અનુરૂપ વિશેષ અંક માટે અંતરથી અભિનંદન, અનુમોદના...

**– દિનેશ રતનશી આણંદજી મૈશેરી**

**મોટી સિંધોડી (મલાડ)**



પરમપૂજ્ય આચાર્ય મહારાજને ખૂબ ખૂબ શુભેચ્છા.

**– લેખાબેન ભરત નાગડા – નલિયા**



## અચલગચ્છ ઉત્તરોત્તર ઉન્નતિ કરે એવી અભિલાષા.

પ. પૂ. ગચ્છનાયક આ.ભ. કલાપ્રભાસાગરસૂરીશ્વરજી મ. સા. ને અચલગચ્છ સંઘની ગચ્છાધિપતિની પદવી પ્રદાન થતા શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સમાજ વડોદરા હર્ષ સાથે સાહેબની ખુબ ખુબ અનુમોદના કરે છે. પ. પૂ. ગચ્છાધિપતિ આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ના હસ્તે અચલગચ્છ સંઘના, પ્રભુ વીરના શાસનના તથા સમગ્ર વિશ્વના કલ્યાણના કાર્યો થાય એવી શુભેચ્છા. આપની રાહબરી હેઠળ અચલગચ્છ ઉત્તરોત્તર ઉન્નતિ કરે એવી અભિલાષા.

**- શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સમાજ, વડોદરાના ટ્રસ્ટીગણ**

---------------------------------------------

## હાર્દિક શુભેચ્છાઓ...

વર્તમાન અચલગચ્છ નાયક પ. પુ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબને હાલમાં શ્રી સુધર્મા સ્વામીજી ના પાટે અચલગચ્છાધિપતિ પદનું બિરુદ પ્રદાન થઈ રહ્યુ છે એ પ્રસંગે વરાડીયા દેરાસર ટ્રસ્ટ તથા મહાજન તથા સમ્રગ વરાડીયાવાસીઓ તરફથી શુભેચ્છાઓ. અમારા વરાડીયા માટે એ ગર્વની વાત છે કે દિક્ષા પહેલા સંસારી કિશોરભાઈ મેરાઉ વિદ્યાપીઠના આરાધક તરીકે વરાડીયામાં પર્યુષણમાં આરાધના કરાવવા આવ્યા હતા. વરાડીયા જૈન સંઘ જયારે પણ ચૈત્ય પરીપાટી રૂપે તેમને વંદન કરવા જાય ત્યારે તેઓ પ્રાસંગિક વ્યાખ્યાનમાં આ વાતનો અચુક ઉલ્લેખ કરે છે.

**- ટ્રસ્ટીગણ શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને**
**મહાજન ફંડ્સ ટ્રસ્ટ તથા શ્રી વરાડીયા ક દ ઓ જૈન જ્ઞાતી મહાજન**

---------------------------------------------

## ખૂબ ખૂબ અભિનંદન

સાહિત્ય દિવાકર, અચલગચ્છ નાયક પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ને કોટિ કોટિ વંદન. પ. પૂ. આચાર્ય મ. સા. ને શ્રી સુધર્મા પાટોત્સવ અચલગચ્છાધિપતિ પદ પ્રદાન મહોત્સવના પાવન અવસર પર અમારા સંઘ વતી ખૂબ ખૂબ અભિનંદન અને અનુમોદના પાઠવીએ છીએ. શ્રી સંઘ કી તરફ સે સુખ સાતા કે સાથે હમારી વિનંતિ કી સાહેબજી સાઉથ ઇન્ડિયામાં પધારે અને ચાતુર્માસ કરે એવી આશા છે

**- શ્રી સુવિધીનાથ જૈન મંદિર ટ્રસ્ટીઓ અને શ્રી કચ્છી દશા ઓસવાલ સમાજ, તિરૂપુર (તમિલનાડુ)**

---------------------------------------------

## કોટી કોટી વંદના

સુધર્મા સ્વામી પાટોત્સવે સાહિત્ય દિવાકર, અચલગચ્છ નાયક પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા. અચલગચ્છાધિપતિ પદે સમારુઢ થવાના ઐતિહાસિક પ્રસંગે પૂજ્યશ્રીનાં પાવન ચરણોમાં કોટી કોટી વંદના.

**- ભરતભાઈ નરસીભાઈ દંડ (સંઘપતિ) શ્રી સુમતીનાથ ભગવાન જૈન મંદિર ટ્રસ્ટ, મલકાપૂર**

---------------------------------------------

## અંતરની હાર્દિક મનોકામનાઓ.

શ્રી અચલગચ્છ જૈન શ્રીસંઘનાં જિનશાસન શિરોમણી, રાષ્ટ્રસંત, કચ્છકેશરી, ધર્મવાત્સલ્યપ્રેમી, શતાબ્દીયુગપુરુષ અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી. ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.નાં પટ્ટાલંકાર શિષ્ય તેમજ જિનશાસન સમ્રાટ અખંડ ૫૪/૫૪ વર્ષીતપનાં આરાધક, તપ ચક્રવર્તી અચલગચ્છાધીપતિ પ. પૂ. આ. ભ. શ્રી. ગુણોદયસાગરસૂરીશ્વરજીના ગુરૂબંધુ, સૂરિગુણ સિંધુગુરૂ, પટ્ટધર, અચલગચ્છનાયક, સાહિત્ય દિવાકર, રાજસ્થાન દિપક દિવાકર તેમજ સમગ્ર ભારતભરમાં અને મુંબઈના દરેક સંઘોમાં વિચરણ દ્વારા જિનાલયો અને ઉપાશ્રયોના પ્રેરક અને અનન્ય ધર્મ જાગૃતિ લાવનારા ઉપકારી પ. પૂ. આ. ભ. શ્રી. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહરાજા સાહેબ, સુધર્માપાટ પરંપરાનાં ૭૮મી પાટે બિરાજમાન થયા.

નૂતન ગચ્છાધિપતિની નિશ્રામાં શ્રી અચલગચ્છ જૈન શ્રીસંઘ બહુજ સુંદર અને સરસ રીતે ફળેફૂલે અને વિકસિત થાય.

૫. પૂ. શ્રી. ગુરુવર્યનાં કરકમલો દ્વારા જિનશાસનનાં અતિસુંદર કાર્યો થતાં રહે જેથી જૈન ધર્મની ગૌરવવંત પરંપરા સમગ્ર જગતમાં લહેરાતી રહે એજ અમારા અંતરની હાર્દિક મનોકામનાઓ.

**શ્રી. સકલ જૈન શ્રીસંઘ, જલગાંમ, શ્રી. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રીસંઘ, જલગાંમ**
**શ્રી. ક. દ. વી. ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી, જલગાંમ, શ્રી. ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી, જલગાંમ**

-------------------------------------------

## ખૂબ ખૂબ અનુમોદના

સાહિત્ય દિવાકર, રાજસ્થાન-દક્ષિણ દીપક, પ.પૂ. ગચ્છનાયક આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાને શ્રીસુધર્માસ્વામીની પાટ પરંપરાએ ૭૮ મા પટ્ટધર તરીકે અચલગચ્છાધિપતિ પદે બિરાજમાન કરવાનું અખિલ ભારત સંઘે નક્કી કર્યું તે બદલ અનુમોદના.

**- શ્રી ક દ ઓ જૈન મહાજન ગદગ, પ્રમુખ, સેક્રેટરી તથા કારોબારી સમિતી સભ્યો**
**- શ્રી સી ડી ઓ જૈન ઇંગ્લિશ મીડીયમ સ્કુલ - ગદગ, પ્રમુખ, સેક્રેટરી તથા કારોબારી સમિતી સભ્યો**
**- જીવન સંધ્યા સુખાલય, શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ (મૈશેરી) ચેરીટેબલ ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટી તથા દરેક સભ્યો**

-------------------------------------------

## મંગલ પ્રાર્થના

અચલગચ્છ શણગાર, પ્રાચીન સાહિત્ય સંશોધક, પ્રતિભા સંપન્ન પૂ. આચાર્ય દેવશ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની અચલગચ્છનાં વર્તમાન પ્રવાહોમાં પ્રથમ હરોળમાં ગણના થાય છે. જેમનાં પ્રખર અને પ્રતાપી વ્યક્તિત્વને કારણે શાસનનાં અનેક માંગલિક કાર્યો અમલી બની શક્યાં છે. તે પૂજ્ય ગુરૂદેવ કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ અચલગચ્છનાં શણગાર રૂપ છે.

આજે જયારે તેઓશ્રીને ગચ્છાધિપતિ પદે બિરાજમાન કરવામાં આવે છે ત્યારે અત્રેનાં અમારા સંઘને અનેરો આનંદ થાય છે. આપશ્રીને શાસનદેવ દિર્ઘ આયુષ્ય પ્રદાન કરે અને આપશ્રી શાસનની ખૂબ ખૂબ સેવા કરો એવી કલીકટ મહાજનનાં દરેકે દરેક સદસ્યો તથા કમિટી મેમ્બરો તરફથી મંગલ પ્રાર્થના.

**- શ્રી કલીકટ મહાજનનાં કમિટિ મેમ્બરો વતીથી શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન**

-------------------------------------------

## "Strive not to be a success, but rather to be of value"



We, at KDO Classic Society, wish to commend and congratulate you and Prakash Samakisha for bringing out a special edition on the occasion of the conferring of the highest divine title of 'ACHALGACHCHADHIPATI' on our revered Param Pujya Shri Kalaprabha Sagar Surishwarji Maharajsaheb on 20th April 2021. This is undoubtedly a great momentous occasion and deserves to be highlighted and given as much visibility as possible, in our entire Jain fraternity.

Acharyashree is a source of inspiration and hope for all of us, particularly our most precious Jain Community. His life is based on great ideals of Jainism and Jain Philosophy. He has alway been a true ascetic and one of the pioneers in pursuing and propagating the essence and nuances of our rich Jain Dharma. He is an academic genius, profound thinker, skillful orator, versatile writer and incredible mentor of a number of disciples, above all he is a humble sevak and devotee of Lord Mahavira and the religious Jain Order.

We bow with reverence at the lotus feet of Param Pujya Acharya Shri Shri Kalaprabha Sagar Surishwarhi Maharaj Saheb and take pride and feel the honour in his elevation to the most sacred post of ACHALGACHCHADHIPATI.

**For and on behalf of entire KDO Classic Members, Jayant Lapsiaa (President)**

## અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને કોટી કોટી વંદન

કચ્છ ગચ્છની ઉન્નતિ માટે સદાય કાર્યરત,
જીવમાત્ર પ્રત્યે હૃદયમાં કરુણા વહેતી અવિરત,
પ્રભુ મહાવીરનો સંદેશ પ્રત્યેક પ્રદેશમાં ફેલાવતા,
સંઘ સમાજને ધર્મ રસિક બનાવવા મથતા,

અચલગચ્છની ઉજળી પાટ પરંપરાના ૭૮મા પદે બિરાજતા એવા સાહિત્ય દિવાકર પ.પૂ. આ. ભગવંત કલાપ્રભસાગરસૂરીશ્વરજી અચલગચ્છાધિપતિના પદે આરૂઢ થયા ત્યારે અભિનંદન.

**– શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ**

---------------------------------------------

## સર્વાંશે આપની શકિતઓ ખીલે સદાબહાર, કસ્તુરીકી તરહ રહો મહેકદાર, ચાંદનીકી તરહ રહો ચમકદાર, જિનશાસન કે બને રહો સદા શિરતાજ, ગચ્છ ને ગુરુદેવનું નામ રોશન કરો સૂરિરાજ

સાહિત્ય દિવાકર, અચલગરછ નાયક પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના શ્રી સુધર્મા પાટોત્સવ અચલગરછાધિપતિ પદ પ્રદાન મહોત્સવનો પાવન અવસર આજ અચલગચ્છના આંગણે આવી ચૂક્યો છે, ત્યારે સૌના હૈયા આનંદથી ઉછળી રહ્યા છે. દક્ષિણ દિપક, રાજસ્થાન દિપક બિરુદધારી સૂરિજીને ચરણે જીવીસી સંઘ કરે વંદના હજાર. પદ પ્રદાન અવસરે અમ દિલમાં અનેરો ઉમંગ શુભેચ્છાના દિલમાં ઉછળે છે ભાવ તરંગ. જીવીસી સંઘ આપે ઝાઝી ઝાઝી વધાઈ. આપતા રહેજો આશિષ સદાયે સવાઈ.

રાષ્ટ્રસંત અચલગરછાધિપતિ પ. પૂ. આ. ભ. ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના. શિષ્ય અને જિનશાસન શિરોમણી અચલગરછાધિપતિ વર્ષીતપચક્ર ચક્રવર્તી પ.પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના ગુરુબંધુ એવા કલાપ્રભસાગરસૂરીશ્વરજીને પદ પ્રદાનના શુભ અવસરે અમે શુભકામનાઓનો ધરીએ ઉપહાર.

**– ક.દ.ઓ.જી.વી. સી.જૈન સંઘ વતી, પ્રમુખ શ્રી – સમીરભાઇ લક્ષ્મીચંદ નાગડા તથા કારોબારી સભ્યો**

---------------------------------------------

## શુભેચ્છા સાથે અભિનંદન

ભગવાન શ્રી મહાવીર સ્વામીની શ્રમણ પરંપરાના પ્રથમ પટ્ટધર ગણધર ભગવંત શ્રી સુધર્માસ્વામીના ૭૮મા પાટે બિરાજમાન થનાર અચલગચ્છ નાયક, સૂરિમંત્ર પંચ પ્રસ્થાનારાધક, સાહિત્ય સમ્રાટ પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજના શ્રી અચલગચ્છાધિપતિ પદ પ્રદાન પ્રસંગે શ્રી કચ્છ સાંધાણ જૈન મહાજન તરફથી શુભેચ્છા સાથે અભિનંદન.

**– શ્રી સાંધાણ જૈન મહાજન, પ્રમુખ શ્રી ગુલાબ ડી. શાહ**
**શ્રી સાંધાણ શાંતિનાથજી જૈન દેરાસર, ટ્રસ્ટી શ્રી રાજેન્દ્ર શીવજી ચુરલા**

---------------------------------------------

## દીર્ઘાયુષાયમ નિરામય દેહમ દિવ્ય તેજાંસિ પ્રાપ્નુંવંતુંભવ

ગુરૂ ગુણસિંધુ રૂપી સૂર્યના વરસતા કૃપા કિરણોથી વિકસિત થયેલા સૂરિ ગુણોદય રૂપી ચંદ્રના વરસતા કૃપામૃતથી પ્રફુલ્લિત થયેલા સાહિત્ય દિવાકર સૌમ્ય મૂર્તિ સૂરિમંત્ર સાધક, પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને અચલગચ્છાધિપતિ પદારોહણ પ્રસંગે શુભકામનાઓ.

ભલે બિરાજો ગુરૂદેવ ભલે બિરાજો, શાસન ગચ્છને ઉજ્જવલતાના શિખરે લઈ જઈ શ્રી સુધર્માસ્વામીની પરંપરાને ભવ્ય અને દિવ્ય બનાવો.

**– શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ, શ્રી ગુલાબભાઈ ધનજીભાઈ દંડ**



## અંતરની શુભેચ્છાઓ

અચલગચ્છનાયક પ. પૂ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબને પ્રભુ મહાવીર સ્વામીના ગણધર પટ્ટધર શ્રી સુધર્મા સ્વામીજીના પાટાનુપાટે અચલગચ્છાધિપતિની પદવી પ્રદાન પ્રસંગે અંતરની શુભેચ્છાઓ.

– દીપક ગંગાજર ડાઘા, વરાડીયા – મુલુંડ

---



## અભિનંદન અને વંદન

સાહિત્ય દિવાકર, અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની શ્રી સુધર્મા પાટોત્સવ. અચલગચ્છાધિપતિ પદ પ્રદાન મહોત્સવના પાવન અવસરે ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને ખૂબ ખૂબ અનુમોદના તેમજ મારા ખૂબ ખૂબ અભિનંદન અને વંદન. – ચૌલા કુરુવા , સામાજિક કાર્યકર અને લેખિકા

---



## ભાવભરી વંદના

સાહિત્ય દિવાકર, અચલગચ્છ નાયક પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ના શ્રી સુધર્મા પાટોત્સવ અચલગચ્છાધિપતિ પદ પ્રદાન મહોત્સવના પાવન અવસરે ભાવભરી વંદના.

– પ્રબોધ એચ. મુનવર, કોઠારા હાલે વર્ધમાનનગર (તા. ભુજ કચ્છ.)

---



## ખૂબ ખૂબ શુભેચ્છા

સાહિત્ય દિવાકર અચલગચ્છનાયક પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.ના શ્રી સુધર્મા પાટોત્સવ અચલગચ્છાધિપતિ પદ પ્રદાન મહોત્સવના પાવન અવસરે ખૂબ ખૂબ શુભેચ્છા તથા પ્રકાશ સમીક્ષાને ખાસ અંક બદલ ધન્યવાદ. – એડ. મિનલ ભરત ખોના – સુથરી (નવી મુંબઈ)

---

## શુભકામના



પ. પૂ. ગુરૂદેવોશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. તથા શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સાનિધ્યમાં સંયમ જીવનના ૫૧ વર્ષ તથા આચાર્યપદના ૩૩ વર્ષના બહોળા અનુભવ દ્વારા તથા પૂ. ગુરૂદેવોના આશીર્વાદથી આપની અચલગચ્છાધિપતિ પદની મંગલમય યાત્રામાં ગચ્છની ગરિમા તથા અચલગચ્છને એક ઉન્નત શિખરે આરૂઢ કરી જૈન શાસનનું નામ ગુંજતુ રહેશે. આપની આ પદોત્સવ યાત્રા જૈન શાસનમાં દ્દષ્ટાંતરૂપ બની રહે એવી શુભકામના. – મુકેશ દામજી મૈશેરી (લાલા)

---



## ગચ્છને વિશ્વવંદનીય બનાવો

અચલગચ્છ શિરોમણી જિન શાસન પ્રભાવક બહુશ્રુત વિદ્વાન આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.નું અચલગચ્છાધિપતિ પદે આરોહણ ગચ્છને વિશ્વવંદનીય બનાવે એ પ્રભુ નેમિનાથને અભ્યર્થના.

– મુકેશ ભવાનજી લોડાયા – મોટી સિંધોડી

---

## અત્થમિયે જિન સુરજ કેવળ ચંદે જે જગ દીવો

અચલગચ્છાધિપતિ પદ આરોહણ પ્રસંગે ગચ્છ જયોતિ દશે દિશાએ ઝળહળે એવી અંતરની અભ્યર્થના

– કલ્પેશ માણેકજી મોતા, રાપર–ઘાટકોપર

## શુભકામના સહ વંદન.

અંતરની અભિલાષા કે બહુશ્રુત સાહિત્ય દિવાકર, રાજસ્થાન દક્ષિણ દીપક, કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજની ગચ્છાધિપતિ પદે આરોહણ દશ દિશ દીપક બની રહે એવી શુભકામના સહ વંદન.

**- જયંત ભવાનજી સોની - સુથરી (જુહુ-મુંબઈ)**

---

## શુભભાવ સહ અક્ષતના વધામણા

શાસનપતિ ભગવાનશ્રી મહાવીર સ્વામીના પ્રથમ પટ્ટધર, ગણધર ભગવંતશ્રી સુધર્માસ્વામીની ૭૮ મી પાટે બિરાજમાન થનાર, અચલગચ્છની ગરિમા તેની શાન-બાન-આનને વધુ ઉજાગર કરનાર, ગુરૂગુણસિંધુસૂરિના શિષ્યરત્ન, ગુરૂ ગુણોદયસાગરસૂરિના ગુરૂબંધુ, વર્તમાન અચલગચ્છ નાયક, સૂરિમંત્ર પંચ પ્રસ્થાનારાધક સાહિત્ય રત્ન સમગ્ર ભારતભરમાં વિહારો કરી, પ્રવચનો દ્વારા દેશના શ્રી ગચ્છ-શાસનના ઈતિહાસને ચતુર્વિધ સંઘ સમક્ષ લાવનાર, જ્ઞાન, બોધ, તપ-જપ-પૌષધ-સામાયિક તથા જ્ઞાનવૃદ્ધિના તોરણ ઘરે ઘરે બંધાવનાર, સ્વભાવે મિલનસાર, પ્રસન્નમૂર્તિ, સહનશીલ, પંચાચાર તથા પુરુષાર્થની પ્રતિમા અને પ્રેરણામૂર્તિ, સંઘ કૌશલ્યાધાર એવા પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાને અમારા પરિવાર વતી કોટીશઃ વંદન. પૂજ્યશ્રીને અચલગચછાધિપતિ પદ પ્રદાન કરવામાં આવ્યું તે શુભ ક્ષણોને અમારા અંતરના શુભભાવ સહ અક્ષતના વધામણા.

**-કુમાર બાબુભાઈ દંડ (આણંદ પરિવાર), તેરા - ભાંડુપ**

---

## કોટી કોટી વંદન

પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજના ગચ્છાધિપતિ પદનો આનંદ સભર પાટોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે નેક, પ્રતિભાવંત, જિનશાસનના શણગાર, અદ્ભૂત ગુણવૈભવ ધરાવતા શાસન સમ્રાટને કોટી કોટી વંદન.

**- કુલીનકાંત ચાંપશી લુઠીયા- ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, સમાજિક કાર્યકર, માનવજયોત**
**વિરેશ ચાંપશી લુઠીયા-મે. ટ્રસ્ટી માનવજયોત, કોલકત્તા**
**સી.એ. શ્રી નરેશ ભવાનજી શાહ, સી.એ. શ્રી રમેશ દેવજી ખોના, સી.એ. શ્રી વિપુલ વિનોદ ધુલા**

---

## અનુમોદના અને અભિનંદન

અચલગચ્છ નાયક પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ના શ્રી સુધર્મા પાટોત્સવ અચલગચ્છાધિપતિ પદ પ્રદાન મહોત્સવના પાવન અવસરે સૌનું શુભ મંગળ થાય એવા શુભ ભાવો જેમના હૃદયમાં વસે છે એવા સાહિત્ય દિવાકર સદ્ગુરૂજીને સાદર પ્રણમતાં અંતરપૂર્વક અનુમોદના અને અભિનંદન. પરમ ઉપકારી ગુરૂદેવશ્રી આપશ્રી શતાયુ બની શાસનના ઉત્તમ કાર્યોમાં સાતત્યપૂર્ણ, શીઘ્રતાથી અવિરત આગળ ધપતા રહો એ જ શુભેચ્છા. ગુરૂવર આપશ્રીનું સચોટ સમ્યક માર્ગદર્શન અમને આપતાં રહો અને સકળ સંઘ પર આપશ્રીના અમૃતમય આશિષ વરસતા રહો એવી અભ્યર્થના.

'ગુરૂજી અમારો અંતરનાદ અમને આપો આશીર્વાદ'

**- શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારના જય જિનેન્દ્ર**

---

## કોટી કોટી વંદન

શ્રી સુધર્માસ્વામી પાટોત્સવે ૭૮ મા પાટે ગચ્છાધિપતિ ગાદીએ આરૂઢ થઈ અચલગચ્છ સંઘોની ધુરા સંભાળનાર બાવન વર્ષિય સંયમી મહાત્મા, સરળ સ્વભાવી સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મા.સા.ને કોટી કોટી વંદન.

**ટ્રસ્ટીગણ, શ્રી આદેશ્વરજી મહારાજ જૈન દેરાસરજી અને સાધારણ ફંડ તથા**
**શ્રી કચ્છ મંજલ રેલડિયા ક.દ.ઓ. જૈન મહાજન હસ્તક ફંડસ ટ્રસ્ટ - મંજલ રેલડિયા (મુંબઈ)**



## આ ધન્ય પ્રસંગે આપના ચરણોમાં વંદન.

શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપા, તેમના પટાલંકાર તપચક્રવર્તી, જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના અનુગામી સાહિત્ય દિવાકર, સૌમ્યસ્વભાવી, સંઘ કૌશલ્યાધાર, રાજસ્થાન-દક્ષિણ દીપક, અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને શ્રી સુધર્મા સ્વામી ભગવંતની ૭૮મી અને અચલગચ્છના આદ્ય પ્રવર્તક શ્રી આર્યરક્ષિત સૂરિની ૩૨મી પાટે બિરાજમાન થઈ અચલગચ્છાધિપતિ પદે વિભૂષિત થતા સકળ શ્રી સંઘ અને અમારો શ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર (વરાડીયા-કચ્છ, હૈદરાબાદ) આનંદવિભોર બન્યો છે. આ ધન્ય પ્રસંગે આપના ચરણોમાં વંદન.

જિનાલયો, ઉપાશ્રયો, જ્ઞાન ભંડારો, પાઠશાળા, સ્વાધ્યાય કેન્દ્રો, જ્ઞાન શિબિરો, છ'રી સંઘો, નવ્વાણું યાત્રાઓ, સાહિત્ય સર્જનો, અહિંસા સંમેલનો, પ્રાચીન તીર્થો જીર્ણોદ્ધાર આદિ.. પ્રભાવક સુકાર્યોની પરંપરાને સર્જનારા, શ્રી અચલગચ્છ જૈન સંઘ - હૈદરાબાદ (સીટી) જિનેશ્વરધામના પ્રેરણા સ્રોત અને એ સુકૃત કાર્ય માટે વડીલ શ્રી મણીકાંતભાઈ મેઘજી મોમાયા અને સમસ્ત પરિવારજનો પર અવિરત આશીર્વાદ અને સદૈવ કૃપા દ્રષ્ટિ વરસાવી તીર્થ સ્વરૂપ વિશાળ જિનાલય નિર્માણથી અનેકોનેક શાસન કાર્યોની હારમાળા સર્જાવી કાર્યોને ઉજાગર કરાવ્યા જેનું ઋણ હંમેશા અમારા પરિવાર પર રહેશે.

**- શ્રી હેમાંગ મણિકાંત મેઘજી મોમાયા, વરાડીયા - હૈદ્રાબાદ**

---



## અંતરના ઊંડાણથી શુભેચ્છાઓ

અચલગચ્છની જ્વલંત પાટ પરંપરાની ૭૮મી પાટે શાસનપતિ તરીકે અચલગચ્છાધિપતિની પાવન પદવી પ્રદાન મહોત્સવ નિમિત્તે સાહિત્ય દિવાકર, અચલગચ્છ નાયક પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.ને અંતરના ઊંડાણથી શુભેચ્છાઓ પાઠવીએ છીએ. પૂજ્યશ્રીના આશીર્વાદથી સમસ્ત જિનશાસન અને સંપૂર્ણ જીવમાત્રને શાતા અને મહામારીથી મૂક્તિ મળે એવી શુભભાવના સેવીએ છીએ.

**- શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી તથા કારોબારી સભ્યો વતી**
**શ્રી વિજય વિસનજી સોની, પ્રમુખ**

---

## સબહુમાનપૂર્વક કોટિ કોટિ વંદન હોજો

સંઘ વત્સલ સૂરિમંત્ર પંચ પ્રસ્થાનાધારક, અચલગચ્છ નાયક પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ને ''અચલગચ્છાધિપતિ'' પદે બિરાજમાન થવા બદલ અભિનંદનનું આકાશ અને સ્નેહનું સંભારણું ચરણે ધરીએ છીએ. સન - ૨૦૦૬ ના અબડાસાના મહોત્સવની હારમાળાનો પહેલો મણકો એટલે અમારૂં મોટી સિંધોડી ગામ... ત્રણ ત્રણ દિવસની પૂજ્યશ્રીની સ્થિરતા... એટલું જ નહિ જિનાલયના શિખરે આરોહણ કરી, નૂતન ધ્વજદંડને વાસનિક્ષેપ કર્યો હતો. વિશેષમાં, પોતાની મધુર વાણીથી ઈતર સમાજને વ્યસન મુક્તિ અંગે પ્રેરણા કરી. અત્યારે નૂતન જિનાલય નિર્માણાધીન છે, તેમાં પણ પૂજ્યશ્રી સમયે - સમયે માર્ગદર્શન અને પ્રેરણાબળ પૂરૂં પાડી રહ્યા છે. અબડાસા વિસ્તારમાં જ્યારે પણ વિહાર કરવાનું હોય, ત્યારે જિન-શાસનમાં પ્રભાવનાર્થે જરૂર સિંધોડીની ભૂમિને પોતાના ચરણ-સ્પર્શનો લાભ આપે છે. સિંધોડી ગામની રિધ્ધિ-સિધ્ધિ વધે, ફૂલે-ફલે એ માટે પણ પૂજ્યશ્રી હમેશાં ચિંતિત રહે છે અને એ સંદર્ભમાં તેઓશ્રી પોતાના વિચારો વહેતા કરે છે.

પોતે તો જીવન જીવવાની ''કલા'' જાણી લીધી, પણ એમના સત્સંગમાં આવનાર દરેક જીવો પણ એ ''કલા'' શીખી લે એ માટે... દિવસમાં એકથી વધુ વિહાર કરવા સદાયે તત્પર એવા પૂજ્યશ્રી જ્યારે ''અચલગચ્છાધિપતિ'' તરીકે, આટલા સુવિશાલ સમુદાયની ધુરા સંભાળવાની છે... ત્યારે પરમ કૃપાળુ પરમાત્માને એજ પ્રાર્થના કે, આપશ્રીના કરકમળ દ્વારા શાસન-સમાજ ઉત્કર્ષના અનેકવિધ સત્કાર્યો નિરંતર થતા રહે એ માટે નીરોગી દીર્ઘાયુ પ્રાપ્ત હો એજ મંગલ કામના સહ...

**- શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ - મોટી સિંધોડી**

## 'અચલગચ્છાધિપતિ'ને ભાવભીની વંદના

સકલ સંઘના મહાન ભાગ્યોદયે આ સોનરી પળ નિહાળવાનું સૌભાગ્ય આજે આપણને સહુને પ્રાપ્ત થઈ રહ્યું છે... ત્યારે શ્રી સુજાપુર ક. દ. ઓ,. જૈન મહાજન ગૌરવ અનુભૂતિ કરી રહ્યું છે. અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા. ના અચાનક વ્રજઘાત સમા ચિરવિદાયના અવકાશને પુરવા ચતુર્વિધ સંઘે સાહિત્યદિવાકર પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ને ગચ્છનાયક પદે બિરાજમાન કર્યા.. ત્યારબાદ અમારી તથા અનેક સંઘોની આગ્રહભરી વિનંતી હતી કે પૂજ્યશ્રીને વિધિપૂર્વક 'અચલગચ્છાધિપતિ' પદે બિરાજમાન કરવા જોઈએ... એ સ્વપ્ન હવે સાકાર થઈ રહ્યું છે. પૂજ્ય ગુરૂદેવશ્રીના અમારા સંઘ પર અનંત ઉપકારો છે. વિ. સં. ૨૦૬૩ મહા સુદ ૬ એટલે તા. ૨૪-૧-૨૦૦૭ ના મંગલકારી દિને અમારી વિનંતીનો સ્વીકાર કરી સૂરિમંત્રપંચપ્રસ્થાન આરાધક પ. પૂ.આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. એ જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા અવસરે નિશ્રા આપી... અમને ઉપકૃત કર્યા. સમયે સમયે અમને માર્ગદર્શન આપી સદા હસતા મુખે દર્શન આપતા રહ્યા છે... પૂજ્ય શ્રીને અચલગચ્છાધિપતિ પદાસીન થવાના અવસરે સંઘ ભાવભીની વંદના કરી અને સદા આપની આજ્ઞામાં રહીશું એવી ખાત્રી આપે છે.

**- શ્રી કચ્છ સુજાપુર અજિતનાથજી જૈન દેરાસર ટ્રસ્ટના બહુમાનપૂર્વક કોટી કોટી વંદન હોજો**

---

## અનુમોદના... અનુમોદના... ઘણું જીવો... ઘણું જીવો... ઘણું જીવો...

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ના કૃપા પાત્ર અને પરમ પૂજ્ય આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના અનુગામી પટ્ટધર અચલગચ્છનાયક, સાહિત્યદિવાકર, રાજસ્થાન, દક્ષિણ દીપક, પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ને શ્રી સુધર્મા પાટોત્સવ અચલગચ્છાધિપતિ પદ પ્રદાનની અમારા સંઘવતી ખૂબ ખૂબ અનુમોદના. અમે શાસન દેવોને પ્રાર્થના કરશું કે આપના ગચ્છાધિપતિ પ્રદાન પછી જિનશાસનના ખૂબ પ્રભાવક કાર્યો થાય. જેની પ્રભાવક્તા દિગંતમાં વ્યાપી રહે. અને આપણા અચલગચ્છની ખૂબ ઉન્નતિ થાય. શ્રી ચતુર્વિધ સંઘને આપના ખૂબ ખૂબ આશીર્વાદ મળતા રહે. તામિલનાડુ રાજ્યે કોઈમ્બતુર નગરની ધરા પર આપના પાવન પગલાં થાય તેવી શુભ મંગલ ભાવના.

**- શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન, શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ, કોઈમ્બતુર**

---

## અનુમોદના સહ શુભેચ્છા

સાહિત્ય દિવાકર, અચલગચ્છ નાયક પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના શ્રી સુધર્મા પાટોત્સવ-અચલગચ્છાધિપતિ ૭૮મા પદ પ્રદાન મહોત્સવના પાવન અવસરે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન બડગરાની ઘણી ઘણી અનુમોદના સહ શુભેચ્છા.

**- શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન બડગરા, નરેન્દ્ર પ્રેમજી, મંત્રી**

---

## શુભેચ્છા સહ વંદન.

સાહિત્ય દિવાકર અચલગચ્છ નાયક પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના શ્રી સુધર્મા પાટોત્સવ-અચલગચ્છાધિપતિ પદ પ્રદાન મહોત્સવના પાવન અવસરે ખૂબ ખૂબ શુભેચ્છા સહ વંદન.

**- માતુશ્રી જેઠબાઈ જિનાલય ચેરીટી ટ્રસ્ટ જૈન સંઘ સેકટર -૨૮ વાશી, નવી મુંબઈ વતી**
**પ્રમુખ : મણીલાલ રાયચંદ શાહ (કોઠારા), પરેશ લહેરચંદ લાલકા (લાલા)**

---

**ભુવન પદારથ પ્રગટન પટુતે, ગચ્છાધિપતિ આચારજ ચિરંજીવો.**

**પૂજ્યશ્રીના ચરણોમાં વંદન** **- કેસરસિંહ ખોના**

## આશિર્વાદથી સુશોભિત કરશો

સાહિત્ય દિવાકર, અચલગચ્છ નાયક પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મા. સા. ના શ્રી સુધર્મા પાટોત્સવ અચલગચ્છાધિપતિ પદ પ્રદાન મહોત્સવના પાવન પ્રસંગે શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અને શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ (રાયપુર)ની શુભેચ્છાઓ. આપશ્રીની શુભ નીશ્રામાં શ્રી કુંથુનાથ જિનાલયની પ્રતિષ્ઠા વર્ષ ૨૦૦૧માં થયેલ. છત્તીસગઢમાં પ્રથમ વખત આ. ભ. ની ક્ષેત્ર સ્પર્શાના થયેલ. શ્રી ઉવસગ્ગહરં (નગપુરા) તીર્થ માં આપશ્રીનો સુંદર ચાતુર્માસનો અનેરો અવસર પણ શ્રી રાયપુર સંઘને મળેલ. આપશ્રી અચલગચ્છાધિપતિના પદ પર સુશોભિત થઈ સમગ્ર અચલગચ્છ સંઘને આપની પ્રેરણા, માર્ગદર્શન અને આશિર્વાદથી સુશોભિત કરશો એજ વિનંતી.

**– શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અને શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ-રાયપુર**

---

## કોટી કોટી વંદન

સાહિત્ય દિવાકર, રાજસ્થાન દીપક, દક્ષિણ દીપક અચલગચ્છ શિરોમણી, ગચ્છનાયક પ.પુ. આચાર્ય ભગવંત કલાપ્રભસાગરસૂરિજી મ.સા.ના અચલગચ્છાધિપતિ પદ પ્રદાન આરોહનના દિવ્ય અવસરે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલીયાના કોટી કોટી વંદન અને સકળ અચલ ગચ્છ શ્વેતાંબર જૈન સંઘ વિધિ પક્ષની બહુમુખી વૃદ્ધિ થાય એવી અભિલાષા.

**– ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન.- નલીયા**

---

## શુભભાવના સહ કોટી કોટી વંદન.

અચલગચ્છાધિપતિ શ્રી જિનેન્દ્ર સાગર સૂરિ ક. દ. ઓ. જૈન બોર્ડિંગ (ધુલિયા) આપના ગચ્છાધિપતિ પદારોહણ પ્રસંગે ખુશી પ્રદર્શિત કરી આપની આજ્ઞા અનુશાસનમાં રહેવા તત્પર છીએ. આપ અમને, સંસ્થાને સમ્યક્ માર્ગદર્શન આપતા આશીવાદો વર્ષાવતા રહો એજ શુભભાવના સહ કોટી કોટી વંદન.

**– અ. જિનેન્દ્રસાગરસૂરિ ક. દ. ઓ. જૈન બોર્ડિંગ, ધુલિયા – ટ્રસ્ટી મંડળ**

---

## મંગલમય શુભકામનાઓ

૬૮ વર્ષીય, ૫૨ વર્ષીય સંયમી જીવન દિપાવનાર, ૩૪ વર્ષીય આચાર્યપદ શોભાવનાર, અચલગચ્છ નાયક સાહિત્ય દિવાકર, રાજસ્થાન –દક્ષિણ દિપક પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાના વિ. સં. ૨૦૭૭,ચૈત્ર સુદ ૧૧, ગુરૂવાર તા. ૨૨-૦૪-૨૦૨૧ ના શુભ મુહુર્તે મુંબઈ મુકામે સુધર્માસ્વામિની પાટ પરંપરામાં ૭૮ મા પટ્ટધર અચલગ્છાધિપતિશ્રી પદપ્રદાન શ્રી 'સુધર્માપાટોત્સવ'ના 'ધર્મોત્સવ' પ્રસંગે અંતઃકરણથી મંગલમય શુભકામનાઓ સહ નત મસ્તકે ચરણોમાં કોટી કોટી વંદન. **– માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર (સુથરી)**

---

## ખુબ ખુબ શુભેચ્છા

અચલગચ્છ નાયક, સૂરિમંત્ર પંચ પ્રસ્થાનારાધક, ગુરૂ ગુણસૂરિના પટ્ટધર, પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાને અચલગચ્છાધિપતિ પદ પ્રદાન નિમિત્તે ખુબ ખુબ શુભેચ્છા અને પ્રકાશ સમીક્ષાને ખાસ અંક બહાર પાડવા બદલ ધન્યવાદ.. **– શ્રી નવીનચંદ્ર રતનશી રાયશી લોડાયા પરિવાર – મોટી ખાવડી (મુલુંડ)**

---

## કોટી કોટી વંદન

સાહિત્ય દિવાકર, રાજસ્થાન દક્ષિણ દીપક પ. પૂ. આ. ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ને અચલગચ્છાધિપતિ પદે આરોહણ પ્રસંગે કોટી કોટી વંદન. **– ઉદયન લાલજી શાહ, શ્રીમતી હર્ષા ઉદયન શાહ – મોટી સિંઘોડી (મુલુંડ)**

## શાસનપ્રભાવક પ.પૂ. આ. ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના શાસન પ્રભાવક ચાતુર્માસોની સૂચિ – સંવત ૨૦૨૬ થી સંવત ૨૦૭૭



| | | |
|---|---|---|
| ૧ | સં. ૨૦૨૬ | બિદડા (કચ્છ) |
| ૨ | સં. ૨૦૨૭ | મોટા આસંબીયા (કચ્છ) |
| ૩ | સંત ૨૦૨૮ | બાડા (કચ્છ) |
| ૪ | સં. ૨૦૨૯ | ભુજપુર (કચ્છ) |
| ૫ | સં. ૨૦૩૦ | રાયણ (કચ્છ) |
| ૬ | સં. ૨૦૩૧ | દુર્ગાપુર (કચ્છ) |
| ૭ | સં. ૨૦૩૨ | બાડમેર (રાજ.) |
| ૮ | સ. ૨૦૩૩ | ઘાટકોપર (પૂર્વ) (જીરાવલ્લા) |
| ૯ | સં. ૨૦૩૪ | માટુંગા (મુંબઈ) |
| ૧૦ | સં. ૨૦૩૫ | ગોરેગાંવ (વેસ્ટ) |
| ૧૧ | સં. ૨૦૩૬ | મુલુંડ (વેસ્ટ) |
| ૧૨ | સં. ૨૦૩૭ | માટુંગા (મુંબઈ) |
| ૧૩ | સં. ૨૦૩૮ | મહાલક્ષ્મી (મુંબઈ) |
| ૧૪ | સં. ૨૦૩૯ | લાલવાડી (મુંબઈ) |
| ૧૫ | સં. ૨૦૪૦ | શ્રી સમેતશિખરતીર્થ |
| ૧૬ | સ. ૨૦૪૧ | અમદાવાદ (મણિનગર) |
| ૧૭ | સં. ૨૦૪૨ | ઘાટકોપર (પૂર્વ) |
| ૧૮ | સં. ૨૦૪૩ | ભીનમાલ (રાજ.) |
| ૧૯ | સં. ૨૦૪૪ | મહાલક્ષ્મી (તીરૂપતિ) |
| ૨૦ | સં. ૨૦૪૫ | મુલુંડ (વેસ્ટ) |
| ૨૧ | સં. ૨૦૪૬ | ચેમ્બુર (આદીશ્વર દેરાસર) |
| ૨૨ | સં. ૨૦૪૭ | ડોંબીવલી (પૂર્વ) |
| ૨૩ | સં. ૨૦૪૮ | ચીંચબંદર (મુંબઈ) |
| ૨૪ | સં. ૨૦૪૯ | હૈદ્રાબાદ |
| ૨૫ | સં. ૨૦૫૦ | કાંદિવલી (વેસ્ટ) |
| ૨૬ | સં. ૨૦૫૧ | બાડમેર (રાજ.) |
| ૨૭ | સં. ૨૦૫૨ | ગોધરા (કચ્છ) |
| ૨૮ | સં. ૨૦૫૩ | ડોંબીવલી (ઈસ્ટ) |
| ૨૯ | સં. ૨૦૫૪ | ડોંબીવલી (ઈસ્ટ) |
| ૩૦ | સં. ૨૦૫૫ | પવઈ (મુંબઈ) |
| ૩૧ | સં. ૨૦૫૬ | હૈદ્રાબાદ |
| ૩૨ | સં. ૨૦૫૭ | છત્તીસગઢ |
| ૩૩ | સં. ૨૦૫૮ | શ્રી દંતાણી તીર્થ (રાજ.) |
| ૩૪ | સં. ૨૦૫૯ | લાયજા મોટા (કચ્છ) |
| ૩૫ | સં. ૨૦૬૦ | થાણા (મહારાષ્ટ્ર) |
| ૩૬ | સં. ૨૦૬૧ | બાડમેર (રાજ.) |
| ૩૭ | સં. ૨૦૬૨ | શ્રી ગુણપાર્શ્વતીર્થ (દેઢીયા કચ્છ) |
| ૩૮ | સં. ૨૦૬૩ | પાલિતાણા |
| ૩૯ | સં. ૨૦૬૪ | દેવપુર (ગઢવાળી) (કચ્છ) |
| ૪૦ | સં. ૨૦૬૫ | દુર્ગાપુર (નવાવાસ) (કચ્છ) |
| ૪૧ | સં. ૨૦૬૬ | કાંડાગરા સકળ જૈન સંઘ |
| ૪૨ | સં. ૨૦૬૭ | બાડમેર (રાજ) |
| ૪૩ | સં. ૨૦૬૮ | જોગેશ્વરી (મુંબઈ) |
| ૪૪ | સં. ૨૦૬૯ | નવી મુંબઈ (વાશી) |
| ૪૫ | સં. ૨૦૭૦ | બિદડા (કચ્છ) |
| ૪૬ | સં. ૨૦૭૧ | મુલુંડ (વે) |
| ૪૭ | સં. ૨૦૭૨ | રામજી કા ગોલ (રાજ.) |
| ૪૮ | સં. ૨૦૭૩ | ઘાટકોપર (મુંબઈ) |
| ૪૯ | સં. ૨૦૭૪ | પાલિતાણા |
| ૫૦ | સં. ૨૦૭૫ | નરેડી (કચ્છ) |
| ૫૧ | સં. ૨૦૭૬ | મુલુંડ (પૂર્વ) મુંબઈ |
| ૫૨ | સં. ૨૦૭૭ | માટુંગા (મુંબઈ) |

# ઝરૂખો જિનશાસન અને વિધિપક્ષ અચલગચ્છનાં સંક્ષિપ્ત ઈતિહાસનો

શિલ્પા અજાણી (B.Com., D.G., FGA, Lon. FFIG)

જૈન ધર્મ અનાદિ કાળથી ચાલ્યો આવે છે. હાલમાં વર્તમાન ચોવીસીનાં છેલ્લા બે તીર્થંકરો શ્રી પાર્શ્વનાથ તથા શ્રી મહાવીર ભગવાનની શિષ્ય પરંપરા વિદ્યમાન છે. વર્તમાનકાળમાં પ્રભુ શ્રી મહાવીર સ્વામીનું શાસન ચાલે છે. આથી લગભગ ૨૫૭૫ વર્ષ પૂર્વે પ્રભુએ સ્થાપેલા ચતુર્વિધ સંઘની પરંપરા આજ દિવસ સુધી ચાલુ રહી છે. ચતુર્વિધ સંઘ એટલે કે સાધુ, સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકા. તેની પવિત્રતા અને મહત્તાનો પડઘો ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણના આ મંતવ્યમાં સંભળાય છે.

The Jain Sadhu leads a life which is praised by all. He practices the vratas and rites strictly and shows to the world the way one has to go in order to realise the atma (soul). Even the life of a Jain householder is so faultless that India should be proud of him

**ચતુર્વિધ સંઘની સ્થાપના :**

પ્રભુ મહાવીર સ્વામીએ તેમના ૧૧ મુખ્ય શિષ્યો બનાવ્યા જે ગણધરો તરિકે પ્રસિદ્ધ થયા. પ્રભુના ૧૧ ગણધરોમાંના પાંચમાં ગણધર હતા શ્રી સુધર્માસ્વામી, આજનો સમસ્ત શ્રમણસમૂહ શ્રી સુધર્મા સ્વામીનો અનુયાયી ગણાય. મહાસતી ચંદનબાળાએ પણ શ્રમણ ધર્મનો સ્વીકાર કર્યો અને પ્રભુએ તેમને ‘પ્રવર્તિની’ નું પદ આપી સાધ્વીઓના વડા તરીકે સ્થાપ્યા. વીર પ્રભુના જીવનકાળમાંજ તેમના ૧૧ ગણધરોઓમાંના ૯ એક એક માસનું અનશન કરી નિર્વાણ પામ્યા. બે શિષ્યોમાંના પ્રભુના સૌથી પ્રથમ અને મોટા ગણધર શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ સ્વામી તો પ્રભુ મહાવીર સ્વામીના નિર્વાણ પછી અલ્પ સમયમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી નિર્વાણ પામ્યા. હવે સંઘ વ્યવસ્થાની સઘળી જવાબદારી સંઘ નાયક શ્રી સુધર્મા સ્વામીએ સંભાળી. બીજા ગણધરોના શિષ્યો પણ તેમની આજ્ઞામાં જ રહ્યા. શ્રી સુધર્મા સ્વામીની દેશના સાંભળીને વૈરાગી બનેલા જંબુકુમારે તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી. આ અવસર્પિણી કાળના છેલ્લા કેવલી ભગવંત શ્રી જંબૂસ્વામી બન્યા.

**જૈન સંપ્રદાયો :**

આગળ જતા, જૈનોમાં બે મુખ્ય શાખાઓ થઈ, શ્વેતાબંર અને દિગંબર. બંને શાખામાંની કઈ શાખા વધુ પ્રાચીન છે તે ચર્ચાસ્પદ વિષય છે. કહેવાય છે કે ચંદ્રગુપ્ત મોર્યાના શાસનકાળમાં ૧૨ વર્ષ સખત દુકાળ પડ્યો હતો. ત્યારે આચાર્ય ભદ્રબાહુસ્વામીએ પોતાના ૭૦૦૦ (મુનિસંઘ) અનુયાયીઓ સાથે ઉજ્જૈન નગરી ત્યજી, દક્ષિણમાં પ્રયાણ કરી કર્ણાટકમાં શ્રવણ બેલગોડા ગયા અને દિગંબર સંપ્રદાયનો જન્મ થયો. જયારે તેમના તથા આચાર્ય સમ્ભુતીવિજયસૂરિના શિષ્ય આ સ્થુલિભદ્રસૂરિ ઉત્તર ભારતમાં જ રહી અને શ્વેતાંબર સંપ્રદાયનાં અગ્રણી થયા.

શ્વેતાંબર તથા દિગંબર સંપ્રદાયમાં શાખાઓ તથા પેટા શાખાઓ થતી ગઈ. શ્વેતાંબર સંપ્રદાયની શાખાઓ મુખ્યત્વે ૨ છે. મૂર્તિપૂજક એટલે કે દેરાવાસી, સ્થાનકવાસી અને સ્થાનકવાસીની શાખા છે તેરાપંથી. શ્રાવકોમાં પણ સમય જતાં દસા-વિસાના ભેદો થયા. શ્વેતાંબર મૂર્તિમૂજક જૈન પરંપરાને સુદૃઢ કરવાનો ફાળો આચાર્ય વજસેનસૂરિને જાય છે. તેમના ચાર શિષ્યોના નામથી ચાર અલગ-અલગ કૂળો પ્રસિદ્ધ થયા જેમકે નાગેન્દ્ર ગચ્છ, ચંદ્રગચ્છ, નિવૃત્તિગચ્છ અને વિદ્યાધરગચ્છ તેમાંની ઉપશાખાઓ અને મુનિસંઘોએ વિધવિધ દિશાઓમાં વિહાર કરી ધર્મનો પ્રચાર કર્યો. આ મુનિસંઘો તેમના મુખ્ય નગર, કોઈ નોંધપાત્ર ઘટના મુખ્ય મુનિ નાયકના નામથી પ્રસિદ્ધિ પામ્યા અને ધીરે ધીરે ૮૪ કે અધિક ગચ્છો બની ગયા. ‘ગચ્છ’નો અર્થ સમુદાય, સંગઠન, ગણનો સમૂહ થાય. સાધુજનોની પરંપરાને ગચ્છ કહેવાય.

**અચલગચ્છની ગૌરવ ગાથા :**

૭મી-૮મી સદીથી લગભગ ૮૪ જેટલા ગચ્છોની સ્થાપના થઈ પણ તેમાંથી બહુ જૂજ ગચ્છોનું અસ્તિત્વ આજે પણ બરકરાર રહ્યું છે. જેમ કે આપણું અચલગચ્છ તથા તપગચ્છ, ખડતરગચ્છ, પાર્શ્વચંદ્રગચ્છ, ત્રિસ્તુતિકગચ્છ, વિમલગચ્છ, વડગચ્છ, બૃહદ્‌ગચ્છની શાખાઓ છે. આ ગચ્છોમાં ઘણા પ્રભાવક આચાર્યો થઈ ગયા જેઓનો જૈન ધર્મના પ્રચાર તથા સંરક્ષણમાં અદ્‌ભૂત ફાળો રહ્યો છે.

અચલગચ્છના ઈતિહાસમાં શંખેશ્વરગચ્છ અને વડગચ્છ એમ બે ગચ્છની પરંપરા જોડાયેલી છે. આ બંને ગચ્છમાંથી નીકળેલા નાણાવાલગચ્છના આ. આર્યરક્ષિતસૂરિજીએ એ વડગચ્છના પ્રભાવક આચાર્યશ્રી જયસિંહસૂરિની નિશ્રામાં દીક્ષા લઈને નાણાવાલગચ્છમાં ક્રિયોદ્ધાર કર્યો. તેઓએ વિ. સં. ૧૧૬૯ માં વિધિપક્ષગચ્છની સ્થાપના કરી અને ૭૦ બોલની પ્રરૂપણા કરી. ૧૨ મી સદીમાં ૪૭મા પટ્ટધર, આ યુગપ્રધાન આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજીએ શિથિલ કે ભુલાઈ ગયેલ શાસ્ત્રીયતાને પુનઃ જીવંત કરી જિનશાસનની કીર્તી પતાકા અભીતઃ લહેરાતી કરી દીધી. વિધીપક્ષનું નામ અચલગચ્છનું કઈ રીતે પડ્યું તેના બે-ત્રણ અલગ અલગ ઉલ્લેખો મળે છે.

૧) રાજા સિદ્ધરાજે પુત્ર કામેષ્ટિ યજ્ઞ શરૂ કર્યો હતો અને ત્યારે એક ગાય મરી ગઈ. રાજાની વિનંતીને માન આપી આચાર્ય આર્યરક્ષિતસૂરિજીએ પરકાયા પ્રવેશીની વિદ્યાથી ગાયને યજ્ઞશાળાની બહાર કાઢી આપી. રાજા સિદ્ધરાજ આ ઘટનાથી ખૂબ જ પ્રભાવિત થઈને વચનપાલનમાં અચલ એવા આર્યરક્ષિતસૂરિને 'અચલ' એવું બિરૂદ આપ્યું. ત્યારથી વિધિપક્ષગચ્છ અચલગચ્છનાં નામથી પ્રખ્યાત થયું.

૨) રાજા કુમારપાળની સભામાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રચાર્યસૂરિ આદિ ધર્મચર્ચા કરી રહ્યા હતા તે વખતે યોગાનુયોગ મંત્રી કપર્દિ સભામાં પ્રવેશ્યા અને તેમણે આચાર્યને ખેસના છેડાથી -અંચલથી ભૂમિને પ્રમાર્જીને વંદન કર્યું. આ વિધિ શાસ્ત્રોક્ત છે એની હેમચંદ્ર આચાર્યશ્રીના મુખેથી ચોકસાઈ કરીને ગુર્જરેશ્વર કુમારપાળે વિધિપક્ષગચ્છને અંચલગચ્છનું નામ આપ્યું.

૩) કોઈ વખતે પાટણના ઘણા ગચ્છના ઉપાશ્રયોમાં રાજાનો આદેશ ગયો કે પર્યુષણની પાંચમ કરનારા ચાતુર્માસ પ્રારંભ પૂર્વે જ વિહાર કરી અન્યત્ર જાય જયારે વિધિપક્ષના ગચ્છના સમર્થ આચાર્ય જયસિંહસૂરિજીએ જણાવ્યું કે આવશ્યક સૂત્રના પ્રથમ નવકાર મંત્ર પર રોજ વ્યાખ્યાનમાં વિવેચનમાં વિશાળ જનતાને ખૂબ અભિરૂચી છે તે પૂર્ણ કરીને વિહાર થશે ત્યારે કુમારપાલ રાજા-હેમચંદ્રાચાર્યથી માર્ગદર્શન લઈ અપવાદરૂપ તેમને વિહારની ના પાડે છે એટલે આ. જયસિંહસૂરિજી પર્યુષણ પંચમી આરાધના બાબતથી ચલ ન થયા જેથી કુમારપાળ રાજાએ અચલગચ્છ એવું નામાભિધાન કરેલ એમ ભીમશીં માણેકે છપાવેલ પ્રાચીન પટ્ટાવલ્લિ આદિમાં ઉલ્લેખ છે.

શ્રી આર્યરક્ષિતસૂરિનો ઉપદેશ સાંભળી મહામંત્રી કર્પદિની દીકરી સોમાઈએ, કરોડોની મુદ્રાના આભુષણો ત્યજીને પોતાની ૨૫ સખીઓ સાથે દીક્ષા લીધી અને તેમને નામ આપવામાં આવ્યું સમયશ્રી, આ સાધ્વી શ્રી સમયશ્રીજીએ આપણા વિધિપઘગચ્છના સર્વ પ્રથમ સાધ્વી તરીકે નામના મેળવી. શ્રી આર્યરક્ષિતસૂરિનો વિશાળ આજ્ઞાવર્તિ પરિવાર હતો. જેમાં ૨૨૦૨ સાધુઓ અને ૧૩૧૫ સાધ્વીજીઓ સામેલ હતા. તેમના ઉપદેશથી પ્રભાવિત થઈને ઘણા જિનાલયો બંધાણા હતા. કહેવાય છે કે શ્રી આર્યરક્ષિતસૂરિજીની પ્રેરણાથી એક જ દિવસે ભદ્રેશ્વર સહિત ચૌદ જિનાલયોની પ્રતિષ્ઠા થઈ હતી, અને તેઓ પોતે ૧૪ રૂપો ધારણ કરીને દરેક પ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત હતા. અચલગચ્છના અધિષ્ઠાયિકા દેવી ચંકેશ્વરી માતા તથા કાલિકા માતા છે.

**અચલગચ્છના પ્રથમ કચ્છના ગચ્છાધિપતિ :**

ગણધર શ્રી સુધર્મા સ્વામીની પટ્ટાવલીમાં ૬૬ માં 'ગચ્છેશ' શ્રી વિદ્યાસાગરસૂરિજી થઈ ગયા તેઓ આપણી જ્ઞાતિ કચ્છી દશા ઓશવાલ જૈનના નાગડા ગોત્રમાં જન્મેલા પ્રથમ કચ્છના આચાર્ય થયા. સં ૧૭૫૬માં ફક્ત નવ વર્ષની ઉંમરે પ.પૂ. અમરસાગરસૂરિજી પાસે દિક્ષા સ્વીકારી અને બાલમુનિ થયા. તેઓ ૧૬ વર્ષની લઘુ વયે, સૂરિપદ અને 'ગચ્છેશ' પદ પામ્યા હતા. તેમણે ગુજરાત-કચ્છના વિસ્તારમાં તથા દક્ષિણ ભારતમાં વિહારો કરી ધર્મોપદેશથી શાસન પ્રભાવનાના અનેક શુભકાર્યો કર્યા.

કચ્છના પ્રથમ અને આપણી જ્ઞાતિના આ એકમાત્ર અચલગચ્છાધિપતિ પૂજય આચાર્યશ્રી વિદ્યાસાગરસૂરિજી સંવત ૧૭૯૭ના કાર્તિક સુદ પાંચમના મંગળવારે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

**ઓસવાલ જ્ઞાતિની ઉત્પત્તિ :**

જેમ શ્રમણોમાં ચોર્યાસી ગચ્છો થયા તેમ ગૃહસ્થ જૈનોમાં પણ ગામ વગેરેના કારણે ૮૪ જ્ઞાતિઓ બની. કહેવાય છે કે

પ્રાચીન કાળમાં ઓસવાલ, શ્રીમાલ, પોરવાલ, અગ્રવાલ વગેરે ૮૪ જ્ઞાતિઓ જૈન હતી. ઓસવાલો મૂળ રાજસ્થાનમાં મારવાડના રાજપૂત હતા. જોધપુર પાસે ઓશિયા નામનું એક ગામ છે જે પ્રાચીન કાળમાં ઉપકેશપાટણ તરીકે ઓળખાતું પાર્શ્વનાથ પ્રભુની પટ્ટાવાલીના સાતમા આચાર્યશ્રી રત્નપ્રભસૂરીશ્વરજી, વીર સવંત ૭૦ એટલે કે મહાવીર સ્વામીના નિર્વાણ પછીના ૭૦ વર્ષ પછી પોતાના ૫૦૦ શિષ્યો સાથે ઉપકેશપાટણ પધાર્યા. તેમનો ઉપદેશ ગ્રહણ કરી એક હજારથી વધુ રાજપૂત સૈનિકોએ માંસાહાર તથા મદિરાનો ત્યાગ કરી જૈન ધર્મ અંગીકાર કર્યો. આચાર્યશ્રીએ આ સમુદાયને ઓસવાલનું નામ આપ્યું. ૧૦ મી થી ૧૨ મી સદીની વચ્ચે પ્રતિકુળ કુદરતી પરિસ્થિતિઓને કારણે, ઓસવાલોના અમુક સમુદાયો વધુ સારી પરિસ્થિતિની શોધમાં સિંધ તરફ પ્રયાણ કરી અને પછી આગળ કચ્છના વિવિધ વિસ્તારોમાં જઈને વસ્યા. આમ તે સમુદાયોના નામ કચ્છી દશા ઓસવાલ જૈન, કચ્છી વિસા ઓસવાલ જૈન એમ પડ્યા. અમુક સમુદાયો વળી જામનગરના બાવન ગામોમાં જઈને વસ્યા તેઓ હાલારી દસા અથવા વિશા ઓસવાલ જૈન વિગેરે નામોથી ઓળખાય છે. આજની તારીખમાં બહુ જ ઓછા ઓસવાલો ઓશિયામાં વસે છે. ઓસવાલોના શરૂઆતમાં ૧૮ ગોત્રોમાંથી વધીને આજે ૨૭૦૦ ગોત્રોની નામાવલી ઉપલબ્ધ છે. અચલગચ્છના દ્વિતીય પટ્ટધર આ. શ્રી જયસિંહસૂરિજી એ અનેક જૈનેત્તરોને પ્રતિબોધી જૈન બનાવી અનેક ગોત્રોના સ્થાપક બન્યા હતા.

**વર્તમાન કાળના અચલગચ્છાધિપતિ :**

આપણા જીવનકાળમાં કચ્છ હાલાર દેશોદ્ધારક, ક્રિયોદ્ધારક-સુવિહીત શિરોમણી અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ગૌતમસાગરસૂરિજી મ.સા.ના શિષ્ય પરમત્યાગી, ઉગ્રતપસ્વી, યુગપ્રભાવક અચલગચ્છાધિપતિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની અસીમકૃપાથી આપણે નવાજિત થયા.

ત્યારબાદ તેમના શિષ્ય ૭૭ મા પટ્ટાધીશ, તપચક્રવર્તી, સ્વર્ણવર્ષિતપ આરાધક, અચલગચ્છાધિપતિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજીની પાવન છત્રછાયામાં આપણને રહેવાનું સૌભાગ્ય સાંપડ્યું. હવે, વૈરાગ્યગુણરત્નાકર રાજસ્થાન દક્ષિણ દીપક, સાહિત્ય દિવાકર, અચલગચ્છનાયક, આચાર્ય ભગવંત પરમ પૂજ્ય કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના નેતૃત્વમાં આપણો ગચ્છ ધર્મ અને આધ્યાત્મના નવા શિખરો સર કરશે. તેઓ પૂજ્યશ્રી જૈન શાસન અને ગચ્છને અપ્રતિમ ગૌરવ અપાવે એજ અંતરની અભ્યર્થના સહ વંદના....

## વંદે વીર શાસનમ્

# અચલગચ્છાધિપતિ પદ પ્રદાને ગૌરવ પામતા સોનેરી હસ્તાક્ષર

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામીના શાસનને સુપરે વહન કરવા ગુરૂ ગૌતમસ્વામિથી પ્રાપ્ત શ્રી સુધર્માસ્વામિની પાટે દાદા ગુરૂ આર્યરક્ષિત જયસિંહ મેરૂતુંગ ધર્મમૂર્તિ કલ્યાણ ગૌતમ ગુણ ગુણોદયસૂરિની પરંપરામાં.... પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાના શાસન-ગચ્છ-સંઘો માટે કરેલા ભવ્ય પુરુષાર્થને ગૌરવ અપાવવા પૂજ્યશ્રીને અચલગચ્છની ૭૮ મી પાટના રાજસિંહાસને ચતુર્વિધ સંઘની અનેરા ઉલ્લાસે ભારતના ૪૦૦ જેટલા અચલગચ્છીય જૈન સંઘોના ઉલ્લાસે મુંબઈ નગરે આગમ અભ્યાસી પ.પૂ. આ. ભ. શ્રી મહોદયસાગરસૂરિજી મ.સા. આદિ શતાધિક શ્રમણ શ્રમણી ભગવંતોની પાવન ઉપસ્થિતિમાં શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ દાદાના દરબારે શ્રી માટુંગા કચ્છી શ્વે. જૈન સંઘ સથવારે શ્રી અખિલભારત વિધિપક્ષ અચલગચ્છ જૈન સંઘ અચલગચ્છાધિપતિ પદ પ્રદાન કરતાં ગૌરવ અનુભવે છે. અચલગચ્છનું અનેરું સુકાન હાથમાં લઈ આપશ્રી જિનશાસનના નભોમંડળમાં આપની વિરાટ શક્તિથી અચલગચ્છની જયધ્વજા લહેરાવજો... એજ મંગલ ભાવના... શતાયુ બનો... નિરામય બનો... ગચ્છ સંયમીઓથી વૃદ્ધિવંત બનો !

**શુભ દિન વિ. સં. ૨૦૭૭ ચૈત્ર સુદ ૧૧ તા. ૨૨-૪-૨૦૨૧**

**લિ. શ્રી અ.ભા. અચલગચ્છ જૈન સંઘ પદાધિકારીઓ, વ્યવસ્થાપક સમિતિ, ટ્રસ્ટી મંડળ**

**અચલગચ્છ નાયક, સાહિત્ય દિવાકર, પ. પૂ. આ. ભ. શ્રીમદ્ કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ને**
**'અચલગચ્છાધિપતિ' પદાર્પણ અવસરે શુભેચ્છાઓનું નજરાણું.**

સુધર્મા સ્વામીની પાટ પરંપરાને અલંકૃત કરી
૭૮ મી પાટે આપ થશો બિરાજમાન...
પંચ મહાવ્રત પાલનથી, છ કાયાના જીવો ને,
દીધા આપે અભયદાન...
પ્રભુ ભક્તિમાં, અરિહંતના ધ્યાનમાં
આપ બની જતાં સદાય એકતાન...
દેશ-પરદેશે વિચરણ કરી, સૌને પીવડાવ્યા છે
પ્રભુ વાણીના અમીરસ પાન...
અહિંસા સંમેલનો, જીવદયા સાહિત્ય અને ગુરૂ ભક્તિ
તીર્થોધ્ધાર દ્વારા વધારી છે જિન શાસનની શાન...

'અચલગચ્છાધિપતિ' પદ મહોત્સવે
અત્રે આપના શા... શા... કરીએ બહુમાન ?
ગુરૂદેવ આપશ્રીના ચરણોમાં
અમે બિછાવીએ અમારી જાન...
સૂરીશ્વરજી આપ છો અચલગચ્છની
અમૂલ્ય આન અને બાન...
હૃદયની ઉર્મિઓથી અંતરના ઓરડેથી
અમે કરીએ છીએ આપના ગુણગાન...
સ્વસ્થતા સહ તંદુરસ્તી, આરાધના, સફળ શાસન,
સફળ સાધના એ જ છે અમારા મુઠી ઉંચેરા અરમાન...

**- શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ નલિયા-મુંબઈ-પાલીતાણા**

---

**ગચ્છાધિપતિ પદે શુભેચ્છા દસ્તો**

**રચયિતા : પ. પૂ. અરૂણપ્રભા શ્રીજી મ. સા. ના શિષ્યા**
**પ. પૂ. યશઃપ્રભાશ્રીજી મ. સા.**
**પ્રેરિકા : પ. પૂ. હિતપ્રજ્ઞાશ્રીજી મ. સા.**
**(રાગ : આનંદ આવે છે દિલને...)**

સહુના હૈયે આજે, ગચ્છાધિપતિ પદ ગાજે,
આનંદ છે, ઉમંગ છે, ઉછરંગ છે, સૂરિરાજ...
સરળ સ્વભાવી સૂરિ, સમતાના દરિયા,
જ્ઞાનપિપાસુ, સૂરિ, ગુરૂકૃપા વરીયા,
નાવડી હંકારો, નાવિક બનીને તારો,
આનંદ છે, ઉમંગ છે, ઉછરંગ છે, સૂરિરાજ...
શ્રી સંઘે મળી ગચ્છની, સ્કંધે મૂકી ધૂરા,
વહેજો એ ભારને સદા, બની અતિ શૂરા,
અમ જીવન રથ સંભારો, સારથી બની ઉગારો,
આનંદ છે, ઉમંગ છે, ઉછરંગ છે, સૂરિરાજ...
ગચ્છરક્ષિકા દેવી શ્રી ચક્રેશ્વરી
ગચ્છાધિષ્ઠાયિકા, દેવી મહાકાલી,
સહાય કરશે તમને, જગત કૃપાલી,
આનંદ છે, ઉમંગ છે, ઉછરંગ છે, સૂરિરાજ...
અરૂણ -ધૈર્ય-યશની એક જ અરજી,
ગચ્છ સંભાળજો રૂડી પરે સૂરિજી,
ગુણ-હિત-ઋજુ-જિનની, વિનંતી સ્વીકારો,
આનંદ છે, ઉમંગ છે, ઉછરંગ છે, સૂરિરાજ...

**સાહિત્ય દિવાકર અચલગચ્છનાયક પ. પૂ. આ. ભ. દાદા ગુરૂદેવ શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાના અચલગચ્છાધિપતિ પદ પ્રદાનના પાવન અવસરે...**

**પૂજ્ય ગુરૂદેવના ચરણે સમર્પિત ભક્તિ ગીત પુષ્પ**
**(તર્જ : મારા ઘટમાં બિરાજતાં)**

સુધર્મા માટે બિરાજતાં ગચ્છનાયકજી સૂરિવરજી
ને હોજો રે નમન...
જેના રોમે રોમે છે ગચ્છ શાસનનો મર્મ
ઝળહળે છે વીરનો ધર્મ...
ગુરૂ ને હોજો રે નમન...
વીર વંશની ૭૮ મી પાટ શોભાવી
અચલગચ્છાધિપતિ પદવીને દીપાવી
પદના ગુણો ધારી ને કીધું સફલ જનમ
ગુરૂ ને હોજો રે નમન...
વામન કાયાથી ગુરૂવચનની ભક્તિ રે કીધી
જિંદગાની જેઓની જ્ઞાન સેવામાં વિતિ
ગુરૂકૃપાની નથી કોઈ સીમા જે ચરમ...
ગુરૂ ને હોજો રે નમન...
ગચ્છ - શિષ્યો કાજે શીળી છાયા રે બન્યા
તવ ચરણે નમીને સહુ વંદી રહ્યા
'ધર્મ' ધબકારે વિલસે છે તુમ આણા પરમ...
ગુરૂ ને હોજો રે નમન...

**રચના : પૂજ્ય શ્રીના શિષ્ય મુનિ શ્રી ધર્મપ્રભસાગરજી મ. સા.ના શિષ્ય મુનિ ધર્મશેખરસાગરજી મ. સા.**

## મુંબઈ માટુંગા નગરે સુધર્મા પાટોત્સવ-અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે અચલગચ્છના આચાર્ય ભગવંતો શ્રમણ ભગવંતોના શુભેચ્છા સંદેશ

આપ સોને ખબર છે કે ... અક્ષરોના કારણે કોઈને પત્ર લખતો નથી. આપણે સાથે દીક્ષિત છીએ. આપે દીક્ષા પ્રારંભે ભવ્ય પુરૂષાર્થ જહેમતે વરસો બાદ ગચ્છમાં પ્રથમ યોગોદ્વહનનો પ્રારંભ કર્યો. પૂ. ગુરૂદેવના મંગલ હસ્તે ગણિપદ, ઉપાધ્યાય અને આચાર્યપદના વર્ષો પહેલા ધારક બન્યા. હવે વર્તમાનમાં આપ ગચ્છના વડીલ છો.... યોગ્ય અને પાત્ર આત્મા છો. શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે માટુંગા ક. મૂ. સંઘના સહયોગે સકલ ચતુર્વિધ સંઘ સૌ સંઘોના અનેરા ઉલ્લાસે માટુંગા નગરે અચલગચ્છાધિપતિ પદ ધારક બનશો.. અમારા તરફથી આ પ્રસંગે હાર્દિક શુભેચ્છાઓ સ્વીકારશો.

**- આચાર્ય કવીન્દ્રસાગર સૂરિજી, મુનિ શ્રી કલ્પતરૂસાગરજી**

---

પૂર્વેના બંને ગચ્છાધિપતિશ્રીઓના સાનિધ્યમાં રહીને જિનાલયોની અંજનશલાકાઓ, પ્રતિષ્ઠાઓ, દીક્ષાત્સવો, ચાતુર્માસો, ૯૯ યાત્રાઓ, સુદીર્ઘ વિહાર તીર્થયાત્રાઓ આદિમાં સાથે રહીને અનેકાનેક શાસન પ્રભાવનાઓમાં અત્યંત વિનમ્ર રહીને સહયોગ આપી આપે તેઓશ્રીની અદ્ભૂત કૃપા સંપાદિત કરેલ છે. તે સાથે આપનામાં નામ પ્રમાણે સ્વયંભૂ રીતે પણ અનેક બાબતોમાં કોઠાસુઝ છે. આપની નિશ્રામાં ગચ્છનો અનેક બાબતોમાં સવિશેષ વિકાસ થશે જ એવી શ્રદ્ધા સહિત આપ અચલગચ્છાધિપતિ જેવા સર્વોચ્ચ પદે બિરાજિત થાઓ છો. આ પ્રસંગે અનેરી શુભેચ્છાઓ. અમને પ્રત્યક્ષ ઉપસ્થિત રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવા બદલ અનેરી પ્રસન્નતા થાય છે.

**- આચાર્ય મહોદય સાગરસૂરિજી, મુનિશ્રી ધર્મરત્નસાગરજી ઠાણા -૪**

---

બાવન વર્ષો પૂર્વે આપની ભાગવતી બાળ દીક્ષાઓ નિહાળવાનું અને આપના મુનિજીવનના પ્રારંભિક વર્ષોમાં શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ ગુરૂદેવશ્રી સહમુમુક્ષુ તથા મુનિજીવનમાં સાથે વિચરવાનું સદ્ભાગ્ય આજે પણ પરમ આનંદિત કરે છે. તેમ ૨૦૩૩માં ૪૩ વર્ષો પૂર્વે પાલિતાણાથી મુંબઈ તરફના વિહારો અને સંઘો, ગચ્છ, ગુરૂદેવ અને પ્રાચીન સાહિત્યોદ્ધાર પ્રત્યેની આપની અનેરી સમર્પણ ભાવનાઓને પ્રત્યક્ષ માણવાનું સૌભાગ્ય યાદ કરતાં આજે પણ રોમાંચિત થઈ જવાય છે.

આપની સક્ષમતા અનેરી છે. આપને ચતુર્વિધ સંઘ સૌ સંઘોની અનેરી શુભેચ્છાઓથી શ્રી અ. ભા. અચલગચ્છ સંઘ 'અચલગચ્છાધિપતિ' જેવા પરમ પદે બિરાજમાન કરી રહેલ છે જાણી ખૂબ જ પ્રસન્નતા સહ અનેકાનેક શુભેચ્છાઓ પાઠવું છું.

અમારા બા મહારાજ સુ. સા. શ્રી અમિતગુણાશ્રીજી ઠાણા ૩ તરફથી પણ શુભેચ્છાઓ સ્વીકારશોજી.

**- મુનિરાજશ્રી પૂર્ણભદ્રસાગરજી**

---

આપશ્રીને શ્રી અ. ભા. અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે માટુંગા નગરે ૨૦૭૭ના ચૈત્ર સુદ ૧૧ ગુરૂવારે અચલગચ્છાધિપતિ પદ પ્રદાન થશે. આ કાર્યક્રમ નિર્વિઘ્નતાએ તથા સુંદર રીતે થાય તેવી તથા આપશ્રીના પદવીની ખૂબ ખૂબ આગોતરી હાર્દિક શુભકામનાઓ. આપના હાથે શાસનના અનેક શુભ કાર્યો થાય, ગચ્છ ઉન્નતિમય થાય એજ શુભકામનાઓ પાઠવીએ છીએ.

**- મુનિરાજ શ્રી રાજરત્ન સાગરજી, મુનિરાજશ્રી ભાગ્યોદય સાગરજી આદિ ઠાણા ૫**

---

શ્રી અ. ભા. અચલગચ્છ સંઘ, ચતુર્વિધ સંઘ અને અનેક સંઘોની અપાર પ્રસન્નતાથી આપ અચલગચ્છાધિપતિ પદે પદાસિન થાશો જાણી અનુમોદના સહ હાર્દિક શુભેચ્છાઓ સ્વીકારશોજી.

**- મુનિરાજ શ્રી પુણ્યોદયસાગરજી, મુનિરાજ શ્રી અનંતરત્ન સાગરજી**

આજથી ૫૦ વર્ષો પૂર્વે સં. ૨૦૨૮ માં અમારા જન્મભૂમિ કચ્છ બાડા ગામે આપ ગુરૂ બંધુ વયોવૃદ્ધ પૂ. મુનિરાજશ્રી કીર્તિસાગરજી મ. સા. સાથે ચાતુમાસ પધાર્યા હતા. ત્યારે હું દર રવિવારે ડુમરા બોર્ડિંગથી બાડા આવતો. આપ ગામના યુવાનો - નાના બાળકોને ધાર્મિક સૂત્રો બોલાવતા, સ્વાધ્યાય કરાવતા, ટચૂકડી વાર્તાઓ કરતા, નિત્ય આપની સાથે અમે બાળકો પંચ પરમેષ્ઠિના ૧૦૮ ખમાસમણા આપતા, આપ નિયમધારીના ઘેર ઘેરથી કલ્પનીય કાળે પાણી ૨-૨ ગ્લાસ વ્હોરતા, આદર્શમુનિ જીવનની અનેરી ખુમારીના દર્શન થતા આ નિમિત્તે પ્રેરણા પામી અમે ભાઈ - બહેનના મનમાં સંયમના બીજ રોપાયા. આપ કૃપાએ સં. ૨૦૩૫ માં દિક્ષિત થયા. કમલપ્રભ-ધર્મપ્રભ-નયપ્રભ સાગરજી ત્રિપુટીરૂપે ઘાટકોપર ક. મૂ. પૂ. સંઘના ઉપક્રમે ઘાટકોપરના વિરાટ સર્વોદય હોલમાં આપના શિષ્યરૂપે શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પૂ. દાદા ગુરૂદેવના વરદ્‌હસ્તે દિક્ષિત થયા. આપ નિશ્રાનું પ્રથમ ચાતુર્માસ ગોરેગામ નગરે થયું. અહીં આપ બૃહદ યોગોદ્વહનના તપક્રિયામાં જોડાયા. સાથે આપના પરમમિત્ર મુનિરાજ વીરભદ્રસાગરજી મ. સા. પણ ઉત્તરાધ્યયન આચારાંગસૂત્રના યોગોદ્વહનમાં જોડાયા. ચારે માસ અમો નૂતન ત્રિપુટી શિષ્યો આદિને આપ પૂજ્યશ્રીએ 'મુનિજીવનમાં ઘડતર'ને લગતી પ્રેરક વાત્સલ્યમય વાચનાઓ આપેલ. આમ ગુરૂદેવ ! આપના અગણિત ઉપકારો માટે અલગ જ વિસ્તૃત લેખ લખવો પડે.

આજે આપ જિન શાસન અને ગચ્છના મહાન ગચ્છાધિપતિ પદે બિરાજમાન થઈ રહ્યા છો જેના અમો ઉગ્રવિહારે પ્રત્યક્ષ સાક્ષી બનીશું. આપ નિરામય દીર્ઘાયુ સહ સંઘો, ગચ્છ સમુદાયનું યોગક્ષેમ અનુશાસન કરતા રહી અનુપમ શાસન પ્રભાવક બનો એજ શુભેચ્છાઓ. ભાવભરી વંદનાવલિ.

**- મુનિરાજશ્રી કમલપ્રભસાગરજી, મુનિવર્યશ્રી વિનયરત્ન સાગરજી ઠા-૪**

---

આપ કૃપાએ મહાન શાસન સમ્રાટ અચલગચ્છાધિરાજ દાદા ગુરૂદેવના શુભ હસ્તે અમે યુવા ત્રિપુટી દીક્ષિત થયા. આપની વાત્સલ્ય સભર નિશ્રામાં ઘણાં વરસો પર્યંત દાદા ગુરૂદેવ, વડીલો, તપસ્વીઓ, મુનિવરોની અનેરી વૈયાવચ્ચનો લાભ મળતો રહ્યો. આપ કૃપાએ માસખમણાદિ મોટી વિશિષ્ટ તપારાધનાઓ, ઉગ્રવિહારો તથા મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, દક્ષિણ ભારતમાં વિચરી ગચ્છ સંઘોમાં ચાતુર્માસોથી યશાશક્ય પ્રભુ શાસનની પ્રભાવના કરવાના લ્હાવા મલ્યા. અમારા સહ દીક્ષિત તપસ્વી મુનિરાજશ્રી નયપ્રભસાગરજીએ પણ ઉત્તમ સંયમ જીવન સહ ઘણા માસખમણાદિ વિશિષ્ટ તપસ્યાઓ, રાજસ્થાનના બાડમેર અનેગામડાઓમાં વિચરી અનેરા ઉપકાર કર્યા. પોતાની વૃદ્ધવયમાં મૃત્યુંજય મહાતપ (અનશન તપ) રૂપે સળંગ ૬૫ ઉપવાસ પરમ સમાધિ સહ આપની છાયામાં અંતિમ સાધના સહ સ્વર્ગસ્થ થયા.

આપ ગચ્છાધિપતિ જેવા મહાન પદે પદસ્થ થાઓ છો ત્યારે પ્રત્યક્ષ રહી અનેક શુભેચ્છાઓ સ્વીકારશોજી.

**- મુનિરાજશ્રી ધર્મપ્રભ રાજશેખર, ધર્મશેખરસાગરજી**

---

આપ સુદીર્ઘ દીક્ષા સૂરિપદ પર્યાયે વરસો પર્યંત બંને સમર્થ અચલગચ્છાધિપતિ ગુરૂદેવોની નિશ્રામાં તથા તેઓની આજ્ઞા આશીર્વાદોથી ઉગ્ર વિહારે અનેરી ગચ્છ અને જિનશાસનની પ્રભાવનાઓ વિસ્તારેલ છે.

આપ વર્તમાનમાં ગચ્છમાં ચતુર્વિધ સંઘના વડીલ છો,અનુભવી છો, વાત્સલ્યમય ગંભીર છો. ગચ્છ સંઘોની જવાબદારીઓ વચ્ચે આપનો પ્રસન્ન ચહેરો અમારા જેવા માટે આત્મબળ રૂપ છે.

આપ અચલગચ્છાધિપતિ પદે અભિષિક્ત થતાં અનેરી અદશ્ય ગુરૂકૃપા વૃષ્ટિએ ઓર વિશેષ શાસન પ્રભાવક થાઓ એજ શુભેચ્છાઓ.

**- મુનિરાજશ્રી મલય સાગરજી , મુનિવર્યશ્રી રત્નાકર સાગરજી**

---

જન્મભૂમિ નવાવાસને નંદનવન બનાવનારા, દિક્ષાભૂમિ ભુજપુરને ભાગ્યવંત બનાવનારા, ઉપાધ્યાય પદ ભૂમિ બાડમેરને પુણ્યવંત બનાવનારા, સૂરિપદ ભૂમિ દંતાણીને દૈદિપ્યમાન બનાવનારા અને હવે 'ગચ્છાધિપતિ પદ ભૂમિ માટુંગાને ગૌરવવંત બનાવનારા અચલગચ્છનાયક વડીલ ગુરુબંધુ પૂ. આ શ્રી કલાપ્રભસાગરસૂરીજી મહારાજા... વ્યવહાર જગતમાં કહેવાય છે કે

પિતાની ગેરહાજરીમાં મોટાભાઈ એ પિતાતુલ્ય ગણાય છે. એવી જ રીતે પરમ તારક ગુરુદેવ ગુણસાગરસૂરીજી મ. સા. તથા વડીલ ગુરૂબંધુ આ. શ્રી ગુણોદય સાગર સૂરિજી મ. સા. ની અનુપસ્થિતિમાં હવે આપ અમ સૌનાં વડીલ બન્યાં. હવે જયારે વિધિવત રૂપે 'અચલગચ્છાધિપતિ'નાં રાજ સિંહાસને આપ જયારે આરૂઢ થવા જઈ રહ્યા છો ત્યારે અમ સૌનાં હૃદય સિંહાસને તો આપ રાજ કરી જ રહ્યા છો. સમેત શિખર તીર્થનાં ચાતુર્માસ દરમ્યાન આપની એ કઠીન ૧૦૮ યાત્રાઓ તથા ધર્મશાળાની બારીમાંથી ગિરિરાજનાં દર્શન કરી તીર્થ અને તીર્થંકરની સાથે થયેલ અનુસંધાનનાં આપ પૂજ્યશ્રીનાં એ અલૌકિક દ્રશ્યને અમે નિહાળ્યો છે. દર્શન શુદ્ધિનાં વવાયેલા એ બીજો એજ જાણે લાગે છે કે આપનાં દ્વારા અનેકાનેક તીર્થોનાં નવનિર્માણ તથા જિર્ણોદ્ધારનાં કાર્યોની સુંદર હારમાળા સર્જી દીધી.

આપનાં મુનિપદને મેં નિહાળ્યો છે, આપનાં ગણીપદને મેં માણ્યો છે, આપના સૂરિપદને મેં ભાવથી માણ્યો છે. અને હવે આપ જેવા સમર્થ ગીતાર્થ વડીલ ગુરૂબંધુની આજ્ઞા અને અનુશાસનમાં 'અચલગચ્છાધિપતિ' ની છત્રછાયા હેઠળ રહેવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થનાર છે એ મારા માટે પણ ગૌરવની વાત છે. હે ગુરુરાજ ! 'પદ'ના 'મદ'થી અલિપ્ત રહીને આપ પ્રભાવકતાને વરો.. સ્વ કલ્યાણ–સંઘ કલ્યાણ–શાસન કલ્યાણ આપના દ્વારા ખૂબ ખૂબ સધાય. સંઘીય વ્યવસ્થાઓ અને જવાબદારીઓ વચ્ચે રહીને પણ આપ કમલપત્રની જેમ નિર્લેપ રહી ગચ્છનાં પૂર્વાચાર્યોનાં વારસાને અખંડીત રાખી એને ખૂબ ખૂબ અજવાળનારા બનો. દાદાસાહેબ આ. શ્રી ગૌતમસાગર સૂરિજી મ. સા. એ પુનઃ પ્રસ્થાન કરીને નવ પલ્લવિત કરેલી સંવેગી સાધુપણાનાં ઉપવનને ખૂબ ખૂબ સુગંધ સભર બનાવો એજ હૃદયની શુભકામના.

ગુણ સિંધુ સૂરિનાં લાડકવાયા, ગુરૂ 'ગુણોદય'ના અનુગામી ન્યારા,<br>
સર્વ ઉદય'નાં બંધુ છો પ્યારા, ઉદય ગુણવલ્લભ' વંદે વારંવારા

**– મુનિ ઉદયરત્નસાગરજી, મુનિ ગુણવલ્લભસાગરજી**

---

આપની વાત્સલ્યસભર નિશ્રામાં આપના શિષ્યરૂપે વિચરવાનું સદ્ભાગ્ય સાંપડેલ. આપની સાથેના પવઈ જૈન સંઘ, ઉવસગ્ગહર પાર્શ્વનાથ જૈન તીર્થ (નગપુરા દૂર્ગ) વિ. ચાતુર્માસોમાં આપની અસીમ કૃપાશિષે પ્રવચનો રૂપ જિનવાણી પ્રવાહિત કરવાના લ્હાવા મલ્યા તો આ પ્રવચનોની પૂર્વ તૈયારી વિવિધ જૈન વાંચનરૂપે નોટબુકોમાં પ્રવચનોના મુદ્દાસાર લખવારૂપ સ્વાધ્યાય અને શુભ ભાવોથી મનને આત્માને ભાવિત કરવાનો અભ્યાસ શક્ય બન્યો.

આપ જયારે જિનશાસન રૂપ વટવૃક્ષની મહત્વની શાખારૂપ અચલગચ્છના રાજેશ્વર રૂપે પદ ધારક બનો છો જેના હર્ષને વ્યક્ત કરવા શબ્દો વામણા લાગે છે.

**– મુનિરાજશ્રી મુક્તિરત્નસાગરજી**

---

આપને સદાય જિન શાસન ગચ્છ અને સાહિત્ય વાંચન –લેખન–સ્વાધ્યાયમાં જ્ઞાનમગ્ન જોયા છે. ગચ્છાધિપતિ પદ ધારક બની સ્વસ્થ આરોગ્ય સહ દીર્ઘાયુ બની મહાન શાસન પ્રભાવક બની રહો એ જ શુભેચ્છાઓ.

**– મુનિરાજ શ્રી કંચનસાગરજી**

---

આપની દીક્ષાનાં સં. ૨૦૨૬નાં વર્ષનું પ્રથમ ચાતુર્માસ બીદડા નગરે પૂ. ગુરૂદેવ આ. ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં થયેલ. ત્યારના મુમુક્ષુપણાથી આપના સરલ સ્વભાવ અને વર્તમાન સુધી શાસન કચ્છ માટેના આપના ભવ્ય પુરૂષાર્થની ભૂરિ ભૂરિ અનુમોદના.

મારા જેવા અનેકોને આપે સદ્ભાવ, હુંફ, અનેરી લાગણીના ધોધથી પરિપ્લાવિત કર્યા છે. આપના પદની ઉદ્ઘોષણા થતાં ઠેઠ મહારાષ્ટ્રથી મુંબઈ પર્યંત ઉગ્ર વિહારે માટુંગા પહોંચી ગચ્છાધિપતિ પદની શુભેછાઓ અર્પી ધન્ય બનીશું.

**– મુનિરાજ શ્રી તીર્થરત્નસાગરજી**

આપની નિશ્રામાં વિચરવાનું, ચાતુર્માસો સહ તપ જપ કરવાનું તથા આપના ઔદાર્યતા, દાક્ષિણ્યતાદિ ગુણો માણવા મળ્યા છે. અચલગચ્છાધિપતિ પદોત્સવ પ્રસંગે અભિનંદન સહ ભાવભરી વંદના સ્વીકારશોજી.

**– મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી**

---------------------------------------------------

જિન શાસન તથા ગચ્છ ગુરૂવર્યો માટેના આપના ભવ્ય પુરૂષાર્થની ભાવસભર અનુમોદના. ગચ્છાધિપતિ પદોત્સવે અમારી અગણિત શુભેચ્છાઓ સ્વીકારશો.

**– મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી**
**મુનિવર્યશ્રી ગચ્છોદય સાગરજી**

---------------------------------------------------

અમારી જન્મભૂમિ ભુજપુર નગરે સં. ૨૦૨૬માં આપ ત્રિપુટીની દીક્ષા નિહાળી દીક્ષાનાં મનોરથ થયા. પણ પિતાજી તરફથી ઠેઠ ૨૦૪૭માં રજા મળતાં પાલિતાણામાં યોજિત સમુહ ૯૯ મહાયાત્રાની સંઘમાળ પૂર્વે તપચક્રવર્તિ પૂ. ગચ્છાધિપતિ આ. ભ. અને આપના હાથે રજોહરણ – દીક્ષા મળતાં અપાર આત્મિક પ્રસન્નતા અનુભવી. અખંડ ૩૦–૩૦ વર્ષો પર્યંત આપની અખંડ વાત્સલ્યસભર નિશ્રામાં આધ્યાત્મિક પરમાનંદ અનુભવું છું. વર્ષોથી શાસન ગચ્છના પ્રત્યેક ક્ષેત્રે આપના ભવ્ય પુરૂષાર્થને માણેલ છે. આપના ગચ્છાધિપતિ પદ પ્રસંગે અપાર પ્રસન્નતા

**– મુનિરાજ શ્રી ભદ્રંકરસાગરજી**

---------------------------------------------------

વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક મહાન ક્રિયોદ્ધારક દાદા ગુરૂદેવ પૂ. આર્યરક્ષિત સૂરિશ્વરજી મહારાજની પાવન જન્મ દીક્ષાભૂમિ અને આપ ગુરૂદેવની આચાર્યપદ ભૂમિ એવા દંતાણી તીર્થે મને ભાગવતી દીક્ષા રજોહરણદાન કરી આપે મારા પર અનંતોપકાર કરેલ છે. આપ ગચ્છનાયકથી હવે અચલગચ્છાધિપતિ પદે બિરાજિત થાશો જાણી હાર્દિક અપાર પ્રસન્નતા અનુભવું છું.

**– મુનિરાજ શ્રી આર્યરત્નસાગરજી**

---------------------------------------------------

ગુરૂ ગૌતમરૂપી મેઘના વરસતા કૃપાવારિથી સિંચાયેલા... ગુરૂ ગુણ રૂપી સૂર્યના વરસતા કૃપા કિરણોથી વિકસ્વર થયેલા... ગુરૂ ગુણોદયરૂપી ચંદ્રના વરસતા કૃપા અમીથી પ્રફુલ્લિત બનેલા શાસન ગચ્છ પરંપરાના ૭૮માં પટ્ટધર તરીકે શાસન સમ્રાટ, રાષ્ટ્ર સંત, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાના પ્રતાપી પટ્ટધર, સાહિત્ય દિવાકર, વાત્સલ્યવારિધિ, અચલગચ્છનાયક પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ ભલે બિરાજો. હે ગુરૂદેવ ! અચલગચ્છાધિપતિ પદે શાસન – ગચ્છ – ગુરૂ પરંપરાને ઓર ઉજ્જવળતાના શિખરે લઈ જઈ ગણધર શ્રી સુધર્મા સ્વામિની પાટ પરંપરાને ભવ્ય દિવ્ય બનાવો.

દીર્ઘાયુષ્યમ્... નિરાયમ દેહમ્ દિવ્ય તેજાંસિ પ્રાપ્યનુવન્તુ ભવન્નતઃ ।।

**– મુનિ હેમચંદ્રસાગર (ગુણકલાબાલ), મુનિ મોક્ષેશચંદ્રસાગર (બાંધવ બેલડી)**

---------------------------------------------------

આપની ગચ્છાધિપતિ પદવીથી છત્રછાયામાં અચલગચ્છની ખૂબ જ ઉન્નતિ થાય, જિન શાસનનો જયજયકાર થાય એ જ અંતરના અરમાન.

**– મુનિવર્યશ્રી જગવલ્લભસાગરજી**

મારા દાદા ગુરૂદેવ રૂપે આપની વાત્સલ્યસભર નિશ્રામાં ચાતુર્માસો, યથા શક્ય ૪ માસ ઓળીઓના આંબેલાદિ તપારાધનાઓ, આપની પ્રેરક વાચનાઓનું શ્રવણ કરી ધન્ય બનેલ છું. આપના પદોત્સવ પ્રસંગે અનેરી શુભેચ્છાઓ પાઠવું છું.

**– મુનિવર્ય શ્રી વીરશેખર સાગરજી**

---

આપનું પુણ્યબળ સોળે કળાએ ખીલ્યું છે. આપનું વાત્સલ્ય, સંયમ પરિણતિ નિર્મળ છે. આપ સર્વ રીતે ગચ્છાધિપતિ પદ માટે પાત્ર છો. દાદા ગુરૂદેવો પ્રત્યેનું સમર્પણ, શ્રદ્ધા ભક્તિ વિરાટ છે. આપના પુણ્ય પ્રભાવે ગચ્છોત્કર્ષના સોપાનો સર થાય એ જ હાર્દિક શુભકામનાઓ. **– મુનિવર્ય શ્રી મેઘરક્ષિતસાગરજી, મુનિવર્ય શ્રી હેમરક્ષિતસાગરજી**

---

આપના ગચ્છાધિપતિ પદોત્સવે ભાવ ભરી વંદના સહ અનુમોદના.

**– મુનિવર્ય શ્રી તત્વરક્ષિતસાગરજી, મુનિવર્યશ્રી ચૈત્યરક્ષિતસાગરજી**

---

હો, સ્વાસ્થ્ય આપનું નિરામય અને સંયમ પાલન હો. નિરાબાધ ... સંઘૈક્યતા, ગચ્છની અખંડિતતા સાથે શાસન સેવા કરો શ્રીકાર.

**– મુનિવર્યશ્રી આગમોદય સાગરજી**
**મુનિવર્ય શ્રી મહોત્સવરક્ષિતસાગરજી**

---

ગત વર્ષ ૨૦૭૬, ફાગણ વદ ૧૩ ના જોગેશ્વરી નગરે આપકે શુભ હસ્ત કમલોંસે દીક્ષિત હોકર ધન્ય બન ગયા. આપશ્રીકે મહાન પદારોહણ પ્રસંગ પર બહુત હી પ્રસન્નતા અનુભવ કર રહાં હું. આપ જીઓ સેંકડો સાલ, જૈન શાસન ગચ્છ હો માલંમાલ.

**– મુનિશ્રી કૌશલ્યપ્રભસાગરજી**

---



## શ્રી અ. ભા. અચલગચ્છ જૈન મહાસંઘના ઉપક્રમે પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજને અચલગચ્છાધિપતિ પદારોહણ અવસરે પ્રાપ્ત અનેક ગચ્છ સંપ્રદાયોના ગચ્છાધિપતિ આદિ આચાર્ય ભગવંતાદિના તથા સંસ્થાઓના મંગલ સંદેશાઓ...

**પૂજયશ્રીના સંયમ સુવર્ણ (૫૦) વર્ષ પ્રસંગે, ગચ્છનાયક ઉદ્‌ઘોષણા સમયે અનેક સંદેશાઓ પ્રાપ્ત થયેલ પણ અચલગચ્છાધિપતિ પદ પ્રસંગે પ્રાપ્ત સંદેશાઓનો સાર અત્રે રજુ કરેલ છે.**

**– મુનિ હેમચંદ્રસાગરજી, મુનિ ગુણવલ્લભસાગરજી**

---

વિશેષ જણાવવાનું કે, શ્રી તીર્થંકરની સમાન ગણાતું સૂરિપદ 'तित्थयर समो सूरि' એવા શાસ્ત્ર વચનો દ્વારા લોકોત્તર ગરિમા –મહિમા ધરાવે છે. નવ નવ પ્રકારે સૂરિપદ શ્રી તીર્થંકર પદની સમાનતા ધરાવે છે. આવા સૂરિભગવંતો ગચ્છ કે સંઘના નાયક બનીને શ્રી તીર્થંકર ભગવંતોની આજ્ઞાનુસાર તે તે ગચ્છ કે સંઘનું વાસ્તવિક આત્મહિત સધાય તેવું અનુશાસન કરે છે. આવા શ્રી તીર્થંકરના પ્રતિબિંબ આચાર્ય ભગવંતોથી આ શાસન યશોજવલ બને છે... આવા આચાર્ય ભગવંતોનું નામસ્મરણ ગુણકીર્તન

અને ધ્યાન પરમ આલંબન સ્વરૂપ છે. પ્રભુ આજ્ઞા મુજબ જ ગચ્છ કે સંઘનું અનુશાસન કરવા દ્વારા આચાર્યપદની ગરિમા સાચવવી એ પ્રત્યેક સૂરિનું પરમ કર્તવ્ય છે. આ પરમ કર્તવ્યને સુપેરે સમજવા અને સાચવવા દ્વારા તમો પ્રાપ્ત થનારા પદને સુપેરે અજવાળનારા બનો એજ અંતરંગની શુભેચ્છા.

**– ગચ્છાધિપતિ આ. શ્રી પુણ્યપાલસુરિજી મ.સા., વ્યાખ્યાન વાચસ્પતિ, તપોગચ્છાધિરાજ પૂ. આ. ભ., શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના સમુદાયના ગચ્છાધિપતિ**

---------------------------------------------------

આપનો જ્યારે પણ પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્ક થાય છે ત્યારે હૃદયમાં પ્રસન્નતા – આનંદ થાય છે. માત્ર મને જ નહીં પણ આપને મળનારા દરેકને એમજ થતું હશે. કારણ આપનો સૌમ્ય મિલનસાર સ્વભાવ, સ્નેહ નિતરતો નિખાલસ સદ્ભાવ સૌને સ્પર્શી જાય છે. ગચ્છાધિપતિ પદે બિરાજ્યા બાદ હવે આપ ફક્ત અચલગચ્છ સહી પણ એથીયે આગળ વધી સમગ્ર જિન શાસનની એકતા પરમ સમાધિના કાર્યોમાં સફળ બનો એજ શુભકામના.

**– ગચ્છાધિપતિ આ. શ્રી રાજયશસૂરિજી મ. સા. કવિકુલ કીરિટ પૂ. આ. ભ. વિ. લબ્ધિસૂરીશ્વરજી મ. સા. સમુદાય**

---------------------------------------------------

અચલગચ્છાધિપતિ પદ પ્રસંગે અમારા તરફથી હાર્દિક શુભ મંગલ કામનાઓ ! આ પદના સૌભાગ્યથી આપ ઉત્તરોત્તર જિન શાસનની પ્રભાવના અને રક્ષામાં ખૂબ આગળ વધો એજ મંગલ કામના.

**– પં. મોહજિતવિજયજી મ. સમુદાયના ગચ્છાધિપતિ, આ. શ્રી યુગભૂષણસૂરિજી મ. સા.**

---------------------------------------------------

સાંગલી તરફના વિહારોમાં કર્ણાટકના વિજાપુરમાં આપનું મિલન થયેલ. આપનો સ્નેહાળ સ્વભાવ, પરોપકાર વૃત્તિ, સંયમીઓના યોગક્ષેમની તત્પરતા, સંઘોની કાળજી સહ હિતનો વિચાર – પુરૂષાર્થ વગેરે આપના ગુણો ખૂબજ આદરણીય છે. ગચ્છના ગગનમાંથી તેજસ્વી મહાત્માઓને એ રીતે તૈયાર કરો કે જેથી અજ્ઞાની વર્ગને સન્માર્ગે લાવવામાં સફળતા મળે. આપના સર્વોચ્ચ પદ પ્રસંગે હાર્દિક શુભેચ્છાઓ.

**– ગચ્છાધિપતિ પૂ. પ્રેમ ભુવનભાનુ – જયઘોષ રાજેન્દ્રસૂરિ સમુદાયના જગત્ચંદ્રસૂરિ શિષ્ય, આ. અભયચંદ્ર સૂરિની વંદના**

---------------------------------------------------

આપને અચલગચ્છના ગચ્છાધિપતિ રૂપે સમારૂઢ કરાઈ રહ્યાનું જાણી ખૂબજ ખુશી થયેલ છે. અમારી સમજ મુજબ પૂ. દિવંગત શાસન પ્રભાવક આ. ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ. સા.ના સમયમાં ગચ્છનો જે અભ્યુદય થયો તેમાં તેઓશ્રીના પુણ્ય પુરુષાર્થ પ્રભાવની સાથોસાથ આપનો પણ સખત પુરુષાર્થભર્યો સહયોગ પણ ઉલ્લેખનીય છે. (૧) વર્તમાનમાં અચલગચ્છમાં આગમોના બૃહદ્ યોગોદ્દહન બાદ પદારોહણનો પુનઃપ્રારંભ (૨) અચલગચ્છીય વસતિ ધરાવતા ક્ષેત્રોમાં ઠેરઠેર જિનાલયો – ઉપાશ્રયો સંઘોની સ્થાપના. (૩) ગચ્છના મહાપુરૂષોનાં સાહિત્યનું સંપાદન અને એમના ઈતિહાસનું ભવ્ય સરળ સંસ્કરણ વિ.માં આપનું યોગદાન નજરે તરી આવે.

આપની છાયામાં ગચ્છનાં ધર્મકાર્યો વિકસ્વર થતાં રહે સાથે સાથે સર્વ ગચ્છ સાથે સૌમનસ્ય પણ વિકસવર થતું રહે. આખર ગચ્છ / પક્ષ એક વ્યવસ્થા છે. મૂલ તત્વ પરમાત્માનું શાસન છે, એ લક્ષ આપણા સહુનું હોવું ઘટે. સર્વોચ્ચ પદારોહણની સફળતા માટે શુભેચ્છાઓ.

**– ગચ્છાધિપતિ પૂ. વિ. ધર્મસૂરીશ્વરજી, સૂર્યોદયસૂરીશ્વરજી શિ, વિ. રાજરત્નસૂરિજી**

---------------------------------------------------

જિન શાસનની પ્રભાવનાપૂર્વક ગચ્છનું સંરક્ષણ, ગચ્છનિશ્રિત શ્રમણ – શ્રમણીઓના સંયમની સુરક્ષાવૃદ્ધિ, શ્રાવક – શ્રાવિકાઓમાં ધર્મકાર્યોની વૃદ્ધિ થાય, આપ યશસ્વી ગચ્છાધિપતિ થાઓ. પદારોહણ પ્રસંગે અનેક શુભેચ્છાઓ.

**– કચ્છ વાગડ સમુદાય નાયક આ. શ્રી કનકસૂરિજી દેવેન્દ્રસૂરિજી – કલાપૂર્ણસૂરિજી – કલાપ્રભસૂરિજી – કલ્પતરૂસૂરિજી સમુદાય વર્તિ આ. તીર્થભદ્રસૂરિજી.**

આપશ્રી ગચ્છાધિપતિ પદના ઉત્તમોત્તમ સ્થાને બિરાજમાન થઈ રહ્યા છો, જાણી આનંદ અનુમોદના. પદ પ્રાપ્તિની સાથે જિન શાસનની એકતા - મૈત્રી - પરસ્પર સ્નેહ - ભાવવૃદ્ધિથી પરમાત્માના શાસનની પ્રભાવના વૃદ્ધિ કરાવવા આપ સક્ષમ થાઓ એજ શુભેચ્છાઓ.

**- ગચ્છાધિપતિ પૂ. આ. ભ. વિ. પ્રેમ ભુવન ભાન - જયઘોષ રાજેન્દ્રસૂરિજી સમુદાય વતી આ. વરબોધિસૂરિજી**

---

અચલગચ્છની ઐતિહાસિક અસ્મિતા પ્રાચીન અર્વાચીન ગૌરવ ને ખંત-ખમીર ખુમારીથી અજવાળી રહેલા આપશ્રીને શ્રી સંઘ અચલગચ્છાધિપતિ પદે બિરાજમાન કરે છે. આપના હાથે ગચ્છનો અભ્યુદય થાય. મુનિવરોમાં પાત્ર આત્માઓને આગળ આગળની યોગ્ય પદવીઓથી આગે ધપાવો તથા વિશાળ અહિંસા સંમેલનો, સાહિત્ય સંમેલનો, તપ-જપ-સામાયિકાદિ આબાલ વડીલોને ધર્મમાં આગે ધપવા પ્રોત્સાહિત કરતા વિશાળ અભિયાનો, પ્રાચીન સાહિત્યનાં સંપાદનો, પ્રકાશનો, ચિરંજીવ પુનર્લિપીકરણો, ઉગ્ર વિહારો - ગોત્ર સંશોધનોથી ગચ્છના ગોત્રો -પ્રદેશોમાં અનેરી ગચ્છ જાગૃતિ કાર્યોની અંતર્મનથી ખૂબ જ અનુમોદના. **- યતિવર્ય શ્રી મોતિસાગરજી (ભુજપુર)**

---

આજથી ૫૩ વર્ષો પૂર્વે વિ. સં. ૨૦૨૪ માં અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મહારાજની પ્રેરણા નિશ્રામાં પ્રાચીન જૈન તીર્થ ભદ્રેશ્વર (વસઈ) તીર્થના પ્રાંગણમાં શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) ચતુર્વિધ જૈન સંઘનું પ્રથમ અધિવેશન યોજાયેલ ત્યારબાદ ૨૦૩૫ / ૨૦૩૮ માં અન્ય સંમેલનો પણ થયા જેનો હેતું પૂ. આચાર્ય ભ.આદિ સાધુ સાધ્વી ભ. ની વૈયાવચ્ચ, સંઘોનું સંગઠન, ગચ્છની પુરાતાત્વિક તીર્થો, મંદિરો, પ્રતિમાજીઓ, શિલાલેખો, મૂર્તિલેખો, પ્રાચીન હસ્તપ્રતો વિગેરેની સુરક્ષા, સાહિત્યનું પ્રકાશન -પ્રસારણ આદિ ચતુર્વિધ સંઘ સાધુ સાધ્વીજી ભ. માં ઐક્યતા, ગચ્છાધિપતિના આજ્ઞા માર્ગદર્શનાનુસાર ગચ્છો જ્ઞાતિના કાર્યોમાં સહકાર, તિથિ પત્રિકા, તપ પારણા, ચાતુર્માસ . સૂચિ પ્રકાશન, ઈત્યાદિ શુભ કાર્યો કરવા એ છે. શ્રાવક-શ્રાવિકા વર્ગના પ્રથમ પ્રમુખ શ્રીયુત નારાણજી શામજી મોમાયા, ઉ.પ્ર. શ્રીયુત રવજી ખીમજી છેડા આદિ હતા. વર્તમાન અધિકારી - વ્યવસ્થાપક સમિતિ -ટ્રસ્ટીમંડળના ત્રિવર્ષિય કાર્યકાલમાં શ્રી માટુંગા ક.મૂ.પૂ. જૈન સંઘના સથવારે આપને અચલગચ્છાધિપતિ પદે પદારોહણ કરવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયેલ છે. જેથી ગૌરવ અનુભવીએ છીએ. આપશ્રીનો દીક્ષા પર્યાય ૫૨ (બાવન) વર્ષનો હોઈ શ્રી અ.ભા. અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘની દરેક ગતિવિધિઓના આપ સુપરિચિત છો. આપના 'ગચ્છાધિપતિ' પદારોહણથી, આપના માર્ગદર્શનથી 'સંઘ' સુદૃઢ થશે. આપના નિરામય દીર્ઘાયુની મંગળકામના સહ પદારોહણ પ્રસંગે અમારી અનેકાનેક શુભેચ્છાઓ. **- શ્રી અ.ભા. અચલગચ્છ શ્વે. જૈન સંઘ**

**પ્રમુખ : રતનલાલ વડેરા, ઉ.પ્ર હેમચંદ ગડા, ચીમન મોતા,**

**મંત્રીઓ : વિનોદ ગંગર, પ્રવિણ લોડાયા, મિશ્રીમલ શ્રી શ્રીમાલ, જયંત સંઘવી,**

**પદ મહોત્સવ સમિતિ - કન્વીનર : રવિભાઈ સંગોઈ, સહકન્વીનર : વિરાટભાઈ શાહ**

---

શ્રી કચ્છી વિસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન (મુંબઈ)ની ભાતબઝાર (ચીંચબંદર) લાલવાડી, ઘાટકોપર અને પાલિતાણા મધ્યે જિનાલયો, ઉપાશ્રયો, મહાજનવાડીઓ, ધર્મશાળા અતિથિગૃહ આદિ ધાર્મિક જ્ઞાતિ સામાજિક શુભ પ્રવૃત્તિઓ વર્ષોથી સારી રીતે સંચાલિત છે.

અચલગચ્છધિપતિ પૂ. આચાર્ય ભ. શ્રી ગૌતમસાગરસૂરિજી, ગુણસાગરસૂરિજી, ગુણોદયસાગરસૂરિજીના સમયમાં એ મહાપુરૂષોની અમીદ્રષ્ટિથી આ સ્થળોમાં ચાતુર્માસો મળતા રહેતાં. મહાજન અને એ સંઘો દ્વારા અનેકવિધ ચાતુર્માસિક, પર્યુષણાદિ પર્વો તથા શેષકાળમાં અનેક ધર્મપ્રવૃત્તિઓ માટે પ્રેરણાઓ પ્રાપ્ત થતી રહેલ.

આપશ્રી 'અચલગચ્છાધિપતિ' પદે આરૂઢ થઈ રહેલ છો ત્યારે મહાજનશ્રીની અનેકાનેક શુભેચ્છાઓ સ્વીકારશોજી. આપ દીર્ઘકાળ સુસ્વસ્થ રહી જ્ઞાતિ-સંઘ-સમાજની અનેકવિધ ઉન્નતિમાં શુભાશીર્વાદો-માર્ગદર્શન પ્રદાન કરતા રહો એજ શુભકામનાઓ સહ ભાવભરી વંદનાવલિ. **- ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન (મુંબઈ), માનદ્ મંત્રીઓ**

આપણા સૌના હૃદયસમ્રાટ ગુરૂદેવ અચલ– ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી કચ્છ શણગાર શ્રી શત્રુંજયાવતાર આદીશ્વર દાદા ૭૨ જિનાલય તીર્થનું ભવ્ય નિર્માણ થયું. આજે આ તીર્થ અનેકવિધ જિનભક્તિ, ગુરૂભક્તિ, સાધુ સાધ્વી વૈયાવચ્ચ આદિનું ધામ બની રહેલ છે. એ પૂજ્યશ્રીના પ્રથમ પટ્ટધર અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મહારાજાના ચાતુર્માસો, અવસરે સ્થિરતા, અનેક દીક્ષાત્સવોથી આ તીર્થ ગાજતું રહેતું. હવે આપના ગચ્છાધિપતિ પદના સમયમાં આ તીર્થની પ્રગતિ અનેકવિધ ગચ્છોન્નતિના શુભકાર્યો ભવ્ય રીતે કરવાના છે. આપ નિરામય દીર્ઘાયુ બની જયવંતા વર્તો.

**– યશોધન વર્ધમાન ૭૨ જિનાલય ટ્રસ્ટ , ચેરમેન રવિલાલ ઠાકરશી સંગોઈ તથા ટ્રસ્ટી મંડળ**

-----------------------------------------------------

सं. २०३५ को वर्ष में मुंबई आझाद मेदान में श्रीअ. भा. अचलगच्छ जैन संघ द्वितीय महासंमेलन प्रेरक अचलगच्छाधिराज पू. आ. भ. श्री गुणसागर सूरीस्वरजी म. सा. की अध्यक्षता में हुआ था । उस समय पूज्यश्री की प्रेरणासे शेठ धमंडीराम गोवाणी की अगवानी में श्री अखिल राजस्थान अचलगच्छ जैन संघ का गठन हुआ था । बाद में उसका संविधान भी पारित हुआ था । गुरुदेव के देवलोक गमन पश्चात ३३ वर्षो से आप पूज्यश्री अ. रा. अचलगच्छ जैन संघ का मार्गदर्शन कर रहे है । राजस्थान मारवाड के सेंकडो अचलगच्छीय गोत्र परिवार एवं सेंकडो गांव, नगरो में अचलगच्छीय परिवारो स्थित है । जो वर्तमान में धंधार्थ मुंबई, पुणे, नासिक, हैदराबाद, चेन्नई, बेंग्लोर, कोइम्बतुर, अमदावाद, सुरत, नवसारी, दिल्ही, छत्तीसगढ आदि अनेक क्षेत्रोमें स्थित है । जो अखिल राजस्थान अचलगच्छ जैन संघ के माध्यम से आपके मार्गदर्शनानुसार संगठीत हो रहे है ।

आपको गुरुदेवश्रीने स्वयं २०४४ में दंताणी तीर्थ में आचार्य पद प्रदान समय राजस्थान में गच्छ के संगठन को सुद्रढ करने राजस्थान दीपक पद से सुशोभित किया था ।

आज आप का अचलगच्छाधिपति पदारोहण हो रहा है तब हमें बहुत ही खुशी प्रसन्नता हो रही है । इस अवसर पर अनेकानेक शुभेच्छाओंका स्वीकार करें । एवं हमे आशार्वाद देवें ।

**श्री अखिल (राज.) अचलगच्छ जैन संघ, अध्यक्ष : बाबुलाल रि. वडेरा (बाडमेर)**

**श्री मुंबई राजस्थान अचलगच्छ जैन, अध्यक्ष : बाबुलाल संघवी (घुमडीया)**

-----------------------------------------------------

આપ સંયમ જીવનના બાવન (૫૨) વર્ષના સુદીર્ઘ પર્યાયે આપના ગુરુદેવ અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં અનેરું જીવન ઘડતર પામી અનેક ગુણોથી મધમધાયન બન્યા છો.

ગુરૂકૃપાએ આપની પ્રેરણા પુરૂષાર્થથી મુંબઈ ઘાટકોપર નગરે શ્રી આર્યજય કલ્યાણ કેન્દ્ર હસ્તક શ્રી ગૌત્તમ નીતિ ગુણસાગર સૂરિ મેઘ સંસ્કૃતિ શ્રુત ભવન છેલ્લા ૪૩ વર્ષોથી સંચાલિત છે. જેમાં વિશાળ પ્રાચીન –અર્વાચીન જૈન જ્ઞાનભંડાર તથા ૪૦ વર્ષોથી ગુણભારતી માસિકનું સંચાલન થાય છે. અહીં આપની પ્રેરણાથી સ્થાપિત તીર્થોનું, સંસ્થાઓનું વહીવટી સંચાલન થાય છે. આ સંસ્થા સમુહના ટ્રસ્ટી મંડળો વતી આપના ગચ્છાધિપતિ પદારોહણ પ્રસંગે હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

**– શ્રી આર્યજય કલ્યાણ કેન્દ્ર, શ્રી ગુણભારતી પ્ર. ચે. ટ્રસ્ટ, શ્રી આર્યરક્ષિત જૈન શ્વે. દંતાણી તીર્થ,**

**શ્રી ગુણ પાર્શ્વનાથ જૈન તીર્થ (દેઢીયા કચ્છ), શ્રી મોડપુર સુપાર્શ્વનાથ જૈન તીર્થ મોડપુર (હાલાર સોરાષ્ટ્ર),**

**શ્રી આર્યગુણ મેરૂતુંગ પાર્શ્વનાથ જૈન તીર્થ (રામજી કા ગોલ) રાજસ્થાન**

**શ્રી આર્યરક્ષિત યશોધન અષ્ટાપદ જૈન ભાલેજ તીર્થ (આણંદ), અહિંસા મહાસંઘ (ગુજરાત રાજ્ય) અમદાવાદ**

**શ્રી શંખેશ્વર લોલાડા કલ્યાણ જૈન તીર્થ (શંખેશ્વર), શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘ**

આદર્શ માતા દ્વારા બાળપણમાં વવાયેલ અને દીક્ષિત જીવનમાં આપના અનંતોપકારી ગુરૂદેવ દ્વારા જતન સંવર્ધન કરાયેલ 'અહિંસા'નું બીજ વટવૃક્ષ બનતા દેવનાર કતલખાના, અલકબીર કતલખાના, ભારતમાંથી થતી માંસ નિકાસ વિરૂદ્ધ ઝુંબેશો, પ્રવચનો, આંદોલનો, વિરાટ અહિંસા રેલીઓ, જીવદયા અહિંસાના કાર્યકરો સંસ્થાઓને પ્રોત્સાહન અને વિશાળ અહિંસા સંમેલનો, રસ્તા રોકો દ્વારા આપ અનેરી લગનીથી આ ક્ષેત્રે રાષ્ટ્રવ્યાપી જાગૃતિ લાવવાનું અદ્‌ભૂત કાર્ય પુરૂષાર્થ સહ આપે કરેલ છે. જેની જાણકારી માટે એક અલગ જ આખો લેખ લખી શકાય.

જૈન શાસનના સર્વોત્તમ 'અચલગચ્છાધિપતિ' પદે બિરાજમાન થતા આપના પ્રકૃષ્ટ પુણ્યે અહિંસા, જીવદયા, માંસ નિકાસબંધી ક્ષેત્રે જબ્બર સફળતા મળે એ જ અગણિત અબોલ સુક્ષ્મ બાદર જીવ સૃષ્ટિના આશીર્વાદ શુભેચ્છાઓ.

**– અહિંસા મહાસંઘ (ગુજરાત રાજ્ય), મહામંત્રી પંકજભાઈ બુચ (ગાંધીનગર)**

**(ગુજરાત રાજ્ય સચિવાલય પૂર્વ ઓફિસર)**

---

આપની અચલગચ્છાધિપતિની પદવીના સમાચાર જાણી ખૂબ જ આનંદ થયો અને ૨૦૦૧માં થયેલ કચ્છના ભીષણ ભૂકંપથી ૪૦૦ વર્ષ પ્રાચીન મહા પ્રભાવક અચલગચ્છાધિરાજ પૂ. દાદા ગુરૂદેવ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજાની અંતિમ સંસ્કાર ભૂમિ પર સ્તૂપ મંદિરનો વિનાશ થતાં છેલ્લા વરસોમાં આપની જ વારંવાર ભલામણ પ્રેરણાઓ મળતાં અમારા સંઘે આ દાદા ગુરૂના સમાધિ મંદિરનો પાયાથી નવ્ય જીણોદ્ધાર નવનિર્માણ સંપન્ન કરી રહેલ છે. આ આપનો પરમોપકાર સકલ સંઘ હંમેશા યાદ રાખશે.

આપના ગચ્છાધિપતિના સમયગાળામાં ગચ્છોન્નતિના અનેક શુભકાર્યો થાય એ શુભભાવના.

**– શ્રી ભુજ અચલગચ્છ જૈન સંઘ**

**પ્રમુખ : મહેન્દ્રભાઈ શાહ, ઉ.પ્ર. પી. સી. શાહ, મંત્રી ભરતભાઈ ઘીવાલા**

---

## શુભેચ્છા સંદેશ...

## ''તિત્થયર સમો સૂરિ'' ''સૂરિ સામ્રાજ્ય અમર તપો''

જેમનું મન અસીમજ્ઞાન, અનંત સુખરૂપી અમૃતના મહાસારગમાં લીન છે. જેમનું મન સદૈવ જૈન શાસન અને અચલગચ્છ સંઘના ઉત્થાન માટે તત્પ છે. જેમણે સખત પરિશ્રમથી અચલગચ્છીય સંઘોમાં જ્ઞાન, દર્શન, અને ચારત્રની આરાધના દ્વારા ચેતના જગાડી છે. એવા સાલસ, સરલ સ્વભાવી, સાહિત્ય દિવાકર, અચલગચ્છ નાયક પ.પૂ. આચાર્ય દેવશ્રી કલાપ્રભાસાગરસૂરીશ્વરજી મ. સાહેબને ગણધર ભગવંત શ્રી સુધર્માસ્વામીની ૭૮ મી પાટે બિરાજમાન કરાઈ રહ્યા છે અને 'અચલગચ્છાધિપતિ' પદ પ્રદાન થઈ રહ્યું છે ત્યારે... શ્રી અચલગચ્છ જૈન સંઘ – હૈદરાબાદ (સિટી)માં આનંદ અને ઉત્સાહ વરતાઈ રહ્યો છે. આપની પ્રબળ પ્રેરણા–પુરુષાર્થ સાનિધ્યે શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી)ની સ્થાપના થઈ. દેરાસર અને ઉપાશ્રય તથા વિવિધલક્ષી ભવન માટે વિશાળ ભૂખંડની ખરીદી થયેલ.

વિશાળ દેરાસર અને ઉપાશ્રયનું નિર્માણ થયેલ. આપના જ વરદ્‌હસ્તે અંજનશલાકા પ્રતિષ્ઠા આદિ ઉમંગભેર સંપન્ન થયેલ. તેવી જ રીતે આપની પ્રેરણાથી પાઠશાળા, ગ્રંથભંડાર (જ્ઞાનભંડાર)ની શરૂઆત થયેલ. બે ઐતિહાસિક ચાતુર્માસો થયેલ. દરમ્યાન જીવદયા વગેરેના ઐતિહાસિક સંમેલન થયેલ. તેવી જ રીતે સુચારૂ વહીવટ માટે આપનું સદૈવ માર્ગદર્શન મળતું રહે છે. અમારા સંઘ ઉપર આપના અગણિત ઉપકારો છે. અહીં હૈદરાબાદમાં બિરાજમાન પ્રશાંતમૂર્તિ પ્રવર્તિની મહત્તરા પૂ. ગુરુણી સા. મુ. શ્રી રત્નરેખાશ્રીજી મ.સા. ના સુશિ. પૂ. સા. શ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા. ઠા.૩ એ પણ આ મહાન પદોત્સવ પ્રસંગે હાર્દિક શુભેચ્છાઓ તથા વંદના પાઠવેલ છે જે સ્વીકારશોજી.

**– ટ્રસ્ટમંડળ, શ્રી અચલગચ્છ જૈન સંઘ – હૈદરાબાદ (સિટી)**

## श्रमण भारती (हिन्दी साप्ताहिक) आगरा (उ.प्र.)

प. पू. अचलगच्छ नायक, साहित्य दिवाकर आचार्य श्री कलाप्रभसागरसूरीश्वरजी म. सा सुखशाता में होंगे ।

यह जानकर अति प्रसन्नता हुई कि आपकी गणधर श्री सुधर्मा स्वामी के ७८ वे पाट पर चैत्र सुदी ११ गुरुवार दि. २२ अप्रैल २०२१ को अचलगच्छाधिपति पद पर ऐतिहासिक पाटोत्सव के साथ अचलगच्छाधिपति पद विभूषित होनेवाले है ।

इस मंगलमय प्रसंग पर आपश्री के प्रति भावभीना कोटि - कोटि वन्दन, अनुमोदना सहित कामना करते है कि आप हमारे पूर्व उपकारी दादा श्री कल्याणसागरसूरिजी के समान अचलगच्छ को और जिनशासन को चमकायेंगे ।

अचलगच्छाधिपति आचार्य श्री गुणसागरसूरिजी के सानिध्य में गच्छ के उत्थान में आपका महत्वपूर्ण योगदान रहा है जिसकी जितनी सराहना की जाये कम होगी । हम आगरा के गच्छगोत्रीय अचलग्छीय संघवी कुवरपाल सोनपाल लोढा के मूल वंशज होने के नाते आपको बहुत-बहुत बधाई देते है और शुभकामना करते है कि आपके कुशल मार्गदर्शन एवं निश्रामें जिनशासन एवं अचलगच्छ का गौरव बढायेंगे ।

**विनीत श्रावक सुरेन्द्रसिंह लोढा, संपादक - श्रमण भारती, आगरा**

---

## श्री आर्य गुण गुरू कृपा तीर्थ - राजस्थान

अचलगच्छ नायक, गुरुकृपातीर्थप्रेरक, सूरिमंत्र पंच प्रस्थानाराधक, संघ कौशल्याधार, परम पूज्य आचार्य भगवंत श्री कलाप्रभसागरसूरीश्वरजी म. सा. सादर कोटि कोटि आत्मवंदन !

जिनशासन की महान परंपरा में गणधर श्री सुधर्मास्वामीजी की ७८ वें पाट पर वि. सं. ०७७ चैत्र सुद ११ गुरुवार दिनांक २२ अप्रैल २०२१ को आपश्री के आसीन होने पर आयोजित होनेवाले भव्य सुधर्मापाटोत्सव की अनंत अनंत शुभकामानायऐं व आपश्री के श्रीचरणों में खूब खूब आत्म वंदनाऐं । पूज्य गुरुदेव श्री का व्यक्तित्व व कृतित्व समूचे जिनशासन ही नहीं अपितु प्राणी मात्र के लिए कल्याणकारी हैं । आपकी सरलता, सादगी, उच्च आदर्श, विनम्रता, हम सबके लिए प्रेरणादायी हैं । आपश्री के कुशल नेतृत्व में अचलगच्छ जैन श्री संघ नई ऊँचाईयों को छूकर नवकीर्तिमान स्थापित करेगा ऐसा मुझे पूर्ण विश्वास है ।

आपश्री दीर्घायु बने व सकल श्री संघ, मेरे परिवार व मुझ पर सदैव आपका आशीर्वाद व कृपा दृष्टि बनी रहे, यही शुभेच्छा ।

**- आपका चरणोपासक भीमराज वोहरा-अध्यक्ष श्री आर्य-गुण-गुरुकृपा जैन तीर्थ (रामजी का गोल)**

---

## श्री आर्य गुण गुरू कृपा जैन तीर्थ - ट्रस्टी मंडल

मु.पो. रामजी का गोल, राष्ट्रिय राजमार्ग १५, तहसील गुडामालाणी, जिला : बाडमेर (राज.)

अचलगच्छ नायक, राजस्थान दक्षिण दीपक, गुरुकृपा तीर्थ प्रेरक, सूरिमंत्र, पंचप्रस्थापक, संघ कौशल्याधार, प. पू. आचार्य भगवंत श्री कलाप्रभसागरसूरीश्वरजी म.सा. सादर कोटि आत्म वंदना ।

धन्य शुभ दिवस वि. सं. २०७७, चैत्र सुदी ११ गुरुवार दिनांक २२ अप्रैल, २०२१ को शुभ मुहूर्ते गणधर सुधर्मास्वामी की पाट परंपरा में आपश्री ७८ वेपाटे अचलगच्छ (विधिपक्ष) परंपरा के ३२ वें पाट पर आसीन होकर जिनशासन गच्छ की अनुपम शासन प्रभावना का इतिहास रच रहे हैं । मुंबई महाराष्ट्र के माटुंगा उपनगरे श्री अखिल भारत अचलगच्छ (विधिपक्ष) श्वे. जैन संघ द्वारा आयोजित यह सुधर्मापाटोत्सव ऐतिहासिक, यशस्वी व चिर स्मरणीय बने तथा पूज्य गुरुदेवश्री के नेतृत्व में जिनशासन व अचलगच्छ जैन संघ उन्नति के नवपथ की ओर अग्रसर होकर अद्भूत शासन प्रभावना करें । पूज्यश्री के दीर्घायुं जीवन की मंगलकामना के साथ खूब खूब अभिनंदन... वधाईयां !

**शुभेच्छुक : श्री आर्य गुणगुरुकृपा जैन तीर्थ, रामजी का गोल, समस्त पदाधिकारी/ट्रस्टी मंडल**

## जैन परिवार (पाक्षिक), भारत जैन महामंडल (बाडमेर)

भगवान महावीर स्वामीने शासन में गणधर श्री सुधर्मास्वामीजी की पाट परंपरा में ७८ वें पाट पर मुंबई महानगर के माटुंगा कच्छी मूर्तिपूजक श्वेतांबर जैन संघ के आंगणे वि. सं. २०७७ चैत्र सुद ११, गुरुवार, दिनांक २२ अप्रैल, २०२१ को शुभ मुहूर्ते आसीन होंनेवाले जिनशासन शणगार, शासन सम्राट, राष्ट्रसंत भारत दिवाकर, अचलगच्छाधिपति प. पू. आचार्य भगवंत श्री गुणसागरसूरीश्वरजी म.सा. के विद्वान विनयी शिष्यरत्न, अचलगच्छ नायक, सूरिमंत्र पंचप्रस्थानाराधक, संघ कौशल्याधार प.पू. आचार्य भगवंत की कलाप्रभसागरसरीश्वरजी म.सा. के श्रीचरणों में अनंत अनंत आत्मवंदना के साथ इस भव्य सुधर्मापाटोत्सव के ऐतिहासिक होने की मंगल शुभकामनाऐं, बधाई व अभिवंदनाऐं ।

पूज्य गुरुदेव श्री की विशाल शासन प्रभावना को शब्दों में समेटना मेरे लिए नामुमकिन हैं । पूज्यश्री के नेतृत्व में अचलगच्छ जैन संघ दिन दौगुनी रात चौगुनी उन्नति के उच्च शिखर पर आरूढ बने व आपका मंगल आशीर्वाद सकल संघ पर मुझ पर सदैव बना रहे, यही शुभेच्छा सह सादर वंदना !!!

**- आपका चरणरज लुणकरण सिंघवी, प्रधान संपादक - जैनपरिवार (पाक्षिक) - बाडमेर**

**अध्यक्ष : भारत जैन महामंडल शाखा बाडमेर - महामंत्री : श्री आर्य गुण गुरुकृपा जैन तीर्थ (रामजी का गोल)**

---------------------------------------------

### પ્રેમથી ભરેલું જીવન મળે આપને... ખુશીઓથી ભરેલી ક્ષણો મળે આપને...
### ક્યારેય મુસીબતનો સામનો ન કરવો પડે, એવો આવનાર સમય મળે આપને...

વર્તમાન મહામારીની પરિસ્થિતિએ અમને 'પ્રત્યક્ષ 'અચલગચ્છાધિપતિ' પદની ક્રિયા જોઈ –માણી ન શકીશું પણ ફરી કૃપા વરસાવજો આવો લ્હાવાના સાક્ષી બની શકીએ...

**– શ્રી અચલગચ્છ જૈન સંઘ – નવસારી : પ્રમુખ બંસીલાલ શ્રીશ્રીમાલ**

---------------------------------------------

## શુભેચ્છા સહ વંદન

આપના ગચ્છાધિપતિ પદોત્સવ પ્રસંગે અમારા સમસ્ત પરિવારની અનેકાનેક શુભેચ્છાઓ....

**– માતુશ્રી મોંઘીબાઈ ટોકરશીં શવરાજ ફુરિયા, પ્રભાબેન શાંતિલાલ ફુરિયા, મોનિકા અનિરુદ્ધ**

**– પ્રવિણચંદ્ર ટોકરશીં ફુરિયા બીદડા – મુંબઈ (અમેરિકા) સમસ્ત પરિવાર**

---------------------------------------------

## ગચ્છની મૂળ સમુજજવલ પટ્ટપરંપરામાં આપ ગચ્છાધિપતિ

**વર્તમાન પ્રભુશ્રી વીરનું શાસન,**
**ગણધર ભગવંત શ્રી સુધર્માસ્વામિની પાટ પરંપરા...**
**કોટિગણ, વડ ગચ્છ (બૃહત્‌ગચ્છ) ચંદ્રકુળ,**
**વચરીશાખા, વિધિપક્ષ અચલગચ્છની ધર્મધુરા...**

આજે અચલગચ્છની ગાદી... અચલગચ્છની ધૂરા... અને અચલગચ્છના સૂત્રોને વહન કરનારા 'નૂતન અચલગચ્છાધિપતિ પરમોપકારી ગુરુદેવ'પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાને શુભકામનાઓના સ્વસ્તિક, માંગલ્યતાના મોતી અને અંતરના અક્ષતોથી અનેરા ભાવે વધાવીએ છીએ.

**– કેવલ વિશનજી સાવલા – ડેપા (સુપ્રસિદ્ધ વિધિકાર)**

**પ્રીતેશ ઠાકરશી દેઢિયા (ડોંબીવલી)**

**વ્યવસ્થાપક, કારોબારી સભ્ય – શ્રી ડોંબીવલી અચલગચ્છ જૈન સંઘ**

# અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજની પ્રાસંગિક તસ્વીરો...















# ગચ્છગગનચંદ્રમાની ચોમેર શોભતા સંયમી-સીતારાઓ

## લેખક પૂ. ગુરૂદેવ ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય કમલપ્રભસાગરજી મ.સા.

(ગુરૂ કરતાં શિષ્યો સવાયા ત્યારે તેનું મૂળ શિષ્યોનાં હૈયે ગુરૂ છવાયા હોય છે. અને મૂળ એ તો મૂળ છે. તેથી પૂ. ગુરૂદેવનાં નામનાં પ્રથમાક્ષરી શબ્દોથી પ્રારંભાતા પેરેગ્રાફો દ્વારા પૂજ્યશ્રીનાં શિષ્યોનાં ક્રમવર્તી સંક્ષિપ્તજીવન પરિચય આપવા સાથે પુનઃ પૂ. ગુરૂદેવનું માર્મિક જીવન આલેખન કરીને ગુરૂ થકી શિષ્યોનાં મોભા અને ૨૧ શિષ્યો -પ્રશિષ્યો થકી ગુરૂની શોભાને શબ્દસ્થ કરવાનો સુંદર પ્રયત્ન મૂ. મુનિરાજ શ્રી કમલપ્રભસાગરજી મ. સા.એ કર્યો છે. એકાગ્રતાથી વાંચવા વિનંતી. - સંપાદકગણ).



**પરમ** તારક, પરમ કૃપાળુ, પરમોપકારી પરમાત્મા શ્રી મહાવીરદેવનાં પ્રવર્તમાન શાસનમાં, પ્રભુનાં પ્રથમ પટ્ટધર, પંચમગણધર, શ્રી સુધર્મા સ્વામીજીની પાવન પાટ પરંપરામાં, ૪૭મા પટ્ટધર, વિધિપક્ષ (અચલ) ગચ્છનાં આદ્યસ્થાપક, સિથિલાચારનિવારક, સન્માર્ગપ્રરૂપક, યુગપ્રધાન દાદાશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાનાં પટ્ટધર, લક્ષ ક્ષત્રિયપ્રતિબોધક પૂ. આ. ભ. શ્રી જયસિંહસૂરીશ્વરજી મહારાજાની પાટાનુપાટે મહાન મંત્રપ્રભાવક પૂ. આ. ભ. શ્રી મેરૂતુંગસૂરીશ્વરજી મહારાજાના પાટાનુપાટે અનેક નૃપપ્રતિબોધક યુગપ્રધાન પૂ. આ. ભ. શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજાની પાટાનુપાટે સ્વગચ્છીય વર્તમાન શ્રમણસંઘની ગંગોત્રી સમા, મહાન ક્રિયોધ્ધારક, પાલીરત્ન દાદાસાહેબશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મહારાજાના પરમપ્રતાપી પટ્ટધર શાસનસમ્રાટ, યુગતીર્થપ્રભાવક, રાષ્ટ્રસંત, શીઘ્રકવિ, કચ્છકેશરી, પ્રતિભાપારખુ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા.

**પૂજ્ય**પાદ એ પરમગુરૂદેવ 'સૂરિગુણ' એટલે યથાર્થનામી ગુણોનાં સાગર, એ સદ્‌ગુણક્ષીરસાગરને સમર્પિત સરિતા એટલે આ લેખે વિશેષાંકના ગુણવંતા કથાનાયક ગચ્છાધિપતિ પૂ. પાદ આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા અને સરિતાના શરણમાં સમાવિષ્ટ થઈ સમસ્ત વિશ્વ માટે પ્રેરણાપાણીપ્રદ ઝરણા એટલે પૂ. ગુરૂદેવનાં શિષ્યો અને પ્રશિષ્યો. તો ચાલો શબ્દયાત્રાના સથવારે સાગર... સરિતા અને સલીલસ્રોત (ઝરણા) સમૂહનાં શ્રેષ્ઠ સમન્વયે વિશ્વવરદાન બનેલ પૂ. ગુરૂદેવરૂપ જોરદાર અને જાજરમાન, જિનશાસનનાં જંગમતીર્થને જુહારીયે.

**આચાર્ય** ભગવંતના આદ્યશિષ્ય એટલે રાયણશી મીઠી રાયણ (કચ્છ)નાં પિતા રાઘવજીભાઈ અને મા કસ્તુરબાઈનાં કુલદીપક, આયર્નમેન જેવા પ્રચંડકાયબલી, સૌની સેવાર્થ સમર્પિત, લોકજિહ્વાગ્રે કચ્છ-મુંબઈમાં 'તકડા મહારાજ' તરીકે પ્રસિદ્ધિને પ્રાપ્ત, એટલે ડુમરા બોર્ડિંગમાં ભણનાર પુલકેશીમાંથી મુનિ બનનાર અને મુનિ તરીકેના મુનિવૃંદમાં વિશેષે જાણીતા પૂ. મુનિશ્રી પુણ્યોદયસાગરજી મ. સાહેબ...

૧૦૦૦ આયંબીલ કરનાર, ગોગરી ગૌત્ર ગૌરવ એ પૂજયશ્રીના સંસારી અને સંયમીપણે લઘુગુરૂબંધુ એટલે મુનિશ્રી અનંતરત્નસાગરજી મ. અને બેનમ. એટલે સરલ પરિણામી સેવાભાવી સ્વ. સા. શ્રી રત્નયશાશ્રીજી. આવા પ્રથમ શિષ્યની પ્રાપ્તિ થકી 'ગુરૂ'ના ગૌરવવંતા પદથી અલંકૃત, પ્રભુનાં માર્ગમાં ચાલનારાઓને શીર્ષસ્થાન દેનાર માસોત્તમ માર્ગશીર્ષ માસે વદ બીજ મંગલવારે મંગલમૂર્તિ ગુરૂદેવશ્રી કચ્છ દુર્ગાપુર-નવાવાસે... રતનશીંભાઈ સાવલા અને મા પ્રેમકુંવરબાઈના પનોતા પુત્રપણે જન્મ્યા. પ્રેમ ન હોય કુંવર માટે તેવી કઈ બાઈ હોય ? પણ અહીં સાચી લાગણી-માગણી એ હતી કે મારા રત્ન શાસનરત્ન બને. વિદ્યાપીઠમાં કરાવાયેલ અભ્યાસ, સૂરિગુણનું વાત્સલ્યમય સંયમ શિક્ષણ અને સા. શ્રી હીરપ્રભાશ્રીજી, સા. શ્રી પુણ્યોદયશ્રીજી, સા. શ્રી પૂર્ણાનંદશ્રીજી, સા. શ્રી અનંતગુણાશ્રીજી આદિની સમયોચિત્ત, સ્નેહસભર હિતશિક્ષા દ્વારા એ અદ્‌ભુત કેળવણી. આ બધું ય પૂર્વના પ્રબલ પુણ્ય વિના ન મળે. બાળપણમાં જ આવી ચણતર અને ઘડતરને પામનારા પૂ. ગુરૂદેવશ્રીને અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે હૃદયકમલની કોટિશઃ વંદના.

**ભગવંત**ની ભાગવતી પરંપરા એટલે જેમાં પરમની પરાશક્તિઓનો પ્રકાશ આપણને પ્રત્યેક સ્થલ અને પ્રત્યેક પલમાં પથરાયેલો દેખાય. વિ. સં. ૨૦૨૮ આગમપ્રજ્ઞ વયોવૃધ્ધ પૂ. મુનિરાજશ્રી કીર્તિસાગરજી મ. સા. ની શુભનિશ્રાએ બાડા ચોમાસાને ચમકાવનારા પૂ. ગુરૂદેવની દૃષ્ટિ ડુમરા બોર્ડિંગમાંથી વેકેશનમાં આવેલ એક વિદ્યાર્થી પર પડી. જેના પિતાશ્રીએ સ્વર્ગગમનથી પૂર્વે ૧૦ વર્ષમાં સંયમગ્રહણનો સંકલ્પ કરેલ. તે ઘટના થકી મા ગંગાબાઈના સુસંસ્કારે રોપાયેલ સંયમભાવબીજ પૂ. ગુરૂદેવશ્રી દ્વારા પ્રેરણાપાણી પ્રદાન થતાં પાંગર્યું. કાંતિ એ ક્રાંતિ કરી અને પૂ. ગુરૂદેવનાં શિષ્યમુનિશ્રી કમલપ્રભસાગરજી બન્યા. શાસનકાર્યોમાં અતિવ્યસ્ત છતાં સદૈવ મસ્ત પૂ. ગુરૂદેવે પ્રારંભકાળથી જ સંસ્કૃત-પ્રાકૃત શબ્દાનુશાસન-કાવ્યાનુશાસન આદિ અધ્યયનમાં એમને આગળ વધાર્યા. પ્રથમ ચાતુર્માસે ગોરેગાંવમાં જ એમને વાચનાદાનસહ પર્વ પ્રવચનાર્થે બેસાડ્યા. એકદા શુભપળે તિરૂપતિ એપા. મુંબઈમાં સ્વમુખે શ્રી પાર્શ્વપ્રભુની જપસાધના આપી જે તેમના માટે આજીવન વરદાન બની ગઈ. રાજસ્થાનદિપક પૂ. ગુરૂદેવ રાજસ્થાનમાં પ્રગટાવેલ જાગૃતિજયોતમાં પ્રેરણા ઘી પૂરવા તે પ્રદેશે શિષ્યને વિશેષ વિચરણ કરાવ્યું. દાદાસાહેબશ્રી ગૌત્તમસાગરસૂરિ સ્મૃતિધામ પાલી પ્રતિષ્ઠા પ્રસંગે નિશ્રા આપી મુનિશ્રી કમલપ્રભસાગરજીને 'મરૂધર કેશરી' બિરૂદે નવાજી આશીર્વાદાત્મક અનુમોદના કરી.

યોગ્યતાનુસાર યોગ્યસમયે શિષ્યોનાં યોગક્ષેમને વહન કરનારા વીરશાસનનાં વિશિષ્ટ વારસદાર વિદ્વતશિરોમણી. પૂ. પાદ આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા કે જેઓ સ્વયં... જે માસનાં શબ્દો જ જાણે નવ-કાર સુધી પહોચાડવાની તક ને સૂચવતા હોય તેવા કારતક માસની તેરસે શનિવારે અંધારા પક્ષમાં અણગાર બનીને ય સદા આરાધનાના અજવાળા પક્ષમાં રહેનારા, રાચનારા ને રસવાળાને રસ્તો બતાવી રહસ્યોની રોશની આપનારા થયા. પોષ વદી ૧ શનિવારે વિ. સં. ૨૦૨૬માં નાના આસંબીયા મુકામે વડીદીક્ષા પામનારા નવાવાસ નરોત્તમ પૂ. પાદ આ. ભ. શ્રી કલાપ્રભસાગરજીસૂરીશ્વરજી મહારાજાને અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે હૃદયકમલની વંદના.

**શ્રી** એટલે લક્ષ્મીની સવિશેષતાએ જેઓ કચ્છ-લાલાનાં શેઠિયા કહેવાતા તેવા શ્રી ક.દ.ઓ. દંડ ગોત્રીય હીરજીભાઈના હીરા અને મણિબાઈના મણિરત્ન કે જેમના જીવનમાં સંયમ, સેવા અને સ્વાધ્યાયના પ્રકૃષ્ટ પાસા અદ્યાવધિ અનુપમ રીતે ચમકી રહેલ છે, તે મુલચંદમાંથી ધર્મપ્રભાવક મુનિ બનેલા શ્રી ધર્મપ્રભાવસાગરજી મ. માની સેવાર્થે બ્રહ્મચારિણી તરીકે રહી સતત તપમાં જોડાઈ ૩૦-૪૫-૬૭ અને અંતે ૧૦૮ ઉપવાસ કરી સદ્‌ગતિ વરેલ ધનલક્ષ્મીબેન અને લગ્ન બાદ પણ સજોડે બ્રહ્મચર્ય પાળતા ભાઈ સૂર્યકાંતભાઈનાં બડબાગી એ બંધુ મુનિવર. નાના મોટા સૌની વૈયાવચ્ચનાં વિશિષ્ટગુણ થકી સમુદાયમાં સૌની વિશેષ

લાગણીને વર્યા. પાસે આવનાર પ્રત્યેકને પ્રેમથી પાસે બેસાડીને પ્રેરણાનો પ્રકાશ પ્રદાન કરનાર એ દક્ષિણ રત્ન મુનિશ્રી આજે ૭૧ વર્ષની વૃધ્ધ વયે પણ સુંદર શાસન પ્રભાવના કરી રહેલ છે.

વિ.સં. ૨૦૩૩ માં ગુર્વાજ્ઞાએ મુંબઈ પધારી સમૂહવર્ષીતપ પારણા, સંસ્કાર શિબિરો, સંઘો અને પાઠશાળાઓની સ્થાપના આદિ દ્વારા શાસનપ્રભાવનાનો જોરદાર ડંકો વગાડનારા, સ્વયંની ભુજપુરની ત્રણ મુમુક્ષુઓની દીક્ષાના ઈતિહાસને 'સૂરિગુણ'ની નિશ્રાએ ઘાટકોપર જીરાવલ્લામાં મુનિશ્રી કમલપ્રભસાગરજી, મુનિશ્રી ધર્મપ્રભસાગરજી, મુનિશ્રી નયપ્રભસાગરજી એ ત્રણની દીક્ષા થકી પુનઃ રચાવનારા, સદૈવ રચનાત્મક કાર્યોના પ્રખર પ્રણેતા પૂ. ગુરૂદેવ આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાને અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે હૃદયકમલની વંદના.

કચ્છ ચીયાસરના રણશીં મારૂ અને નાથબાઈ મા ના કુલદીપક એ જેઠાભાઈ શ્રાવિકા લક્ષ્મીબાઈ સાથે ગૃહસ્થપણામાં પેઠા પછી પણ દુકાનાદિની જવાબદારીમાં બેઠા પછી પણ શાંતિલાલ અને જયશ્રી એમ બે પુત્ર-પુત્રીના પિતા એટલે ઘરનાં જયેષ્ઠા-જેઠા બન્યા પછી પણ, 'આ સંસાર અસાર છે અને સંયમ જ સાર છે' તેવી પૂ. ગુરૂદેવશ્રીની વાણી સાંભળ્યા પછી એમણે એવું સત્વ દાખવ્યું કે આખરે મોહશત્રુ એ શસ્ત્રો હેઠા મુકવા પડ્યા.

ગૃહસ્થપણામાં વર્ષ વીત્યા હતા ૪૫ પણ પૂ. ગુરૂદેવનો સંગ લાધ્યોને રંગ લાગ્યો તે ચોલમજીઠનો. જ્ઞાનસ્ય ફલં વિરતિ એટલે જ્ઞાનનું ફળ વિરતિ તો ખરું જ પણ વયનાં ૪+૫નાં આંકડાઓને જોડીને નવડો મેળવીને નવમા મંગલમય તપ પદને ગૃહસ્થપણે પરિવારમાં મંગલભાઈ તરીકે પ્રસિધ્ધ એ જેઠાભાઈએ સંયમ જીવનમાં સંપૂર્ણપણે મંગલ નામ ચરિતાર્થ કરી બતાવ્યું. સામાન્યથી ઘણું ભણે ને ઘણા કર્મો ને હણે એ સમજાય પણ ઓછું ભણે ને તોય વધુ કર્મોને હણે તેવું તો સંયમ અને સંયમજીવનના અમૂલ્ય સમયનું મૂલ્ય સમજનાર લક્ષ્યલીન સાધકો જ કરી શકે...

સાદું જીવન ઉચ્ચવિચારના આદર્શ તપોમૂર્તિ મુનિશ્રી નયપ્રભસાગરજી મ. ૧૨ માસખમણ, ૫૦૦ આયંબીલ, વર્ધમાન તપ ઓળીઓ, એકાંતરા, ૬ ઠ્ઠ પારણે તથા અઠ્ઠમ પારણે એકાસણાવાળા વરસીતપો દ્વારા કચ્છ-મારવાડ મુંબઈ સઘળે તપસીબાવજી તરીકે પ્રસિધ્ધ થઈ ગયા. જીવનની અંતિમ સંધ્યાએ ગુરૂદેવ પૂ. આચાર્યભગવંતની હેતભરી હૂંફને હામ સાથે હૃદયબળના સથવારે ૬૫ મા ઉપવાસે અનશનપૂર્વક સમતાપૂર્વકના સમાધિમરણે કાલધર્મ પામી પૂ. ગુરૂદેવશ્રી પ્રેરિત પરમ ગુરૂદેવ સૂરિગુણનાં જન્મ સ્મૃતિધામ શ્રી ગુણપાર્શ્વનાથ તીર્થને પણ ધન્ય બનાવી ગયા.

એક સામાન્ય વ્યક્તિમાં રહેલ વીરલતાને વર્તીને વીર વાણીયાને તેના જીવનમાં વિશિષ્ટતાનો વૈભવ સર્જીને વયની ભભૂતિ બને તે પૂર્વે અનુભૂતિના આસ્વાદે વિભૂતિ બનાવનાર પરમોપકારી, વાત્સલ્યવારીધી... સદૈવ આત્મહિતૈષી પૂ. પાદ ગુરૂદેવ આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાના ચરણકમલમાં અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે કોટિશઃ વંદના

લાવણ્ય હોય સ્તવન રચનાઓનાં શબ્દ સૌંદર્યમાં, લાગણીનું ઝરણું વહેતું હોય દેવગુરૂ પ્રત્યેની ભક્તિનું લેખનશૈલીમાં અને લગામ હોય જિનવાણીમાં વહેતી શબ્દસરવાણી પર. આવી કવિત્વશક્તિ, લેખનશક્તિ અને વકૃત્વશક્તિનાં ત્રિવેણી સંગમનું શુભ સરનામું એટલે મુનિશ્રી કૈવલ્યરત્નસાગરજી. સંયમજીવનનાં અનેક ચાતુર્માસોનાં પ્રવચનો દ્વારા તેમની પ્રવચનશક્તિનો, જ્ઞાનસાર જેવા ગહનવિષય પરનાં પુસ્તકો દ્વારા લેખનશક્તિનો પરિચય ઘણાને થયો હશે તો. 'સૂરિગુણ સિંધુ પદયુગલોંમે' એ ગુરૂગુણના ગુણસ્મરણ ગીત રચના દ્વારા મુનિશ્રી પણ ગીતની સાથે જનજનજીભે રમતા થઈ ગયા.

આશ્ચર્ય ! એક જ ગુરૂપરંપરામાં, એક જ રાશિના અને તે ય એક જ ગોત્રનાં ત્રણ ત્રણ રત્નો. સાવલા ગોત્રનાં, મિથુન રાશિના કાંતિલાલ ને કમલપ્રભસાગરજી અને કચ્છ ડેપાના શ્રી વિશનજીભાઈ અને હીરબાઈમાના પુત્ર કિશોરને કૈવલ્યરત્ન બનાવનારા સ્વયં સાવલા ગોત્રીય કિશોરમાંથી કલાપ્રભસાગરસૂરિજી બનેલા, સાહિત્યસર્જન, સંવર્ધન અને સંરક્ષણમાં સવિશેષ સહજ સુઝબુઝવાળા પૂજયપાદ ગુરૂદેવશ્રીનાં પદકમળમાં અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે કોટિશઃ વંદના.

પ્રથમ શિષ્ય પૂ. ગુરૂદેવશ્રીનાં પૂ. મુનિશ્રી પુણ્યોદયસાગરજી મ. સા. અને એ સંસારીપણે એમના સગાભાઈ મ. એટલે મુનિશ્રી અનંતરત્નસાગરજીએ ગૌરવર્ણી તરવરતા યુવાનનું નામ લુકાશ હતું. લુક-આશ ભાવિની ભવ્ય આશાસ્પદતાને જુઓ. આવો

અર્થ જાણે. પૂ. ગુરૂદેવશ્રીએ અંતઃ સ્તરે ચિંતવ્યો હોય તેમ લાગે તેથી જ તેમને રાયણ ચોમાસુ ફળ્યું ને ગોગરી ગોત્ર ગૌરવરૂપ એક જ ઘરના બે બે રત્નો મળ્યા. 'પહાડોં સે ટકરાતે હૈ વે તુફાન હોતે હૈ વ તુફાનો સે ટકરાતે હૈ વે યુવાન હોતે હૈં' ની વર્તમાનકાલની પ્રચલિત શાયરીને સાર્થક કરતા મુનિશ્રી શારીરિક અનેક પીડાઓમાં પણ સમભાવને કેળવતા તપ જાપ અને સ્વાધ્યાયમાં સવિશેષે શક્તિ ફોરવતા રહે છે. વર્તમાનમાં ભાઈ મ. ને પક્ષાઘાત(લકવા)ની તકલીફ ઉભી થતાં તેમની વિશેષ વૈયાવચ્ચ સહ તેઓ સુંદર શાસન પ્રભાવના કરી રહ્યા છે.

બાડા ચોમાસામાં 'પરાભવનું ભાતું' પુસ્તકથી આગળ વધેલ એ સાહિત્યયાત્રામાં રાયણ પ્રભુવીર નિર્વાણવર્ષના એ ચાતુર્માસમાં લખાયેલ પ્રભુ મહાવીરદેવ ઉપર પ્રકાશ પાડતું પુસ્તક લેખનકર્તાને ગંભીર લેખક તરીકે પ્રકાશમાં લાવનાર બન્યું એવા હિન્દી, ગુજરાતી અનેક પુસ્તકગ્રંથોના સંપાદક શ્રી આર્ય-કલ્યાણ-ગૌત્તમ ગુણસ્મૃતિઃ સ્મૃતિગ્રંથ પ્રકાશન-ગુરૂગુણના નામે સતત પ્રકાશિત ગુણભારતી માસિક આદિ સાહિત્ય સર્જન દ્વારા વિદ્યાર્થી તરીકે વિદ્યાપીઠમાં પ્રાપ્ત સાહિત્યરત્ન અને સાહિત્યશાસ્ત્રીપદ અને બિહાર સમ્મેતશિખર તીર્થે આયોજિત વિદ્વત્સંમેલનમાં અપાયેલ સાહિત્યદિવાકર પદને સાર્થક કરનારા, સાહિત્યભૂષણ હે ગુરૂદેવ પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા ! અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે આપના ચરણકમલમાં કોટિશઃ વંદના

**ભ**લભલાને ય કહી દેતા ભોંઠપ ન અનુભવે પણ દીર્ઘકાલીન અનુભવે સામાવાળાને સમજાય કે અહીં કલેજામાં કપટ નથી તેથી કાયમી કડવાશ નથી પણ હંમેશની હેતભરી હળવાશ છે. ખારા લાગતા સાગરનાં વારિ પણ વરાળ બને.. વાદળ રૂપે બંધાય અને વધુ મધુર બની વરસે ત્યારે એ વરસાદ જેમ પ્રકૃતિનો પ્રેમપ્રસાદ લાગે તેમ અહીં પણ ઉતાવળો અભિપ્રાય બદલવો પડે કે ખારા પાણી સદૈવ ખારા નથી હોતા. આવા ખારાશ અને મીઠાશના સુભગ સંગમ અને દુઃખીજનોના દિલાસા જેવા કચ્છ દેવપુરનાં વીરજીભાઈ અને જેઠીબાઈના રત્ન ગાલા ગોત્ર ગૌરવ શિખરજી તીર્થે મણીલાલમાંથી મુનિ બનેલા મુક્તિરત્નસાગરજીના મધુરકંઠને ભક્તિમાં માણેલ હોય.. ગીત સંગીત ને હોઠ હૈયાની હાલક સાથેની એમની વાણી પ્રવચન રૂપે સાંભળેલ હોય તે તેમને હંમેશા યાદ કરતો થઈ જાય. પૂ. ગુરૂદેવશ્રીનાં તીર્થનિર્માણાદિ સર્વકાર્યમાં મન તન સમર્પિત કરનાર એ મુક્તિરત્નસાગરજીની મુક્તમને અનુમોદના કરવી જ રહી.

જેમના પુરૂષાર્થના પરિઘનું કેન્દ્ર 'સ્વ' મટીને 'સર્વ' બને છે તે જન સામાન્યમાંથી સર્વમાન્ય બને છે. વ્યક્તિ મટીને વિભૂતિ બને છે. ત્યારે એ પુરૂષાર્થ પુષ્પનો પમરાટ ચોમેર પ્રસરી જાય છે. એટલું જ નહીં એ પુરૂષાર્થકર્તાને પ્રકૃષ્ટતાની પરાકાષ્ઠાએ પહોંચાડી પુરૂષોત્તમપદે પહોંચવાનું સામાર્થ્ય બક્ષે છે.

શાસન અને ગચ્છ માટે સરલ અને સહજભાવે સતત પુરૂષાર્થને કરનારા સાચા અર્થમાં પુરૂષાર્થની પ્રેરણામૂર્તિ બનેલ પૂ. ગુરૂદેવશ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાને અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે હૃદયકમલની કોટિશઃ વંદના.

**સા**ભરાઈ-કચ્છનાં ગાલા ગોત્રીય આણંદજીભાઈ-અને કંકુમાના નંદન નાનજીભાઈએ હૈદ્રરાબાદ લાલવાડી ને છેવટે કપુરબાવડી થાણાને કર્મભૂમિ બનાવી. શ્રાવિકા ખેતબાઈના સ્વર્ગે ગયા બાદ નરશીં મેતાની જેમ 'ભલું થયું ભાંગી જંજાળ' જેવી વિચારણાથી વૈરાગી બનેલ નાનજીભાઈને સાભરાઈમાં સ્થિરવાસ રહેલ સા. શ્રી ગિરિવરશ્રીજી. સા. શ્રી સુરેન્દ્રશ્રીજી અને સા. શ્રી જયોતિકળાશ્રીજીનું પ્રેરણાબળ મળ્યું... એક રાતે પહાડ પર ચઢી સાધના કરવાનું સ્વપ્ન આવ્યું તે અરસામાં જ મુંબઈ શિખરજી સંઘની જાહેરાત થઈ ને સ્વપ્ન સંકેતને સફળ કરવા તેમાં જોડાયા. મહાકાલીમા પ્રત્યે ઊંડી શ્રદ્ધાને કારણે સાભરાઈમાં તેમની પ્રતિષ્ઠા પ્રસંગે મુંબઈથી માત્ર ૨૨ દિવસમાં અને એકવાર મુંબઈથી પાવાગઢ દસ દિ માં પહોંચેલ નાનજીભાઈ માટે છ'રી સંઘ યાત્રા તપ-સંયમ-વિહારની તાલીમશાળા બની ગઈ. દ્વિતીય સંઘયાત્રાની પૂર્ણતાએ સિધ્ધાચલમાં તેઓ મુનિ નંદિવર્ધનસાગરજી તરીકે મુનિશ્રી નયપ્રભસાગરજીના શિષ્ય બન્યા ને પૂ. ગુરૂદેવને દાદાગુરૂ બનાવ્યા. દીક્ષાદિવસથી આજપર્યંત મારી સાથે રહેનાર એ ૯૧ વર્ષીય મુનિશ્રી સ્વગચ્છીય શ્રમણવૃંદમાં વયમાં સૌથી વરિષ્ઠ છે. તો તપમાં તેમણે વિક્રમીય પુરૂષાર્થ આદરેલ છે. ઓળીમાં માસખમણ ને માસખમણના પારણે ઓળીઓ દ્વારા અચલગચ્છમાં વર્તમાનમાં સર્વપ્રથમવાર સો ઓળી અને ૨૭-૨૭ માસખમણકર્તા, વર્ધમાન તપોનિધિ મુનિશ્રી માટે એમ કહેવું પડે કે સાભરાઈ કે સંત ! તૂને કર દિયા હૈ કમાલ.

કારતક વદ તેરસના વડાલા મુંબઈ સંભવનાથ પ્રભુની છત્રછાયામાં ગણિપદ પામનારા પૂ. ગુરૂદેવે આવા તો કંઈક અસંભવ લાગતા કાર્યોને સંભવ બનાવ્યા. છ'રી સંઘની અનેક જવાબદારીઓ મુખ્યપણે હોવા છતાં પૂ. ગુરૂદેવશ્રીનાં સાનિધ્યમાં આવનાર કાંઈકને કાંઈક પ્રેરણા પામી જતો. નંદિવર્ધનસાગરજી જેવા અનેકોના ઉપકારી.. પરોપકાર પરાયણા, દક્ષિણદીપક, અહિંસાની અજોડ અહાલેક જગાવનાર પૂ. પાદ ગુરૂદેવશ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાને અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે હૃદયકમલની વંદના.

ગતિ પ્રગતિ ત્યારે બને જયારે ગંતવ્યસ્થાન સ્પષ્ટ અને શુભ હોય તથા ગમનકર્તા સક્રિયપણે સંકલ્પબધ્ધ હોય. કચ્છની કાશી કોડાયના બોરીચા ગોત્રીય લાલજીભાઈ ને ખેતબાઈના પુત્ર દામજીભાઈ બાળપણમાં ખરતરગચ્છીય પૂ. મુનિશ્રી રતનમુનિજી આદિનાં સત્સંગે સંયમભાવે રંગાયા. પાંચપ્રતિક્રમણ શીખ્યા ને ખેતબાઈને માનસિક અસ્વસ્થતાની વ્યાધિ થતાં મનની ગંતવ્યભાવના મનમાં રાખી મા ની સેવામાં લાગી ગયા. સંયોગે લક્ષ્મીબાઈ સાથે લગ્નસંબંધે જોડાતા અનુક્રમે દિવ્યા અને બીપીન બે બાળકો થયા. ભાડુંપ તેમની કર્મભૂમિ બની. મુનિશ્રી કમલપ્રભસાગરજી અને સા. શ્રી વિમલગુણાશ્રીજીની પ્રેરણાએ સંયમગ્રહણનાં રોપાયેલ બીજને પૂ. ગુરૂદેવશ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાએ વિશેષ પ્રેરણા પ્રોત્સાહનનું પાણી પ્રદાન કર્યું. મોટા સાહેબજીની નિશ્રાએ નીકળેલ મુંબઈ - શિખરજી, શિખરજી-પાલીતાણા બંને મોટા છ'રી સંઘોમાં જોડાઈ તપ-જપ-સંયમ-પદયાત્રાની પૂરી તાલીમ લીધી. અંતે સંઘયાત્રીમાંથી સંયમયાત્રી બનીને દામજીભાઈ મુનિશ્રી કમલપ્રભસાગરજી મ. સા. ના શિષ્ય મુનિશ્રી દર્શનસાગરજી, બીપીન મુ. પિતાજી મ. ના શિષ્ય તરીકે મુનિશ્રી વિનયસાગરજી બન્યા. આ બે દિક્ષા થકી પૂ. ગુરૂદેવ આચાર્ય ભ. પરદાદાગુરૂદેવનું ગૌરવ પામ્યા. લક્ષ્મીબેન સા. શ્રી વિમલગુણાશ્રીજીના શિષ્યા સા. શ્રી અનંતપૂર્ણાશ્રીજી અને દિવ્યાબેન તેમના શિ. સા શ્રી દિવ્યપૂર્ણાશ્રીજી બન્યા.

વધુ પડતું મૌન રાખતા ને ક્રોધાદિ પર અનુમોદનીય સંયમ કેળવનાર પિતા મ. સ્વ. શાંતમૂર્તિ મુનિશ્રી દર્શનરત્નસાગરજી મ. ની ૨૫-૨૫ વર્ષ સુધી સેવા કરનાર મુનિશ્રી વિનયરત્નસાગરજી એ સેવા સાથે તપમાં ઝંપલાવ્યું. મુનિશ્રી અનંતરત્નસાગરજીની પ્રારંભિક પ્રેરણા તેમના માટે પ્રબલ પુરવાર થઈ. પાલી ગૌતમ ગુણ વિહાર પ્રતિષ્ઠા પૂર્વે મળેલ બા. મ. ની પ્રેરણા એ ૯૫-૧૦૦ (૫૯૧ આયંબીલ) ઓળી પૂર્ણ કરી વર્ધમાન તપોનિધિ બન્યા પછી પણ ૨૨ ઓળી કરી સ્વગચ્છીય શ્રમણવૃંદમાં વર્ધમાન તપમાં તેઓ અગ્રતાક્રમે રહ્યા છે.

મુનિશ્રી મલયસાગરજી, ઉદયરત્ન, દેવરત્ન, ધર્મરત્ન, કૈવલ્યરત્ન, વિનયરત્ન સાગર આદિને સંયમ પ્રેરણા પૂર્વે સત્સંગમાં જોડનાર નિમિત્ત બનેલ દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ જ્ઞાનસત્રો અને શિબિરોના પ્રેરણાદાતા બનવાથી કચ્છી વીશા ઓશવાળ જ્ઞાતિમાં વિરલ ઘટના ગણાયેલ. દામજીભાઈ આદિની દીક્ષા દ્વારા સમસ્ત પરિવાર અને આવા અનેક મુમુક્ષુઓના ઉધ્ધારકર્તા-મોક્ષમાર્ગપ્રદાતા.. વામનકદની વિરાટમૂર્તિ શા વ્યક્તિત્વના સ્વામી પૂ. પાદ ગુરૂદેવ આ. ભ. શ્રી કલાપ્રભસાગરજીસૂરીશ્વરજી મહારાજાને અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે હૃદયકમલની કોટિશઃ વંદના.

રત્નત્રયીને પાળતા રહીને, તન-મનને તત્વત્રયીની સેવામાં વાળતા રહીને, સતત વ્યસ્ત છતાં કદીયે ત્રસ્ત ન થતા નિજાનંદે મસ્ત રહેનાર હસ્તિ એટલે ભુજપુરના મણિબાઈ અને રામજીભાઈના રતન મહેન્દ્રકુમારમાંથી મુનિપદને વરેલ મુનિશ્રી ભદ્રકંરસાગરજી. 'બાપુ'ના લાડકા નામે ગુરૂમુખે વસવાની ધન્યાતિધન્યતાને વરેલા એ મુનિશ્રીને માણવા હોય તો ગુરૂદેવના સાનિધ્યમાં રહેવું પડે. કારણ કે ડુંગરા ભલે દૂરથી રળિયામણા લાગે પણ સંતો તો સત્સંગે જ સોહામણા લાગે. સેવા-વૈયાવચ્ચ સાથે આયંબીલની રૂચિ જબરજસ્ત. કોકની નિગ્રહકૃપાના મોટાસાદ સામે મુનિશ્રીનો મીઠો સાદ સાંભળવો ગમે તો મુનિવરોના પ્રવચન પૂર્વેની તેમના જાપ પ્રાર્થનાઓના પ્રભાવે શ્રોતાઓની સંખ્યા વધતી જણાય.

સદૈવ હાવી રહેતા હાઈપર સુગરના દર્દ સામે જીગરના જવાંમર્દ બની કર્મોની સામે લડવૈયા બનીને ય અમ સૌ શિષ્યોનાં સદૈવ સંસ્કાર ઘડવૈયા અને જીવનનાવ રખવૈયા બની રહેનાર, રાજસ્થાન બાડમેર તીર્થે પોષ વદ તેરસે તા. ૭.૧.૮૮ ના ઉપાધ્યાયપદે અલંકૃત થનાર પૂ. પાદ ગુરૂદેવશ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મહારાજાના ચરણકમલમાં અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે કોટિશઃ વંદના

સૂર્ય અને ચંદ્રને પણ ગ્રહણ નડે છે અને તીર્થંકર ચક્રવર્તીને પણ કર્મ નડે છે. જેના પર દેવગુરૂની કૃપાદૃષ્ટિ પડે તેના દિ'વળે છે. બાકી અહીંતહીં આથડે છે. આ સંસાર સ્વભાવે જ પરિવર્તનશીલ જાણે ચડાવ ઉતારની હારમાળા. રેલના ડબ્બાની જેમ સમસ્યાઓ એક પાછળ એક લાગેલી જ હોય. જિનતત્વને સમજનારા સદ્ગુરૂ સાનિધ્યને પામી આવી સમસ્યાઓમાંથી સ્વરસ્તાનું સમાધાન શોધવાનું સત્ત્વ દાખવે છે.

આવી અનેક વિચિત્ર સ્થિતિઓને વિશિષ્ટ સ્થિતિમાં પરિવર્તિત કરીને ભવાલોચના લેવાપૂર્વક ભવતારક સંયમના ભાવ જગાવ્યા. રાયધણજર-કચ્છનાં જીવરાજભાઈ અને દેવકાંબાઈના લાલશ્રી લક્ષ્મીચંદભાઈએ. તેમણે સુ. સા. શ્રી જયોતિકલાશ્રીજીની વિશેષ પ્રેરણાથી સિધ્ધગિરિ મુકામે સિધ્ધ થવા સજોડે સાધુ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું ને મુનિશ્રી કમલપ્રભસાગરજીના શિષ્ય મુનિશ્રી અરિહંતસાગરજી બન્યા, શ્રાવિકા સા. શ્રી વિરતિકલાશ્રીજી બન્યા. અલ્પકાલિનસંયમ પર્યાયમાં પણ મુનિશ્રીએ માત્ર બે જ દ્રવ્યથી એકાસણા-જાપ-સ્વાધ્યાયાદિ સુંદર આરાધના દ્વારા ખૂબ કર્મજિર્નરા સાધી...

દિવસે શ્રાવકભક્તો અને રાત્રે શ્રુતભક્તિ કરીને 'જે ડુબે તે પામે પાર.' ની પંક્તિને સાર્થક કરવા શુધ્ધ બનીને સિધ્ધ બનવાના લક્ષ્યપૂર્વક સતત શુભમાં સંલીન રહેનારા. રાજસ્થાન રામજીકા ગોલ મુકામે પૂજ્યપાદ મોટા સાહેબજી શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજના શુભ હસ્તે, તેઓશ્રીનાં મુખકમલથી સૂરિપદનો વાસક્ષેપ અને વરદાન પામી, દંતાણી (રાજ.) તીર્થે સં. ૨૦૪૪ વર્ષે, મહા વદ ૧૨ ના મંગલદિવસે, તૃતીય પદારૂઢ થનારા પૂ. ગુરૂદેવ આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજનાં ચરણકમલમાં અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે કોટિશઃ વંદના.

રીતિ અને નીતિમાં જાતને જીતી જનારા કદાચ બીજાની પ્રીતિ ન પણ પામે તો ય પાપની ભીતિ થકી ભવસાગર તરવાની ભવ્યતાને તો પામે જ છે. 'સ્વ માં વસ, પરથી ખસ, એટલું બસ' એ સુધારસ સમી સૂક્તિને સ્વઆચરણે સાર્થક કરનારા સંયમી સાધુ એટલે ભવાનજીભાઈ અને મા પાનબાઈના પનોતા પુત્ર હીરાચંદમાંથી મુનિ બનેલા શ્રી હ્રીંકારસાગરજી. શ્રાવિકા જયવંતીબેનની પ્રબલ ઈચ્છા અને પ્રેરણા કે આપણે બંને, ચારેય પુત્રો સહ સંયમી બનીએ. નાના હંસે પૂ. ગુરૂદેવ પાસે સંયમશિક્ષા સહ ધાર્મિકાધ્યયનમાં પ્રશંસનીય પ્રગતિ સાધેલ. પણ સંયમ ન પામી શક્યો. વિ. સં. ૨૦૩૬ ના 'સૂરિગુણ' ના મુલુંડ ચાતુર્માસથી હીરાચંદભાઈએ નિર્ણયાત્મક વળાંક લીધો રોજ બ્યાસણાથી ઓછું તપ ન કરવાનો સંકલ્પ આજ સુધી સુપેરે પળાય છે. શ્રી ક.દ.ઓ. ખોના ગોત્રીય નલીયાવાસી, તેઓ દીક્ષા પૂર્વે જયારે મળતા ત્યારે હું કહેતો કે સંયમ ન લીયા તો સંસારમેં ખોના હી ખોના હૈ. કાયમ માટે અનેક આરાધના સહિત પાંચતિથિ તપ -ત્યાગે રહેનાર ૮૯ વર્ષની વૃધ્ધ વયે પણ અપ્રમત્તભાવે ૯૮ મી ઓળી કરનાર તપોરત્ન મુનિશ્રી પાસે વીલપાવરને વય નડતી નથી નો પાઠ ખરેખર શીખવા જેવો છે.

'આપણું ગણિત હોઈ શકે કાચું બાકી મોટા જે કરે તે સાચું.' એ ન્યાયે ગ્રંથકનાયક પૂ. ગુરૂદેવે જન્મ-દીક્ષા-વડીદીક્ષા-ગણિપદ-ઉપાધ્યાયપદ-આચાર્યપદ અને રાજસ્થાનદીપકપદ બધા જ શુભ પ્રસંગો માટે માત્ર ચાર જ મહિના પસંદ કર્યા... કારતક-માગસર-પોષ અને મહા. આ વાત આમ સૂચવે છે કે જાગૃત અને સાધક આત્માઓ ચાર મહિનામાં બાર મહિનાનું કાર્ય કરી શકે છે. અલ્પ સમયમાં પણ અનલ્પ સાધના અને અપૂર્વ શાસન પ્રભાવના કરી શકે છે. વળી મઝાની વાત એ છે કે આ બધા જ પ્રસંગો વદી -કૃષ્ણપક્ષ એટલે અંધારા પક્ષમાં જ બનેલ છે. અમેની કર્મસત્તા કદાચ કૃષ્ણપક્ષની પક્ષપાતી હશે પણ સદૈવ સકારાત્મક વિચારે સમન્વયમયી સમતારૂપ શુકલપક્ષ પક્ષપાતી બનીને સકલસંઘના સમીહિત કાજે યત્ર તત્ર સર્વત્ર સૌનાં શુભમાં સાથી અને સારથી બનનારા સૌમ્યસ્વભાવી પૂ. ગુરૂદેવશ્રી કલાપ્રભસાગરસૂરિજી મહારાજના ચરણકમલમાં અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે કોટિશઃ વંદના

શ્વસ્તન અને અદ્યતન બે કાળ પસંદગીમાં સક્રિય અને સજગ સાધકો અદ્યતનકાલ ને જ અગ્રતા આપે. કોકે કહ્યું કે, કાલ કયારેય આવતી નથી તેથી જ કાલ કાલભાઈ ક્યારે ? આજ કરીએ અત્યારેનો સિધ્ધાંત અપાવનારા પ્રત્યેક કાર્ય પ્રમાદ વિના કરી શકે છે. વીરવિભુની વાટે વિચરતા વિરતિધરો માટે 'વર્તમાનયોગ' નો વિશિષ્ટ વ્યવહારિક મંત્ર પણ એજ સંદેશ અર્પે છે. આવી સાધનાની ઝંખના... જિજ્ઞાસા અને જાગૃતિની કાંઈક ઝાંખી જોવા મળે આપણને મુનિરાજશ્રી રાજશેખરસાગરજીમાં... કચ્છ ભોજાયનાં

નાગડા ગોત્રીય જીવરાજભાઈ અને કેશરબાઈના કુલદીપક રમેશમાંથી રત્નત્રયીસાધક તરીકે મુનિરાજશ્રી ધર્મપ્રભસાગરજી મ. સા. ના શિષ્ય આ મુનિશ્રી સ્વાધ્યાય-ધ્યાનપ્રેમી હોવા સાથે તેમની તપોરૂચિ પણ જોરદાર છે. તેઓ શરીરની પ્રતિકુલતાઓ વચ્ચેય ગુરૂસેવા સમર્પણનાં સુંદર આદર્શરૂપ છે.

પૂ. ગુરૂદેવશ્રી શિષ્યવૃંદમાં અચાનક વૃદ્ધિ થઈ. અન્ય સમુદાયમાંથી આવેલ એ તપસ્વીમુનિશ્રીની અરજીને આવકારીને મુનિશ્રી મેઘરત્નસાગરજી તરીકે સ્વીકાર્યા. પૂ. ગુરૂદેવશ્રીની શીતલછાયામાં તેમણે સંયમીજીવનની અનુમોદનીય સુંદર આરાધનાઓ કરી.

તપ-ત્યાગ અને તિતિક્ષાની ત્રિમૂર્તિ સમા પૂ. ગુરૂદેવ તેઓશ્રીનાં ગુરૂદેવ અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા, અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા જેમ સ્વયં પણ સંયમના ૧૯ મા વર્ષે આચાર્યપદ પ્રાપ્તિની હેટ્રીક રચનારા થયા. સ્વસંશોધિત - પ્રેરિત શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાબંર સીંમધરધામ - દંતાણી (રાજસ્થાન) તીર્થે માત્ર ૩૬ વર્ષ વયે ૩૬ ગુણોનાં ધારક બનનારા પૂ. ગુરૂદેવશ્રીનાં ચરણકમલમાં અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે કોટિશઃ વંદના.

રત્નત્રયી એટલે ભવજલતારણ વ્હાણને એમાં સ્વાધ્યાય એટલે સંયમજીવનનો પ્રાણ. કેવું સરસ કોકે કહ્યું છે કે, 'હૃદયમાં રાગ - દ્વેષની ગ્રંથિ ન હોય અને હાથમાં આગમગ્રંથ હોય તે પ્રભુપંથનો સાચો નિર્ગ્રંથ હોય'. પાલીતાણામાં ૭૦૦૦ પ્રતિમાજીઓની ઐતિહાસિક વિશ્વવિખ્યાત અંજનપ્રતિષ્ઠા કરાવનાર અચલગચ્છેશ પૂ. આ. ભ. શ્રી રત્નસાગરસૂરિજીના સંસારી ગામ મોથારા (કચ્છ) ના શ્રી દામજીભાઈ સાવલા અને ઝવેરબાઈનું ઝગમગતું ઝવેરાત એટલે અનિલકુમાર. માતાજીનાં સ્વર્ગગમન બાદ વૈરાગ્યવાસિત બનેલ ચિત્તમાં સ્વ. સા. શ્રી ગુણદર્શનાશ્રીજીએ સંયમ પ્રેરણાનાં પાણી રેડ્યા અને અનિલ મુનિશ્રી કમલપ્રભસાગરજીના શિષ્ય મુનિ શ્રી સદાનંદસાગરજી બન્યા. ઉપર કથિત સ્વાધ્યાયની રૂચિવાળા, મહેસાણા પાઠશાળાના અભ્યાસી તપોરત્ન મુનિવર્ય વયોવૃધ્ધ શ્રમણોની સેવા સહ તપારાધના પણ જોરદાર કરી રહ્યા છે. મુનિશ્રી નંદિવનર્ધનસાગરજીને ૨૫ મા રજત માસખમણે અનુમોદનાર્થે સાથ આપવા પ્રથમ માસખમણ કર્યું. પારણે ભાવ થતાં ૨૫ માસખમણની ભાવના કરી. વર્ધમાન તપ પાયો નાખી વચ્ચે ૬૨ થી ૭૦ ઓળીએ સળંગ ૬૦૩ આયંબીલ દ્વારા ગચ્છાધિપતિશ્રીનાં ૫૦ મા વરસીતપની અનુમોદના કરી. હાલ ૭૭મી ઓળી સહ ૧૨ માસખમણ કરનાર મુનિશ્રીની હાર્દિક અનુમોદના...

લઘુતામેં પ્રભુતા બસે... ની વાત સૌને એ રીતે ગમે કે, સામેવાળો નાનો થઈ આપણને નમે તો સારું... મોટા સાથે મોટા અને મોટા થઈને ય નાના સાથે નાના બનવામાં કયારેય નાનપ ન અનુભવતા ધુરંધર ધર્મનેતા સમા સૌજન્યમૂર્તિ, સરલ સ્વભાવી પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાનાં ચરણકમલમાં અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે કોટિશઃ વંદના.

જીરમનું પ્રમાણ જેટલું ઓછું તેટલું હીરાનું મૂલ્ય વધુ. કર્મ જેટલાં ઓછા બંધાય તેટલું ધર્મવીર સાધકનું જીવન ઉચ્ચ મુલ્યવાન. સત્સંગથી શ્રવણ, શ્રવણથી વિશ્વાસ, વિશ્વાસથી આચરણ, આચરણથી અનુભવ અને અનુભવથી શ્રધ્ધા... પ્રારંભ થાય. કર્ણેન્દ્રિયથી ને પૂર્ણતા પમાય પ્રભુ વચનો કલેજે (આંતરમનમાં) કંડારાવાથી પૂ. ગુરૂદેવશ્રીનાં સત્સંગે નાંગલપુરવાસી લલિતમાંથી મુનિશ્રી બનેલ આર્યરત્ન સાગરજી એ ખરેખર સત્સંગશ્રવણે મેળવેલ ગુરૂમુખની જિનવાણીને આચરણે ઉતારી છે. મહાપુણ્યે મહાવીરવાણી મેળવાય, વારંવારના મનન-ચિંતનથી કલેજે-કેળવાય ને કષ્ટમાં પણ જો એ જળવાય તો જીવન સ્વપરકલ્યાણકારી બન્યા વિના નહીં રહે. સવિશેષ શ્રેષ્ઠ સંયમજીવન જીવતાં મુનિશ્રી આર્યરત્નસાગરજી આ બાબતે આદર્શરૂપ ગણી શકાય.

શ્રી દંતાણીતીર્થ, શ્રી ગૌતમગુણવિહારતીર્થ, રામજીકા ગોલ ગુરૂકૃપાતીર્થ આદિની પ્રતિષ્ઠાઓ, મારવાડ, માલવા, મેવાડના વિચરણો દ્વારા, ગોત્રોના ઈતિહાસ દ્વારા, સ્વગચ્છની સર્વત્ર અપાયેલ જાણકારી અને પ્રગટેલ ધર્મજાગૃતિ દ્વારા તથા અખિલ રાજસ્થાન અચલગચ્છ સંઘ અને મુંબઈ રાજસ્થાન અચલગચ્છ સંઘ સ્થાપના આદિ શાસન પ્રભાવક પ્રવૃત્તિઓ દ્વારા 'રાજસ્થાન દીપક' પદનું ગૌરવ વધારનારા પૂ. પાદ આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાના ચરણકમલમાં અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે કોટિશઃ વંદના.

**મ**ન જો શુભમાં ભળે તો દુર્ગુણોનું ગમન, વિષયોનું વમન, કષાયોનું શમન, ઈન્દ્રિયોનું દમન એવું જોરદાર થવા માંડે કે એવા મનવાળાને નમન કરવાનું સૌને મન થઈ જાય. ગુરૂશરણ-સ્મરણ અને સમર્પણમાં નમ્રભાવે નિત્ય રમનારને આવું નમનીય સૌભાગ્ય સાંપડે છે.

કચ્છ ગામ ભુજપુરનાં દેઢિયા ગોત્રના સુશ્રાવક શ્રી મણિલાલભાઈ અને શ્રાવિકા વનીતાબેનના લાલ હેમલકુમારમાંથી મુનિશ્રી હેમચંદ્રસાગરજી બન્યા. મુમુક્ષુપણાથી જ સુ. સા. શ્રી વિપુલગુણાશ્રીજી આદિનાં પ્રેરણા -પુરૂષાર્થથી સંયમ -જ્ઞાનાદિની વિશેષ તાલીમ પામેલ મુનિશ્રી પણ ઉપરોક્ત સૌભાગ્યને પામ્યા. બારાખડીમાં વ્યંજનાદિ ક થી હ સુધીમાં ઘણી બધી વ્યક્તિઓ અને વિશ્વની વસ્તુઓ નામાક્ષરરૂપે સમાઈ જાય. પણ અહીં 'ક' થી પ્રારંભાયેલ ગુરૂતત્ત્વમાં 'હ' થી પ્રારંભાયેલ શિષ્યત્વ સમાઈ ગયું. સંયમજીવન સ્વીકારથી જ ઉગ્રવિહારોમાં, પ્રતિષ્ઠાદિ કાર્યોમાં, ગુણભારતી માસિક કે વર્તમાન ગ્રંથ આદિ લેખનકાર્યોમાં, તીર્થનિર્માણ આદિ પૂ. ગુરૂદેવનાં સર્વ શાસન પ્રભાવક કાર્યોમાં સતત સાથે રહીને સમય અને શ્રમ સાથે જે સુઝબુઝ તેમણે મેળવી અને કેળવી છે તે ખરેખર અભિનંદનીય છે. ગુરૂકૃપાએ તેમની પ્રવચન -લેખનશક્તિ પણ સુંદર રીતે ખીલી છે.

પૂજ્ય ગુરૂદેવશ્રીજીનાં જીવનચરિત્રનાં અંગ્રેજીનાં અક્ષર ડીનું એક આગવું સ્થાન છે. તેઓ જન્મ્યા દુર્ગાપુરમાં ડી-દીક્ષાનું પાકું થયું કચ્છ દેવપુરમાં (ડી), દંતાણી તીર્થનો ૦ડી, જેનું સંશોધન જેના જીર્ણોધ્ધાર અને વિકાસનું સંપૂર્ણ શ્રેય પૂજ્યશ્રીના પ્રેરણાબળમાં છે. ગુરૂગુણજન્મસ્મૃતિતીર્થ દેઢિયા (ડી) જે પૂજ્યશ્રીના જ પ્રેરણાપુરૂષાર્થની ફલશ્રુતિ છે. મુંબઈ ડોંબિવલી (ડી) અચલગચ્છ સંઘ, જિનાલય, ઉપાશ્રય નિર્માણાદિમાં વિશેષ પ્રેરણાનું યોગદાન પૂજ્યશ્રીનું જ છે. ડી થી પ્રારંભાતા દાદા ગુરૂદેવો પ્રત્યે પણ પૂજ્યશ્રીનો અહોભાવ અજબગજબના છે. તેમના ચરિત્રો, તેમના દ્વારા લખાયેલ ગ્રંથો, તેમના જન્માદિ સ્થાનો આદિનો પરિચય સકલ સંઘે સૌને કરાવવાનો પુણ્યલાભ એ પૂજ્યશ્રીનાં જ પુરૂષાર્થનું ફળ છે.

ડી થી પ્રારંભાતા દુર્ગતીર્થ - દંતાણીતીર્થ - દેઢિયાતીર્થે તથા ગુરૂજન્મભૂમિતીર્થ દુર્ગાપુર, દેવપુર તથા ડોંબિવલી આદિ ક્ષેત્રોમાં શાસનપ્રભાવક ચાતુર્માસ કરનારા, દેવાધિદેવની દિવ્ય ચોવીશી રચનારા. સૂરિગુણપ્રેરિત ૭૨ જિનાલય, ૨૦ જિનાલય, દેઢિયા ગુણપાર્શ્વનાથતીર્થ, મોડપુરતીર્થ, દંતાણી, શંખેશ્વર કચ્છીભવન, બંને વિદ્યાપીઠો, લોલાડાગુરૂ મંદિર, ભાવિભાલેજ અષ્ટાપદ તીર્થ, દુર્ગ ઉવસગ્ગહરં તીર્થમાં, મેરૂતુંગપાર્શ્વતીર્થ, રામજીકા ગોલ ગુરૂકૃપાતીર્થ, ડોંબિવલી આદિ તીર્થો અને ગચ્છક્ષેત્રોમાં પ્રવચન પ્રભાવક પાવન પ્રેરણાથી દાનની દિવ્યગંગા વહેવડાવનારા.. દેવનાર કતલખાના વિરોધી રેલી.. અહિંસા સંમેલનો દ્વારા દયાનાં ઝરણાં દિલ દિલમાં પ્રગટાવનારા... દેશના, દાન અને દયાના દેવપુરૂષ પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાના ચરણકમલમાં અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે કોટિશઃ વંદના.

**હા** શબ્દમાં એવી અદ્ભુત શક્તિ છે કે એ સમસ્યાઓનું નિરાકરણ થઈ જાય. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે કુમારપાલ મહારાજા માટે વિશેષે રચેલ શ્રી વીતરાગ સ્તોત્રમાં ૨૦-૨૦ પ્રકાશ (પ્રકરણ)માં મુકાયેલ ભક્ત વતીથી એકતરફી પ્રાર્થનાઓને અંતે પ્રભુને આરઝુના અક્ષરોમાં કહ્યું છે કે મેં આટલું બધુ કહ્યું તું ખાલી 'હા' કહી દે...

નોકરી માટે કરગરતા નોકરને હા પાડી દે શેઠ એટલે પત્યું તેમ સેવા માટે વિનવતા સેવકને... પ્રભુ હા પાડી દે એટલે સફળતા મળે તેમ શિષ્યની શક્તિઓ માટે હાર્દિક રીતે કહેવાતી હા ગુરૂ દ્વારા અપાતી એ પ્રગતિ માટેની લીલી ઝંડી છે. કચ્છ વારાપધરના તપસ્વી શ્રાવક સોમચંદ ધરમશીં અને વનીતાબેનનાં કુલદીપક કપીલકુમાર દીક્ષા પૂર્વથી વિશિષ્ટ વિધિકારક હતા. આયોજનોની આગવી સુઝબુઝ વિધિવિધાન અને વક્તવ્યની શક્તિ, મુનિરાજશ્રી ધર્મપ્રભસાગરજીનાં શિષ્ય બનાયા બાદ સરસ રીતે ખીલી ઉઠી. તપ - સ્વાધ્યાયની રૂચિની સાથે અને કાવ્યરચનામાં પણ તેમણે પ્રગતિ કરી છે....

ગૃહસ્થપણામાં ગુરુદેવને મોડા પડવા બદલ વિદ્યાપીઠમાં ઠપકો મળતાં તેમણે જયારે એ ફરિયાદ મેરાઉ ગામે સાધ્વીજી ભગવંતને કરી ને તેમણે કહ્યું, જો એમ છે તો નીકળો સંસારમાંથી. બેઠા કેમ છો ? જેમ ગૌતમ સ્વામીજીએ પ્રભુ વીરના 'સમયં ગોયમ મા પમાય' એ શબ્દોને જીવનમંત્ર બનાવી દીધો હતો તેમ જાણે બેઠા કેમ છો ? એ મંત્ર ગુરૂદેવશ્રીનાં કર્ણપટલ પાસે સતત ગુંજતો હશે. વહેલી સવારથી  મોડી રાત્રિ સુધી સતત અને સખત શુભમાં વ્યસ્ત અને મસ્ત રહેવાની અપ્રમત જીવનકલાના સ્વામી સૂરિમંત્રપંચપ્રસ્થાન -સમારાધક પૂ. પાદ ગુરૂદેવ આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાના પદકમલમાં

અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે કોટિશઃ વદના.

**રા**ગનો ત્યાગ એટલે વૈરાગ્ય અને ત્યાગનો રાગ એટલે ચારિત્રગ્રહણની મનોભૂમિકા. ભુજપુરના મણિલાલભાઈનાં શ્રાવિકા રત્નકુક્ષી માતા વનીતાબહેનને અને ત્યાગી પૂ. ગરૂદેવનાં ત્યાગનો રાગ જાગ્યો. આ મને ગમતું મારા પુત્રોને પણ મનગમતું થાય તો કેવું સારું... પોતાના ભાવિ સંસારી સુખસ્વાર્થની ચિંતા કર્યા વગર તેમણે હેમલને દીક્ષા આપીને મુનિ હેમચંદ્રસાગરજી બનાવ્યા પણ નાના ચિરાગ પરનાં રાગનો ય ત્યાગ કર્યો ને ચિરાગ એટલે દીવડો એય ઝગમગી ઉઠ્યો મુનિ મોક્ષેશચંદ્રસાગર સ્વરૂપે. પછી તો રહે જે ગુરૂદેવની પાસે એ હીરામાં ઘડતરના પાસા પડવા માંડે. બંને ભાઈ મુનિ પૂ. ગુરૂદેવશ્રીનાં અરમાન ને ફરમાન સ્વરૂપે સ્વીકારીને પૂ. ગુરૂદેવનાં સ્વપ્નાઓને સાકાર કરવા સક્રિયપણે પ્રયત્નશીલ છે. આ બંધુ બેલડીની દીક્ષા થકી એક ભવ્ય યોગ સર્જાયો. જે કચ્છ ભુજપુરની ભાગ્યવંતી ભૂમિ પર વિ. સં. ૨૦૨૬ માં પૂ. ગુરૂદેવ આદિ ત્રણની દીક્ષા થયેલ તે જ ભુજપુરનાં ત્રણ ત્રણ શિષ્યો પૂ. ગુરૂદેવશ્રીને સાંપડ્યા. ધન જિનશાસન.

બાર રાશિવાળા મુનિવરો સ્વરૂપ બાર રાશિમાં અર્થાત્ એ શિષ્ય પ્રશિષ્યોનાં તન-મન-જીવનમાં રૂપ આકાશમાં ભાવભ્રમણ કરીને, તેમની વિષયકષાયાદિ ભ્રમણાઓ ભાંગીને તેમના ભવભ્રમણને અટકાવવાનાં અનુમોદનીય, અભિનંદનીય અનુકરણીય પ્રયાસ કરનારા આ લેખના મથાળે વર્ણવાયેલા ગચ્છગરિમાને ચાર ચાંદ લગાડનાર, ગચ્છગગન ચંદ્રમા પૂ. ગુરૂદેવ આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાનાં ચરણકમલમાં અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે કોટિશઃ વંદના.

સંયમપર્યાય પ્રમાણે નહીં પણ બાર રાશિક્રમાનુસાર આ રહી ૨૨ શિષ્યો-પ્રશિષ્યો રૂપ એ મુનિવરોની નામાવલિ.

૧) મેષ : મુનિશ્રી અનંતરત્નસાગરજી, મુનિશ્રી અરિહંતસાગરજી, મુનિશ્રી આર્યરત્નસાગરજી
૨) વૃષભ : મુનિશ્રી વિનયરત્નસાગરજી, મુનિશ્રી વીરશેખરસાગરજી
૩) મિથુન : મુનિશ્રી કમલપ્રભસાગરજી, મુનિશ્રી કૈવલ્યરત્નસાગરજી, મુનિશ્રી ધર્મશેખરસાગરજી, મુનિશ્રી કૌશલ્યપ્રભસાગરજી
૪) કર્ક : મુનિશ્રી હ્રીંકારસાગરજી, મુનિશ્રી હેમચંદ્રસાગરજી
૫) સિંહ : મુનિશ્રી મુક્તિરત્નસાગરજી, મુનિશ્રી મેઘરરત્નસાગરજી
૬) કન્યા : મુનિશ્રી પુણ્યોદયસાગરજી
૭) તુલા : મુનિશ્રી રાજેશખરસાગરજી, મુનિશ્રી રાજેન્દ્રસાગરજી
૮) વૃશ્ચિક : મુનિશ્રી નંદિવર્ધનસાગરજી
૯) ધન : મુનિશ્રી ધર્મપ્રભસાગરજી, મુનિશ્રી ભદ્રંકરસાગરજી
૧૦) મકર : મુનિશ્રી નયપ્રભસાગરજી
૧૧) કુંભ : મુનિશ્રી સદાનંદસાગરજી
૧૨) મીન : મુનિશ્રી દર્શનરત્નસાગરજી

તા. ક : જયેષ્ઠા નક્ષત્રે જન્મેલ હોય ને તેથી જેઠાભાઈ નામ પાડ્યું હોય પણ મુનિશ્રી નયપ્રભસાગરજીની મૂળરાશિ વૃશ્ચિક હોઈ શકે છે. તે જ રીતે મુનિ સદાનંદસાગરજીની મેષ રાશિ છે. આ બંનેની ક્રમશઃ જેઠાભાઈ અને મુનિશ્રી સદાનંદસાગરજી તરીકેની રાશિ ઘટતી માહિતીની પૂર્તિ માટે લખેલ છે.

**જી**વ અને આવ એટલે સંસારનું જાવન આવન અટકે તે માટે કેવી સરસ પ્રાર્થના મહાપુરૂષોએ ચૈત્યવંદન પ્રારંભે કરી છે કે સંસારડો બિહામણો, સ્વામી આવાગમણ નિવાર.

જયાં સુધી સંસાર સોહામણો લાગે ત્યાં સુધી સંયમ લેવાની ઇચ્છા પણ જાગતી નથી. પણ સંસારીનો સંગ ખારો લાગે ત્યારે ચારિત્રની ઝંખના જાગે છે. ઝંખના જાગૃતિ-જયણા અને જિનાજ્ઞામય આવું જીવન જગત્પતિ જિનેશ્વરોનાં શરણ-સમર્પણ સુધી પહોંચાડે છે. કચ્છની રાજધાની ભૂજ નગરનાં ગુર્જરજ્ઞાતીય અને મા ઝવેરીબેનના ઝવેરાત જેવા દીકરા બીપીને સંસારને બિહામણો જાણ્યો ને તેથી તેને અલવિદા કરીને ધર્મપ્રભસાગરજીના શિષ્યરૂપે મુનિરાજશ્રી વીરશેખરસાગરજી બન્યા. વધતી વયે વિરતિગ્રહણ કરીને ય યથાશક્તિ તપ-જ્ઞાનાદિમાં તથા ૪-૪ માસ સળંગ આયંબિલ તપ કરતાં તેઓ આગળ વધ્યા છે. આવનાર

ભવ્યાત્માઓને તેઓ સરળ ભાષામાં પ્રભુવાણીની વાતો સરસ રીતે સમજાવી શકે છે.

રાજસ્થાન જાલોરનાં જિલ્લાનાં મહેમાની અને મુનિભક્તિમાં મીઠા ગામ તરીકે મનાતા મોરસીમનાં શ્રાવક પુખરાજજી અને શ્રાવિકા ગજીદેવીના સુપુત્ર રાજુ એ પૂ. ગુરૂદેવની નિશ્રાએ શ્રી શંખેશ્વર દંતાણી નાકોડા સંઘ મોરસીમ પધારતા ખૂબ જ જોરદાર શાસન પ્રભાવનાપૂર્વક ઉછળતે હૈયે સંયમ સ્વીકાર્યું અને મુનિશ્રી રાજેન્દ્રસાગરજી બન્યા. મોક્ષમાં જવાનો ધોરીમાર્ગ - રાજમાર્ગ છે દીક્ષા. પણ સંસાર મોહવશ એ માર્ગે જવા જીવ સ્વયં શીઘ્ર તૈયાર ન થાય યા સ્વજનો એ સ્નેહમોહે મોહિત થઈ મનાઇ કરે પણ અહીં તો આશ્ચર્ય એ થયું કે એ ધોરી મનવાળાની ધરતી ગુરૂકૃપા તીર્થભૂમિ પર પથરાયેલ શ્રી મેરુતુંગ પાર્શ્વનાથના પરમાણુઓ પ્રગટેલ ગુરૂગુણકૃપાના પરમાણુઓ અને પુરૂષાર્થની પ્રતિમા પૂ. ગુરૂદેવના પાવન પદાર્પણ પુણ્યે ધોરીમનાનો મોહિત સ્વયં જ સંયમ મોહિત બની ગયો. મૂળ રાણાસરનાં બોહરા ગોત્રીય અચલગચ્છીય સુશ્રાવક પિતા અને માતાનો એ કુલદીપક બધી મનાઈઓ ને પાર કરી ને મુનિશ્રી કૌશલ્યપ્રભસાગર બન્યા. ધન્ય હો કર્મનિર્જરા કલાકૌશલ્યના કુશળ કસ્બી પૂ. ગુરૂદેવને.

આ રીતે વર્તમાન અચલગચ્છનાં કચ્છી વીસા ઓસવાલ, કચ્છી દશા ઓસવાલ, ગુર્જર સમાજ અને રાજસ્થાની સમાજ એમ ચારેય ફિરકાના મુમુક્ષુઓ ને સંયમ પ્રદાન કરનારા.... પરમ ગુરૂદેવ ગુરૂગુણના પદચિન્હોને અનુસરતા... જૈન એકતાની અહાલેક જગાવનારા જાગૃતિના જ્યોતિર્ધર પૂ. પાદ આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજના ચરણકમલમાં અચલગચ્છાધિપતિ પદ પ્રદાન અવસરે કોટિશઃ વંદના.

અજ્ઞાનવશ આ લેખમાં જિનજ્ઞાવિરુધ્ધ યા પૂ. ગુરૂદેવશ્રીનાં જીવન વિશે કાંઈ ઓછું વત્તું લખાઈ ગયું હોય તો હાર્દિક મિચ્છામી દુક્કડમ.

**ભગવંત**ની ભાગવતી પરંપરા એટલે જેમાં પરમની પરાશક્તિનો પ્રબલ પ્રકાશ આપણને પ્રત્યેક સ્થલ અને પ્રત્યેક પલમાં પથરાયેલો દેખાય. વિ.સં. ૨૦૨૮. આગમપ્રજ્ઞ વયોવૃધ્ધ પૂ. મુનિરાજશ્રી કીર્તિસાગરજી મ.સા.ની નિશ્રાએ સંયમના ત્રીજા વરસે જ બાડા ગામે ચોમાસાને ચમકાવનારા પૂ. ગુરૂદેવની દૃષ્ટિ ડુમરા બોર્ડિંગમાંથી વેકેશનમાં આવેલ એક વિદ્યાર્થી પર પડી, જેના પિતાશ્રી દામજીભાઈએ ૩૭ વરસની વયે સ્વર્ગગમન પૂર્વે આ બિમારીમાંથી બચી જઈશ તો ૧૦ વર્ષમાં સંયમ લઈશ, નો સંકલ્પ કરેલ. તે ઘટના થકી મા ગંગાબાઈનાં સુસંસ્કારે રોપાયેલ સંસ્કારબીજ પૂ. ગુરૂદેવ દ્વારા પ્રેરણાપાણી અપાતા પાંગર્યું... કાંતિલાલે ક્રાંતિ કરી અને તેઓ વિ.સ. ૨૦૩૫માં પૂ.ગુરૂદેવશ્રીનાં શિષ્ય મુનિ કમલપ્રભસાગરજી બન્યા. ભાઈ મ.ના પગલે પગલે સંયમી બની સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજીએ સુંદર આરાધના કરી જીવન સાર્થક કર્યું. તે રીતે સા. શ્રી તીર્થગુણાશ્રીજી તથા સા. શ્રી હેતગુણાશ્રીજી પણ સુંદર રીતે આરાધના કરી રહેલ છે.

રાયણ ચોમાસે વીર નિર્વાણ ૨૫૦૦મા વરસ નિમિત્તે પૂ. ગુરૂદેવ આલેખિત પ્રભુ મહાવીર ગ્રંથાર્થે કાંતિલાલે લખેલ બે લેખ થકી પ્રસન્ન થઈ પૂ. ગુરૂદેવે દીક્ષા પૂર્વેજ લેખિતમાં 'પદ્મકેતુ' ઉપનામ બક્ષેલ ને તેમની દીક્ષા બાદ એકદા શુભપળે તિરુપતિ એપાર્ટ. પણ (મુંબઈ)માં સ્વમુખે શ્રી પાર્શ્વપ્રભુની જપ સાધના આપી. જે તેમના માટે વિશિષ્ટ વરદાન બની ગઈ. શાસનકાર્યોમાં અતિવ્યસ્ત છતાં સદૈવ મસ્ત પૂ. ગુરૂદેવે પ્રારંભકાળથી જ સંસ્કૃત-પ્રાકૃત-શબ્દાનુશાસન-કાવ્યાનુશાસન આદિ અધ્યયનમાં એમને આગળ વધાર્યા. પ્રથમ ચોમાસે જ ગોરેગાંવમાં પર્વ પ્રવચનાર્થે બેસાડ્યા.

આમ પરમગુરૂગુણ અને ગુરૂદેવની યોગક્ષેમધારાએ જાણે પદ્મકેતુ ઉપનામને સાર્થક કરતા હોય તેમ પદ્મપ્રિયા પદ્માવતીમા પૂજિત કેતુ ગ્રહાધિપતિ શ્રી પાર્શ્વપ્રભુની વિશેષ સાધના કરતાં દાદા ગુરૂદેવ ગુરૂગુણ અને મા પદ્માવતીજીની કૃપાને પામીને મુનિશ્રી પ્રવચન-લેખન સહ કાવ્ય સર્જન (લગભગ ૪૫૦ રચના) માં ખૂબ આગળ વધ્યા. ત્યારે જિનભક્તિ નિપુણમતિ અને કમનીય કલમના કસ્બી જેવા વિશેષણે પૂ. ગુરુદેવે પણ ઉપબૃંહણા કરી તેમને તે પ્રવૃત્તિમાં સદૈવ ઉત્સાહિત કર્યા છે.

ભિન્નમાલ પ્રતિષ્ઠા નિમિત્ત બની મુનિશ્રીનાં રાજસ્થાન વિચરણમાં. ૧૭-૧૭ ચાતુર્માસ (છેલ્લું ૨૦૧૭) ત્યાં કરી રાજસ્થાનદીપક પૂ. ગુરૂદેવે રાજસ્થાનમાં પ્રગટાવેલ ધર્મજાગૃતિ જ્યોતમાં ઘી પૂરવાનું કામ મુનિશ્રીએ કર્યું. દાદાસાહેબ શ્રી ગૌતમસાગરસૂરિ સ્મૃતિધામ પાલી પ્રતિષ્ઠા પ્રસંગે નિશ્રા આપી પૂ. ગુરૂદેવે મુનિશ્રી કમલપ્રભસાગરજી ને 'મરૂધરકેશરી' બિરૂદે નવાજી સાનંદ આશીર્વાદાત્મક અનુમોદના કરી.

# અનેક જિન મંદિરો તથા ઉપાશ્રયોના પ્રેરક પૂજ્યશ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.ની તારક નિશ્રામાં થયેલ જિનાલયોમાં પ્રભાવક અંજન -પ્રતિષ્ઠાઓની ટૂંક નોંધ



**સં. ૨૦૩૩ :**

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન (મુંબઈ) ના શ્રી અનંતનાથ ભ. જિનાલયે પૂ. દાદા કલ્યાણસાગરસૂરિ, પૂ. આ. ભા. શ્રી દાનસાગરસૂરિજી આદિ ગુરુ પગલાની પ્રતિષ્ઠા. પછીના વર્ષોમાં શ્રી ક.વિ. ઓ. દે. જૈન મહાજનના ભાતબજાર, લાલવાડી દાદા ગુરૂદેવો, ગુરૂદેવના ગુરૂ પગલાની પ્રતિષ્ઠા તથા ઘાટકોપરમાં પ્રેરણાથી પૂ. ગુ. ગુણસાગરસૂરિ ગુરૂબિંબની પ્રતિષ્ઠા.

(૧) મુલુંડ ચેકનાકા મધ્યે મુલુંડમાં અંજન થયેલ મૂળનાયક શ્રી આદીશ્વર ભ. આદિ ૩ બિંબોની ચલ પ્રતિષ્ઠા.

(૨) મુલુંડના ખોના નિવાસમાં મૂળનાયકશ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ ભ. ની પ્રતિષ્ઠા.

(૩) પછીના વર્ષોમાં મુલુંડના સર્વોદય નગર, વર્ધમાન નગર, નિલમનગરના જિનાલયોની પ્રતિષ્ઠા પ્રસંગે રાજસ્થાન ભીનમાલના અચલગચ્છીય જિનાલય નિર્માતાઓની વિનંતીથી શ્રમણોને મોકલેલ.

**સં. ૨૦૪૧ :**

શીખરજી તીર્થે તળેટીના કચ્છી ભવનમાં મૂ. શા.સ. અ. ગ. નિશ્રાએ ચૌમુખ સમવરણ ૨૦ જિનાલયની અંજન પ્રતિષ્ઠા ઉદયપુરમાં ગુરૂ પાદુકા, વડોદરામાં ધાતુમૂર્તિ પ્રતિષ્ઠા.

**સં. ૨૦૪૨ :**

શ્રી શંત્રુંજય તીર્થે મૂળનાયક દાદાની ટૂંકમાં પાણીના ટાંકા પાસે શ્રી અ. ભા. અચલગચ્છ સંઘ યોજિત અચલગચ્છીય દેવગુરૂના પગલાની પ્રાચીન દેરીના જિર્ણોદ્ધાર બાદ પ્રતિષ્ઠા, ચૌમુખજી ટૂંકમાં જિનબિંબોની પ્રતિષ્ઠા.

સાંતાક્રુઝ -પૂર્વમાં કલિકુંડ પાર્શ્વનાથ તીર્થ બીજા માળે મૂળનાયક શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાન (ધાતુની મૂર્તિ) આદિ જિનબિંબોની ગાદીનશીન પ્રતિષ્ઠા વખતે મુનિરાજ શ્રી મહોદયસાગરજી આદિની ઉપસ્થિતિ.

**સં. ૨૦૪૩ :**

પૂ. શાસનસમ્રાટ, અચલગચ્છાધિપતિ ગુરૂદેવની નિશ્રામાં મલાડ હિમાચલ એપાર્ટ. તથા વડાલામાં અંજનશલાકા. અંબરનાથ,ડોંબીવલી, કલવા, થાણા, નાલોસોપારા (પૂર્વ), પરમાત્મા પાર્ક (વિરાર) આદિ પ્રતિષ્ઠા પ્રસંગે પૂજ્યશ્રી ગણિપદે સાથે હતા.

**સં. ૨૦૪૪ :**

પૂ. ગચ્છાધિપતિ ગુરૂદેવશ્રીની નિશ્રામાં બાડમેર વિદ્યાપીઠ આયંબિલ ભવનનું ઉદ્‌ઘાટન, દંતાણી તીર્થના તથા વિંઝાણના જિનબિંબોની અંજનશલાકા, દાદર (સિલ્વર એપાર્ટ.) આદિની પ્રતિષ્ઠાઓ વખતે પૂજ્યશ્રી પણ સાથે

ઉપાધ્યાય તથા સૂરિપદે સાથે હતા.

**સં. ૨૦૪૫ :**

(૧) માટુંગા (બી.બી.) અચલગચ્છ જૈન સંઘ સંચાલિત (દાદર–માહિમ) શ્રી પેથરાજ આણંદજી નાગડા ચેલા (હાલાર)—વાલા શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ ગૃહ જિનાલયે સૂરિપદે સ્વતંત્ર નિશ્રાએ પ્રથમ પ્રતિષ્ઠા.

(૨) વાલીવ આંબાવાડી બંગલો સ્કીમમાં શ્રી વલભજી ધરમશી સુરા–દેઢીયા ભુજપુરવાલાએ બંધાવેલ શિખરબધ્ધ જિનાલયે મૂળનાયક શ્રી મહાવીર સ્વામિ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા.

(૩) શ્રી અનંતનાથ જિનાલય ખારેક બઝાર –મુંબઈ
શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજના ચરણ પગલાની પ્રતિષ્ઠા.

(૪) ભાતબઝાર દેરાસરે પૂ. દાદા શ્રી કલ્યાણસાગરસૂરિજી મ. સા. ની મૂર્તિ, ગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી દેવી આદિની ગાદી પ્રતિષ્ઠા.

(૫) ચીંચબંદર અંજનશલાકા વખતે ભાતબઝાર દેરાસરમાં ગોખલામાં પૂ. અચલગચ્છાધિપતિ પૂ. ગુરૂદેવ આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ની ચરણ પાદુકાની પ્રતિષ્ઠા.

(૬) લાલવાડી દેરાસરજીમાં એવી જ ગુરૂપાદુકાની તથા દાદા કલ્યાણસાગરસૂરિજીના બિંબ આદિની પ્રતિષ્ઠા.

(૭) ચીંચબંદર મહાજનવાડીમાં સમૂહ ભવ્ય અંજનશલાકા મહોત્સવ જેમાં રંગપુર, વિદિશા, રોહા વિ. અનેક સ્થળોના મૂળનાયકાદિ ૪૪ જિનબિંબોની અંજન પ્રાણઃ પ્રતિષ્ઠા થઈ.

(૮) ખાર પૂર્વમાં પ્રેરણાથી નૂતન ગૃહા જિનાલયે પ્રતિષ્ઠા (ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીના શિષ્ય મુનિશ્રી નયપ્રભસાગરજી મ. ની નિશ્રામાં પ્રતિષ્ઠા)

(૯) વિદિશામાં નૂતન શિખરબધ્ધ જિનાલયે પૂજ્યશ્રીની પ્રેરણાથી પૂજ્યશ્રીના શિષ્ય મુનિશ્રી કમલપ્રભસાગરજી મ. ની નિશ્રામાં પ્રતિષ્ઠા.

**સં. ૨૦૪૬ :**

(૧) થાણા શ્રી ચંદ્રપ્રભસ્વામિ શિખરબધ્ધ જિનાલયે ઉપર શિખરમાં જિનબિંબોની પ્રતિષ્ઠા.

(૨) ચીંચબંદર મહાજનવાડીમાં અનેક સ્થળોના મૂળનાયકો તોરણીયાદિ ૬૦ બિંબોની ભવ્ય અંજનશલાકા મહોત્સવ.

**સં. ૨૦૪૭ :**

(૧) નારાણપુરા અમદાવાદમાં સંઘવીશ્રી શાંતિલાલ ચાંપશી મુરજી સાવલા કચ્છ તુંબડીવાલાના સિધ્ધચક્ર બંગલામાં નીચે ગૃહમંદિરમાં પ્રભુજીની ચલપ્રતિષ્ઠા.

(૨) અનંતછાયા ઘાટકોપર(ઈસ્ટ)માં (પૂર્વે ચાંગડાઈ – કચ્છમાં) બિરાજતા મૂળનાયક શ્રી અનંતનાથજી આદિ જિનબિંબોની ઉત્થાપના થતાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, દ્વારા ગૃહ જિનાલયે પ્રતિષ્ઠા.

(૩) વાંદરા (વે) હીલ રોડ માતુશ્રી સોનબાઈ ડુંગશી માલાણી કચ્છ બીદડાવાલાએ શિખરબધ્ધ જિનાલય બંધાવ્યું મૂળનાયક શ્રી આદિનાથ દાદા વગેરે જિનબિંબોની પ્રતિષ્ઠા.

(૪) કુર્લા (પૂર્વ) નહેરૂ નગરમાં સંઘના ગૃહ જિનાલયમાં મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામિ ભગવાન આદિ ૩ પ્રભુજીની પ્રતિષ્ઠા.

**સં. ૨૦૪૮ :**

(૧) મુલુંડ ચેકનાકામાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાન આદિ તથા શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાન ગુરુબિંબ આદિની બીજા માળે વિધિવિધાન સહ પ્રતિષ્ઠા.

**સં. ૨૦૪૯ :**

(૧) **સિકંદરાબાદ – શીખરોડ (આંધ્રપ્રદેશ)** મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન તથા ખરતરગચ્છના દાદા ગુરુબિંબોની તથા અધિષ્ઠાયક દેવોની પ્રતિષ્ઠા.

(૨) **ચૈતન્યપુરી (હૈદરાબાદ)** ગૌત્તમવિહાર તીર્થધામમાં મૂળનાયક શ્રી વાસુપૂજય સ્વામિ ભગવાનના ત્રિશિખરી ભવ્ય

જિનાલયે આદીશ્વર ભગવાન આદિ જિનબિંબોની અંજનશલાકા સહ ભવ્ય પ્રતિષ્ઠા

(૩) **હૈદરાબાદ (સીટી)** (અ) દક્ષિણદીપક પૂજ્યશ્રીની પ્રેરણાથી લેવાયેલ ૨૭૦૦૦ વારના નૂતન પ્લોટ પર ગૃહજિનાલયે શ્રી શાંતિનાથ પ્રભુજીની ચલ પ્રતિષ્ઠા (ચાતુર્માસ પૂર્વે). (બ) ચાતુર્માસ બાદ જમણી તથા ડાબી તરફ ચિંતામણી પાર્શ્વનાથ તથા શ્રી અલૌકિક પાર્શ્વનાથ પ્રભુજીની ચલ પ્રતિષ્ઠા. (સં. ૨૦૫૦)

(૪) **ચૈતન્યપુરી (હૈદરાબાદ)** ગૌત્તમ વિહાર તીર્થધામમાં ગુરૂદેરીઓમાં ચાતુર્માસ બાદ સુવિહિત શિરોમણિ પૂ. દાદાસાહેબ શ્રી ગૌત્તમસાગરસૂરિ મહારાજા સાહેબ તથા અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મહારાજાની ગુરૂમૂર્તિઓની પ્રતિષ્ઠા. (૨૦૫૦)

**સં. ૨૦૫૦ :**

(૧) હૈદરાબાદ : વરૂણ એપાર્ટમેન્ટમાં માતુશ્રી લક્ષ્મીબેન શામજી ભેદાના સુપુત્ર ચિ. દિનેશભાઈ ભેદા કારિત ગૃહ જિનાલયે અંજનશલાકા સહ મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાદિની ચલ પ્રતિષ્ઠા

(૨) મોહના (આંબિવલી) મહારાષ્ટ્ર : શિખરબધ્ધ જિનાલયે મૂળનાયક શ્રી સુમતિનાથાદિ જિનબિંબોની પાવનકારી પ્રતિષ્ઠા.

(૩) સલસનગર (કલ્યાણ વેસ્ટ) : મૂળનાયક શ્રી વાસુપૂજ્ય સ્વામિ ભગવાન આદિની ગૃહ જિનાલયે પ્રતિષ્ઠા.

(૪) ગોવર્ધનનગર મુલુંડ (વે) : મૂળનાયક શ્રી પદ્મપ્રભસ્વામિ આદિ જિનબિંબોની ગૃહજિનાલયે પ્રતિષ્ઠા.

(૫) **સાંતાક્રુઝ (કલિકુંડ તીર્થ) :** ગચ્છાધિરાજ પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાની વિશાળ અને ભવ્ય ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા.

(૬) **વિલેપાર્લા (મુંબઈ) :** ભવ્ય અંજનશલાકા મહોત્સવમાં મૂળનાયક શ્રી મહાવીર સ્વામિ આદિની પ્રતિષ્ઠા તથા મુલુંડ પૂર્વમાં મૂળ નાયક આદિ અનેક જિનબિંબોની અંજનશલાકા

(૭) **કાંજુરમાર્ગ (પૂર્વ) મુંબઈ :** શ્રી ગૃહ જિનાલયે મૂળનાયક શ્રી આદિનાથ પ્રભુજી આદિની ભવ્ય પ્રતિષ્ઠા

(૮) **ડોંબીવલી (મહારાષ્ટ્ર) :** પૂજ્યશ્રીની પ્રેરણાથી લેવાયેલ નૂતન પ્લોટ પર ગૃહજિનાલયે શ્રી સુવિધિનાથ પ્રભુજીની ચલપ્રતિષ્ઠા

(૯) **વાપી (ગુજરાત) :** મૂળનાયક શ્રી વિમલનાથ પ્રભુ આદિ ચૌમુખજી જિનબિંબોની પ્રતિષ્ઠા (નેશનલ હાઈવે નં. ૮ રોડ પર રહેલ મહાવીર નગરમાં)

(૧૦) **દહીંસર (શક્તિનગર) :** ગૃહ જિનાલયે મૂળનાયક શ્રી અજિતનાથ પ્રભુજીના જિનબિંબની પ્રતિષ્ઠા.

**સં. ૨૦૫૧ :**

(૧) દાદર (પૂર્વ) માં ગૃહ જિનાલયે શ્રી શીતલનાથાદિ પ્રતિષ્ઠા

(૨) નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘના ગૃહ જિનાલયે અંજનશલાકા સહ પ્રતિષ્ઠા મહોત્સવ (મહાત્મા ગાંધી કોમ્પલેક્ષમાં)

(૩) શ્રી ઓભાયા વેરશી બિદડાવાલાના ગૃહ જિનાલયે (વાશી નવી મુંબઈ)

(૪) વિઠ્ઠલવાડી (કલ્યાણ પાસે) સંભવનાથ શિખરબધ્ધ જિનાલયે ચલ પ્રતિષ્ઠા

(૫) શંખેશ્વર (એન્કરવાલા કચ્છી ભવન) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહ જિનાલયની પ્રતિષ્ઠા

(૬) દંતાણી તીર્થ –જિનાલયના શિખરમાં શ્રી પદ્મનાભ સ્વામિ આદિ જિનબિંબો

(૭) કચ્છી ભવન (પાલિતાણા) શ્રી આદીશ્વર સ્વામિ જિનાલય (શિખરબધ્ધ) (પૂ. ગચ્છાધિપતિ સહ)

(૮) શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જિનાલય –ભાઈંદર (પૂર્વ)

**સ. ૨૦૫૨ :**

**બાડમેર (રાજસ્થાન) માં નિમ્ન મુજબ પંચ જિનાલયે પ્રતિષ્ઠા મહોત્સવ**

(૧) શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય આદિ પાંચ જિનાલયોમાં

(૨) મીની સમેતશિખરજી તીર્થ સ્વરૂપે ૨૦ તીર્થંકરોમાંથી બાકી રહેતા જિનબિંબોની પ્રતિષ્ઠા

(૩) શ્રી મહાવીર સ્વામિ જિનાલયમાં શ્રી ગૌત્તમ સ્વામી ગુરૂ શાસનદેવીની પ્રતિષ્ઠા

(૪) શ્રી મીની પાવાગઢ તીર્થ (પડાઈયા ગોત્રીઓ દ્વારા) શિખરબધ્ધ જિનાલયે (નાનકડી ટેકરી પર) શ્રી સીમંધર સ્વામિ તથા દાદાગુરૂ પ્રતિષ્ઠા

(૫) આર્યરક્ષિત-ગુણાબ્ધિ જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ - બાડમેરનાં વિશાળ હોલમાં મારબલની દેરીયુક્ત શ્રી વિમલનાથ જિનાલય

(૬) શ્રી આદિશ્વર ૭૨ જિનાલય મહાતીર્થ કચ્છ-ગુણનગર (મધ્યમાં ત્રણ, ચાર દિશામાં ચાર તથા ૬૬ દેરીઓમાં ૩૫૦ જિનબિંબોની પ્રતિષ્ઠા) (પૂ.વ.ગ.આ.ભ)

(૭) ગઢશીશા (કચ્છ) શ્રી આદીશ્વર જિનાલયે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની નૂતન દેરીમાં પ્રતિષ્ઠા સહ શતાબ્દિ મહોત્સવ (પૂ.વ.ગ.આ.ભ.)

**સં. ૨૦૫૩ :**

(૧) **ગોધરા (કચ્છ) :** જિનાલયના તીર્થપટ્ટ ભવનમાં ગુરુબિંબોની પ્રતિષ્ઠા

(૨) **ગોધરા (કચ્છ) :** અંબેધામમાં શ્રી નેમનાથ પ્રભુજીના પગલા, અચલગચ્છના દાદાગુરૂ પગલાત્રય નૂતન દેરીમાં (પૂજ્યશ્રીની પ્રેરણાથી ગિરનાર ધામની રચના) તથા ગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી દેવી, શ્રી મહાકાલી દેવી દેરીઓની પ્રેરણા તથા ગુરૂ ચિત્રપટ્ટોની પ્રેરણા

(૩) **શ્રી ગુણપુરી તીર્થધામ (દેઢિયા કચ્છ) :** શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહજિનાયલ (ચલપ્રતિષ્ઠા)

(૪) **નવિનાર (કચ્છ) :** શ્રી શાંતિનાથ જિનાલય (શિખરબધ્ધ) પૂ. ગચ્છાધિપતિશ્રી સાથે

(૫) **ધંધુકા (ગુજરાત હાઈવે) :** પંપ પાછળની જૈન સોસાયટીમાં હ. શ્રી આદીશ્વર સ્વામિ શિ. આરસ દેરી યુક્ત ગૃહ જિનાલય

(૬) **નાલાસોપારા (પૂર્વ) :** શ્રી મુનિસુવ્રત સ્વામિ જિનાલય સંઘના પ્લોટ પર ગૃહ જિનાલય

(૭) **વરસોવા (અંધેરી) :** શ્રી અમીઝરા સંભવનાથ શ્રી આરસ દેરી યુક્ત ગૃહ જિનાલય

(૮) **વિઠ્ઠલવાડી (થાણા જીલ્લો) :** શ્રી સંભવનાથ સ્વામિ શિ. જિનાલય

(૯) **ભાયંદર (પૂર્વ) મુંબઈ :** શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જિનાલય

(૧૦) **ડોંબીવલી (વે) કોપર રોડ :** અચલગચ્છ ભવન શ્રી મુનિસુવ્રત સ્વામિ ગૃહ જિનાલય

**સં. ૨૦૫૪ :**

(૧) **મુલુંડ :** શ્રી વાસુપૂજ્ય જિનાલયની (ત્રિશિખરમય નવિનીકરણ) જમણી બાજુ નૂતન શિખરબધ્ધ જિનાલયે શ્રી સુમતિનાથાદિ ડાબી બાજુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાદિ તથા ઉપર શિખરોમાં અને કમ્પાઉન્ડમાં દેવ-દેવીઓનું નૂતન સંકુલ

(૨) **વડોદરા :** ત્રિશિખરી જિનાલયે શ્રી વાસુપૂજ્યસ્વામિ, શ્રી સીમંધર સ્વામિ જિનાલય અંજનશલાકાઃ પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ (પૂ. વ. ગ. આ. ભ)

(૩) **ડોંબીવલી :** શ્રી સુવિધાનાથ ત્રિશિખરી જિનાલય અંજન પ્રતિષ્ઠા

**સં. ૨૦૫૫ :**

(૧) **વિરાર :** પરમાત્મા પાર્કમાં પૂ. દાદા આર્યરક્ષિત સૂરિ શાસનદેવ દેવી તથા ધ્વજદંડની પ્રતિષ્ઠા

(૨) **ભાતબજાર :** ક.વિ.ઓ.દે. જ્ઞાતિ તીર્થે ક.વિ.ઓ.દે. જૈન મહાજનના મુખ્ય જ્ઞાતિ દેરાસરે મૂળનાયક શ્રી આદિશ્વર દાદાની ભવ્ય મહોત્સવ સહ ઐતિહાસિક પુનઃપ્રતિષ્ઠા, ગુરૂપાદુકા પ્રતિષ્ઠા.

(૩) **કાંદીવલી (વે) :** ગૌરવ ગાર્ડનમાં શ્રી કેસરબેન ટોકરશી શીવજી ગૃહ જિનાલયે કલ્પતરૂ પાર્શ્વ ભ. ની પ્રતિષ્ઠા.

(૪) **મલાડ (પૂર્વ) :** બાણ ડુંગરી (દત્ત મંદિર રોડ)ના વિમલનાથ ભ. ગૃહ જિનાલયની પ્રતિષ્ઠા.

(૫) **આગાશી :** અચલગચ્છ જયેશ ભવનમાં પ્રતિષ્ઠા

(૬) **થાણા (વે) :** ચંદ્રપ્રભ સ્વામિ ગૃહ જિનાલયે ગચ્છાધિષ્ઠાયિકા મહાકાલી દેવીની પ્રતિષ્ઠા (મા.વ)

(૭) **થાણા (પૂર્વ) :** મુનિસુવ્રત સ્વામિ ગૃહ જિનાલયની પ્રતિષ્ઠા

(૮) **ભાડુંપ (વે) :** ક.વિ.ઓ.અ. સંઘના શ્રી પદ્મપ્રભ સ્વામિ ભ. ગૃહજિનલાયની પ્રતિષ્ઠા.
(૯) **ડોંબીવલી (પૂર્વ) :** સમુહ ૧૭૫ વર્ષિતપ ઉચ્ચારણ
(૧૦) **ઘાટકોપર (પૂર્વ) :** જયંત રાહી યોજિત સમુહ નવકાર સમુહ જાપનો નિશ્રામાં સર્વપ્રથમ મુંબઈમાં પ્રારંભ
(૧૧) **ભટ્ટવાડી ઘાટકોપર :** શંખેશ્વર પાર્શ્વ જિનાલયની પ્રતિષ્ઠા
(૧૨) **અંબરનાથ :** વર્ધમાન નગરે પ્રતિષ્ઠા
(૧૩) **ઘાટકોપર (વે.) :** શાંતિ નિકેતન ટોકરશી ભુલા (દેવપુર) ગૃહ જિનાલયે પ્રતિષ્ઠા

**સં. ૨૦૫૬ :**

(૧) **પવઈ :** પવઈ વિશાળ ભવનનું ઉદ્‌ઘાટન–નામકરણ
(૨) **લાલવાડી :** સુવિધિનાથ જિનલાયના ત્રિશિખરોના ધ્વજદંડોની પ્રતિષ્ઠા
(૩) **ચીંચબંદર :** સાધ્વી મુખ્ય સા. શ્રી નિરંજનાશ્રીજી મ. નો સંયમ સુવર્ણ ઉદ્યાપન મહોત્સવ.
(૪) **મીરા રોડ :** ગૌરવ એંકલેવ મધ્યે સૂરિમંત્રની પાંચમી પીઠીકાની બીજીવાર આરાધના
(૫) **બોરીવલી પૂર્વ :** મુરજી લાલજી શેરડીવાલા, ગૃહ જિનાલય માર્ગદર્શન (પ્રભુ પ્રવેશ આદિ)
(૬) **નાસીક રોડ :** દેવલાલીના શ્રીજીનગરમાં પુષ્પાબેન હીરજી દેઢીયા (નાની ખાખર –ખેતવાડી)નિર્મિત સંભવનાથ જિનાલયની પ્રતિષ્ઠા
(૭) **ડોંબીવલી પૂર્વ :** ૨૧૧ વર્ષિતપ તપસ્વીઓના. ઈક્ષરસ પારણા, શ્રી ગુણપાર્શ્વનાથ ભ. (દેઢીયા તીર્થના) મૂળ નાયકનો જયપુરથી ડોંબીવલી નગરે તથા કલ્પતરૂ અચલગચ્છ ભવને પ્રવેશ બાદ ત્રણ વર્ષ પર્યંત બિરાજયા
(૮) **હૈદરાબાદ :** કાચીગુડા જિનેશ્વર ધામે સ્થારાંતરિત ગૃહજિનાલયની ચલ પ્રતિષ્ઠા
મામણિયા – ગોગરી અચલગચ્છ ઉપાશ્રય ઉદ્‌ઘાટન

**સં. ૨૦૫૭ :**

(૧) **હૈદરાબાદ – ભાગ્યનગર (A.P.) કાંચીગુડા :** શ્રી શાંતિનાથ પરમાત્માના ભવ્યાતિભવ્ય ત્રિશિખરી વિશાળ જિનાલય અંજનશલાકા –પ્રતિષ્ઠા મહામહોત્સવ

**સં. ૨૦૫૮ :**

(૧) **ડીગ્રસ :** ધર્મગુણ પુણ્ય અચલગચ્છ ભવનનું ઉદ્‌ઘાટન
(૨) **રાયપુર (છત્તીસગઢ) :** (દેવપુર –ડુમરા) સુમતિ સરસ્વતી તીર્થે જિનાલયનો તથા નૂતન તપોવન છાત્રાવાસનો શિલાન્યાસ
**રાયપુર (છત્તીસગઢ) :** શ્રી કુંથુનાથ શિખરબધ્ધ જિનપ્રસાદ તથા ગુરૂ મંદિરાદિ પ્રતિષ્ઠા મહોત્સવ

**સં. ૨૯૫૯ :**

(૧) **ઉવસગહરં તીર્થ : નગપુરા છત્તીસગઢ :** ૨૦૫૭ ના ચાતુર્માસ પૂર્ણાહુતિ બાદ શ્રી મેરુતુંગ પાર્શ્વનાથ શિખરબધ્ધ જિનાલય 'ૐ નમો દેવદેવાય' સ્તોત્ર પટ્ટ, શ્રી સિધ્ધચક્ર મહાયંત્ર (આરસામાં મોટો કોતરાયેલો થાણા તીર્થ જેવો) તથા સૂરિમંત્રના વિશાળ મારબલમાં કોતરાયેલા પટ્ટનો અંજનશલાકા –પ્રતિષ્ઠા મહોત્સવ
(૨) **ઝડોલ (મેવાડ) :** શિખરબધ્ધ જિનાલયે શ્રી કેશરીયા આદીશ્વર પ્રભુજી આદિ ગુરૂબિંબો સહિત ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ
(૩) **દંતાણી તીર્થ (રાજ.) :** વીસ વિહરમાન પ્રભુજી સહિત ૨૭ દેવકુલિકાઓમાં પ્રભુજીનો અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવ ઉજવાયો. પ.પૂજ્ય ગુરૂદેવ તથા ગોધરાના શ્રી ખીમજી ભગત હંમેશા કહેતા 'દંતાણી કે મહાવિદેહ ક્ષેત્ર ભનાયો... વીશ વિહરમાન વ્યારયો.' હાલે તેઓ હાજર નથી પણ તે વખતે એમની ભાવના પૂર્ણ થઈ અને હવે તો જુના દેરાસર પર વિજળી પ્રપાત થવાથી સમગ્ર તીર્થનું ભવ્યાતિભવ્ય મહાભવ્ય જિર્ણોધ્ધાર થઈ રહેલ છે.

**સ. ૨૦૬૦ :**

(૧) **મોરસીમ (જાલોર જિલ્લા–રાજ.) :** અચલગચ્છીયશ્રી ઋષભ પાર્શ્વ પરમાત્માના જિનાલયે પૂજ્યશ્રીની નિશ્રામાં

અંજન-પ્રતિષ્ઠાનો વિક્રમ સર્જક ચડાવો તથા ત્યારબાદ અંજન પ્રતિષ્ઠા સાથેનો મહામહોત્સવ ઉજવાયો.

(૨) **શ્રી ગુણપાર્શ્વતીર્થ દેઢિયા :** અચલગચ્છાધિપતિ પૂ. ગુરૂદેવ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાની જન્મ-કર્મ-દીક્ષાભૂમિ ઉપર ગુરૂદેવનું સ્મૃતિતીર્થ નિર્માણ પામે એવી ભાવનાથી સાહિત્ય દિવાકર પ.પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ની પ્રેરણાથી ભવ્ય તીર્થનું નિર્માણ થયું. ૧૦૮ ઈંચના કાઉસગ્ગમુદ્રામાં રહેલા મૂળનાયક શ્રી ગુણપાર્શ્વનાથ પ્રભુજીનો જિનાલયના ગર્ભગૃહમાં પ્રવેશ તથા વૈશાખ મહિનામાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. આ પ્રસંગે દેવાલાલીથી પૂજયપાદ અચલગચ્છાધિપતિ આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ઉગ્ર વિહારો કરી કચ્છ પધાર્યા અને તીર્થ પ્રતિષ્ઠાના મંગલમય અવસરે નિશ્રા આપી.

(૩) **નાગલપુર :** નૂતન ધ્વજદંડ કલ્યાણસાગરસૂરિ - મહાકાલી દેવીની પ્રતિષ્ઠા

(૪) **ભોજાય :** શાંતિનાથ ભ. જિનાલયની પ્રતિષ્ઠા

(૫) **વીંઢ :** સુમતિનાથ ભ. જિનાલય ૧૨૩ વર્ષ પ્રાચીનના પુનરૂધ્ધાર બાદ પુનઃ પ્રતિષ્ઠા

(૬) **વરાડીયા :** ધ્વજદંડ પ્રતિષ્ઠા તથા જિનલાય શતાબ્દી મહોત્સવ ઉપરોક્ત ૨ થી ૬ પ્રતિષ્ઠા પ્રસંગો સૂરિયુગલ - ગણિવર્યોની નિશ્રામાં ઉજવાયેલ.

(૭) **નવાવાસ :** તીર્થ પટ્ટભવનમાં આશાપુરણ પાર્શ્વનાથ ભ., બંને ગચ્છના દાદા ગુરૂઓ, પદ્માવતી દેવી પ્રતિષ્ઠા
નિશ્રા : પૂ. યુવાચાર્ય ભ. તથા પૂ. મુનિ શ્રી ભુવનચંદ્ર મ.સા., પૂ. મુનિ શ્રી મહાભદ્રસાગરજી મ.સા.

(૮) **ભુજ :** ચિંતામણી પાર્શ્વ જિનાલયે ધ્વજદંડ, કળશ, સુવિધિનાથ ભ. ની દેરી, કલ્યાણસાગરસૂરિ ગુરૂ મૂર્તિની પ્રતિષ્ઠા

**સં. ૨૦૬૧ :**

(૧) **શ્રી મુલુંડ ચેકનાકા :** અચલગચ્છા જૈન સંઘ (શ્રી આદીશ્વર પ્રભુનું જિનચૈત્ય, પૂ. ગચ્છાધિપતિશ્રી ગણિવર્યોસહ)

(૨) **પવઈ :** પૂ.યુવાચાર્ય ભ. નો જન્મ સુવર્ણ વર્ષ જિનભક્તિ મહોત્સવ

(૩) **શ્રી ઋષભ અજિત શિખરબધ્ધ જિનાલય :** પૂજ્યશ્રીની પ્રેરણાથી આ જિનાલયનું નિર્માણ થયું, પ્રતિષ્ઠાના પૂર્વ તૈયારી સ્વરૂપ પૂ. યુવાચાર્ય ભ. નું ચાર્તુમાસ પણ (સં. ૨૦૬૦)નું થાણા નૌપાડામાં શ્રી વસંતરાય નાઈક હોલમાં ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયું. ત્યારબાદ પોષ મહિનામાં અચલગચ્છાધિપતિ પ.પૂ. આ ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા, પૂજ્ય સાહિત્ય દિવ્કર આ. શ્રી, ગણિવર્યો સહિત વિશાળ સાધુ - સાધ્વીવૃંદની નિશ્રામાં અંજનશલાકા -પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. આ જિનાલયની વિશિષ્ટતારૂપે ભક્તામરની ૪૪ ગાથાઓ યંત્રો સહિત કોતરાવેલી છે.

(૪) **જોગેશ્વરી :** શ્રી મલ્લિનાથ શિખરબધ્ધ જિનાલય : અચલગ્છાધિપતિશ્રીની નિશ્રા સહ સાહિત્ય દિવાકર પૂ. આ. શ્રી, ગણિવર્યો સહિત સાધુ-સાધ્વી વૃંદની નિશ્રામાં અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

(૫) **જોગેશ્વરી :** અંબરનાથ નગરે સા. શ્રી વસંતપ્રભાશ્રીજી, સા. શ્રી ચારૂલતાશ્રીજી મ. સા. ની સંયમ સુવર્ણ મહોત્સવે સહનિશ્રા

(૬) **બાડમેર :** અચલગચ્છાધિપતિ આ. ગુણસાગરસૂરિ સાધના ભવન (પ્રેરક : પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.) મુંબઈથી ઉગ્રવિહારો કરી પૂજ્યશ્રી બાડમેર પધાર્યા, અહીં સાધનાભવનનું ભવ્ય ઉદ્‌ઘાટન પૂજ્યશ્રીની નિશ્રામાં સંપન્ન થયું. ભવનમાં પ્રથમ ચાતુર્માસ થયું.

(૭) **બાડમેર કીરાડુ રોડ :** શ્રી વર્ધમાન સ્વામિ શિખરબધ્ધ જિનાલય : શ્રીમતી શાંતિદેવી મોહનલાલજી મીઠડીયાબોહરા - બાડમેરવાલા પરિવારે સ્વદ્રવ્યથી શ્રી વર્ધમાન સ્વામિ જિનાલયનું નિર્માણ પૂજ્યશ્રીની પ્રેરણાથી કર્યું. આગ્રહ વિનંતીથી નિશ્રા પ્રાપ્ત કરી. વૈશાખ માસની લૂ માં પણ સાહિત્ય દિવાકર પૂજ્યશ્રીની નિશ્રામાં ભવ્યપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો...બાડમેરમાં આ રોડ તે વખતે વેરાન જેવો હતો પણ પ્રતિષ્ઠા બાદ સમગ્ર રોડ ચેતનવંત બની આજે જૈનોની વસ્તીવાળું પ્રતિષ્ઠિત સ્થાન બની ગયું છે.

(૮) **નાકોડા પાર્શ્વ તીર્થ :** જ્ઞાન શાળામાં જિનાલયનો શિલાન્યાસ થયો.

**સં. ૨૦૬૨ :**

(૧) **બાડમેર :** નૂતન સાધના ભવનમાં પ્રથમ ચાર્તુમાસ પૂર્ણ થતાં શ્રી મુનિસુવ્રતસ્વામિ આદિ ત્રણ પ્રભુજીની પ્રતિષ્ઠા સાધના ભવનના ગૃહ જિનાલયે કરવામાં આવી. બાડમેરથી નાકોડાજી તીર્થનો ૯ દિવસીય છ'રી સંઘ પૂજ્યશ્રીની પ્રેરણા નિશ્રામાં નીકળ્યો.

(૨) **શ્રી નાકોડા પાર્શ્વ તીર્થ જ્ઞાનશાળા :** ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. મૂળનાયકશ્રી નાકોડા પાર્શ્વનાથ આદિ જિનબિંબો બિરાજમાન થયા. રામજી કા ગોલ ગૃહ જિનાલયની સ્થાપના, પ્રથમ મેળા પ્રારંભ

(૩) **રામજી કા ગોલ :** શ્રી આર્યગુણ ગુરૂકૃપાધામ : ગૃહજિનલાયનો પ્રારંભ. શ્રી મેરૂતુંગ પાર્શ્વનાથ પ્રભુજી આદિ જિનબિંબોની ચલ પ્રતિષ્ઠા અને માગસર પૂર્ણિમાના દિને પ્રથમ ભવ્ય મેળાનું આયોજન થયું. તીર્થ નિર્માણ કાર્યનો પ્રારંભ થયો.

(૪) **સેવક ભરૂડિયા (હાલાર) :** પૂજ્યપાદ અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન આચાર્ય ભગવંતશ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજાની તારક નિશ્રામાં નીકળેલ સંઘમાં પૂજ્ય યુવાચાર્ય ભ. નું ડભોઈ પાવાગઢ તીર્થે મિલન થયું. ત્યારબાદ પાલિતાણા ગિરનાર તીર્થે સંઘમાળ બાદ હાલારનો સંઘ નીકળતા એમાં અચલગચ્છાધિપતિ શ્રી સાહિત્યદિવાકર શ્રી સહિત વિશાળ સાધુ - સાધ્વી વૃંદની નિશ્રામાં ભરૂડીયામાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. હાલારથી ૭૨ જિનાલય, સુથરી તીર્થ સુધીના છ'રી સંઘો બાદ કચ્છમાં આ મુજબ પ્રતિષ્ઠાઓ યોજાયેલ.

શાસનસમ્રાટ અચલગચ્છેશ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ના સૂરિપદ સુવર્ણવર્ષની આખા વર્ષ દરમ્યાન ભવ્ય ઉજવણી રહેલ.

(૧) તુંબડી (કચ્છ) શ્રી નેમિ-સુવિધિનાથ જિનાલય

(૨) રામાણીયા (કચ્છ) શ્રી સુમતિનાથ ચંદ્રપ્રભસ્વામિ પ્રભુ જિનાલય

(૩) ડુમરા (કચ્છ) શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયે શ્રી સિમંધરસ્વામિ ભ.

(૪) ભુજ (વિજયનગર) શ્રી મુનિસુવ્રતસ્વામિ જિનાલય

(૫) ભુજ (નવનીત નગર) શ્રી મુનસિુવ્રતસ્વામિ જિનાલય

(૬) સુમરાસર (ભુજથી ૧૩ કિ.મી.) પૂજ્યોના શ્રી કચ્છમાં પગલા પડતાં જ અચલગચ્છાધિપતિશ્રી, સાહિત્ય દિવાકર પૂજ્યશ્રી આદિ મુનિવૃંદ સહ પાંચેય શિખરબધ્ધ જિનાલયોમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહા મહોત્સવો ઉજવાયા.

**સં. ૨૦૬૩ :**

**પૂ. ગચ્છાધિપતિ પૂ. યુવાચાર્ય નિશ્રાએ કચ્છમાં વિવિધ મહોત્સવો યોજાયા**

(૧) શેરડી ગામે જિનાલય શતાબ્દિ મહોત્સવ

(૨) લાલા ગામે જિનાલય શતાબ્દિ મહોત્સવ

(૩) બાંભડાઈ જિર્ણોધ્ધારિત જિનાલયની પ્રતિષ્ઠા (પૂ.ગ.આ.ભ)

(૪) સુજાપુર જીર્ણોધ્ધારિત જિનાલયની પ્રતિષ્ઠા (પૂ. યુવાચાર્ય ભ)

(૫) તલવાણા જિનાલયની અંજન પ્રતિષ્ઠા

(૬) ગોયરસમા-બારોઈ બન્ને ગામના શ્રી ક..ઓ. જ્ઞાતિ દેરાસરોની પ્રતિષ્ઠા

(૭) ભારતનગર (ગાંધીધામ)જીરાવલ્લા પાર્શ્વ દેરાસરની પ્રતિષ્ઠા

(૮) આદિપુર-અંજાર ઉપાશ્રયોના ઉદ્ઘાટનો નિશ્રામાં યોજાયેલ

(૯) જામનગર શ્રમણ ઉપાશ્રયના શિલાન્યાસમાં નિશ્રા

(૧૦) દલતુંગી (હાલાર) : જિનાલયનો શતાબ્દિ મહોત્સવ તથા ગુરૂમંદિરની પ્રતિષ્ઠા

(૧૧) રંગપુર (હાલાર) : ગુરૂમંદિરનો શિલાસ્થાપન

**સં. ૨૦૬૪ :**

(૧) **પાલિતાણા :** પૂ. ગ. આ. ભ, સાહિત્ય દિવાકર આ.ભ. આદિનું ગચ્છ સમુહ ચાતુર્માસ પૂર્ણ થતાં ડેમ જિનાલય માટેના જિનબિંબોની અંજનશલાકા પ્રતિષ્ઠા સંપન્ન

(૨) **શ્રી ગિરનાર તીર્થે કચ્છી ભવન :** શ્રી મુનસિુવ્રતસ્વામિ શિખરબધ્ધ જિનાલયે અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

(૩) **સોનગઢ :** શ્રી ગુણોદયધામ : શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલયે ભવ્ય અંજન -પ્રતિષ્ઠા મહોત્સવ

(૪) **કોટડા (રોહા) :** શ્રી શાંતિનાથ ભગવાનનું ભવ્ય શિખરબધ્ધ જિનાલય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ. કોટડારત્ન. પૂજ્યપાદ અચલગચ્છાધિપતિ સહ સાહિત્યદિવાકર પૂજ્યશ્રી સહિત સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રા

**સં. ૨૦૬૫ :**

(૧) **શ્રીગુણપાર્શ્વનાથતીર્થ :** સમેતશિખરાવતાર સ્વરૂપ તીર્થપ્રેરક પૂજ્ય ગુરૂવરશ્રીની ભાવના સાકાર થતાં ૫૫ દેરીઓ સહ જાણે પહાડોની કોતરો જોઈ લો.. વિવિધ ધન્ય પશુઓ અને મનોહર સુંદર રચનાઓ તથા આર્ટગેલેરીના સ્થાનો રાખીને વીસ જિનેશ્વરોની દેરીઓ જલમંદિર - સમવસરણ -શાસનદેવ-દેવીઓની દેરીઓ બધાની અંજનશલાકા - પ્રતિષ્ઠા સહ મહામહોત્સવ ઉજવાયો... (નિશ્રા : અચલગચ્છાધિપતિશ્રી સહ સાહિત્યદિવાકર યુવાચાર્યશ્રી)

(૨) **ગિરનાર તીર્થ :** શ્વેતાંબરીય ૧૪ જિનાલયોમાં શુધ્ધિકરણરૂપે અભિષેક મહોત્સવ બાદ રંગપુર (હાલાર) : માતુશ્રી શાંતાબેન કીલાચંદ નાગડા પરિવારે સ્વદ્રવ્યે નિર્માણિત ગુરૂમંદિરમાં ચાર ગુરૂબિંબોના ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ. નિશ્રા : પ્રેરણા : સાહિત્ય દિવાકર પૂજ્યશ્રીની રહેલ

(૩) **મોડપર (હાલાર) :** પૂ. દાદાસાહેબ ગૌત્તમસાગરસૂરિ મ. સા. એ જિર્ણોધ્ધાર કરાવેલ, મોડપર ગામનું શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનું જિનાલય ફરી જીર્ણ થતાં પૂજ્ય યુવાચાર્યશ્રીની પ્રેરણાથી તીર્થસ્વરૂપ બનાવવાનો નિર્ણય થતાં તીર્થોધ્ધાર સમિતિ ટ્રસ્ટે સંઘે આ વાત વધાવી લીધી. પૂજ્ય શ્રી રંગપૂરથી મોડપર પધાર્યા, છેલ્લા ધ્વજારોહણ બાદ અષ્ટોત્તરી શાંતિસ્તોત્ર સહ મૂળનાયક દાદાનું ઉત્થાપન વગેરે દ્વારા તીર્થોધ્ધારનો પ્રારંભ થયો.

(૪) **શ્રી તેરા તીર્થ (કચ્છ) :** ૧૫૦ સાર્ધશતાબ્ધિ સહ દેવકુલિકાઓમાં પ્રતિષ્ઠા સહ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

(૫) **ફરાદી (કચ્છ) :** શ્રી શાંતિનાથજી શિખરબદ્ધ જિનાલય. શુભ નિશ્રા : સાહિત્યદિવાકર પૂજ્યશ્રી, પૂ. ગણિવર્ય વીરભદ્રસાગરજી આદિ

**સ. ૨૦૬૬ :**

(૧) **સમેતશિખરાવતાર :** શ્રી ગુણપાર્શ્વનાથ તીર્થ દેઢિયા (કચ્છ) : રંગમંડપમાં ચાર ધ્વજદંડ આદિની પ્રતિષ્ઠા
નિશ્રા : સાહિત્યદિવાકર પૂજ્યશ્રી

(૨) **પત્રી (કચ્છ) :** શ્રી ચંદ્રપ્રભસ્વામિ શિ. દેરાસર. પાવનનિશ્રા : પૂ. અચલગચ્છાધિપતિ શ્રી, સાહિત્યદિવાકર ગુરૂવર શ્રી આદિ

(૩) **પ્રાચીન શ્રી ભદ્રેશ્વરજી મહાતીર્થ (કચ્છ) :** પૂ.કપિલકેવલી દ્વારા પ્રતિષ્ઠિત આ તીર્થનો જિર્ણોધ્ધાર પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીના સમયમાં થયેલ. ત્યારબાદ ધરતીકંપથી સંપૂર્ણ તીર્થને નુકશાન થતાં પૂજ્યપાદ અચલગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી ટ્રસ્ટ મંડળના ભવ્ય પુરૂષાર્થે તીર્થનો જિર્ણોધ્ધાર થઈ નવનિર્માણ પામ્યું. જેનો અંજન પ્રતિષ્ઠાનો મહા મહોત્સવ અતિ ભવ્યતાપૂર્વક ઉજવાયો. તીર્થ ટ્રસ્ટ તથા શ્રી રવિલાલ સંગોઈ (પુનડી) ના કુશળ મહોત્સવ સંચાલને સમગ્ર કચ્છી સમાજે આ ભવ્ય અવસરને ખૂબ સુંદર દિપાવેલ. શુભનિશ્રા : અચલગચ્છાધિપતિશ્રી, સાહિત્યદિવાકર પૂજ્યશ્રી, વાગડ સમુદાયના ગચ્છનાયક પૂ. આ. શ્રી કલાપ્રભસૂરિજી મ.,પૂ. પન્યાસજી શ્રી કલ્પતરૂ વિ.મ.સા. પાર્શ્વચંદ્રગચ્છી પૂ. મહો. ભુવનચંદ્રજી મ.સા. આદિ વિશાળ શ્રમણ-શ્રમણી વૃંદ

**સં. ૨૦૬૭ :**

(૧) **મેરાઉ (કચ્છ) :** શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનાલયે નૂતન ધ્વજદંડ પ્રતિષ્ઠા મહોત્સવ

(૨) **માંડવી (કચ્છ) :** શ્રી અચલગચ્છીય શાંતિનાથજી જિનલાયે ધ્વજદંડની પ્રતિષ્ઠા તથા અંજનશલાકા -પ્રતિષ્ઠા મહા

મહોત્સવ

(૩) **ભુજપુર (કચ્છ) :** શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિર્ણોધ્ધારિત જિનાલય નવનિર્માણ તથા ભવ્ય અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ

(૪) **અંજાર (ચંપકનગર) (કચ્છ) :** નીચે મૂળનાયક શ્રી વિમલનાથ ભગવંત, ઉપર શ્રી વાસુપૂજ્ય સ્વામિ આદિ નિજબિંબોનો અંજનશલાકા પ્રતિષ્ઠા મહા મહોત્સવ ઉજવાયો.

(૫) **કોટડી (મહાદેવપુરી) :** મનોહર ત્રણ જિનાલયોની સંરચના થતાં મુખ્ય મૂળનાયક શ્રી મનિસુવ્રત સ્વામિ તથા શ્રી કુંથુનાથ પ્રભુજી અને શ્રી અનંતનાથ પ્રભુજી સહ અંજનશલાકા પ્રતિષ્ઠા મહા મહોત્સવ ઉજવાયો. મુનિસુવ્રતસ્વામિ ભ. જિનાલય શ્રી ચાંપશી પદમશી શાહ હ. રસિકભાઈ (મેરાઉ) દ્વારા નિર્માણ. પુણ્ય પ્રભાવક નિશ્રા : સાહિત્યદિવાકર યુવાચાર્યશ્રી સહ પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ., પૂ. મુનરિાજ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ. આદિ

(૬) શંખેશ્વરતીર્થથી નાકોડા તીર્થના છ'રી સંઘનો પ્રથમ પડાવ લોલાડામાં થયો. વિધિવિધાનપૂર્વક દેરીમાં દાદસાહેબ શ્રી કલ્યાણસાગરસૂરિજી મ.સા. ની મનોહર પ્રતિમાની પ્રતિષ્ઠા પૂ. સાહિત્યદિવાકર ગુરૂદેવશ્રીની પાવન નિશ્રામાં રંગેચંગે ઉજવાઈ હતી. ત્યાં લેવાયેલ અચલગચ્છભવન દાદાવાડીના પ્લોટ પર કુંભસ્થાપના, દીપક સ્થાપના, જવારારોપણ, શ્રી નવગ્રહાદિ પાટલાપૂજન સહ શ્રી લઘુશાંતિસ્નાત્ર મહોત્સવ ઉજવાયેલ. જીવદયા માટે ૧ લાખ ઉપર ટીપ થઈ હતી.

**સં. ૨૦૬૮ :**

(૧) **વસઈ રોડ (મુંબઈ):** શ્રી વસઈ અચલગચ્છ જૈન સંઘનું ભવ્ય શિ. શ્રી વિમલનાથ જિનાલય અંજનશલાકા પ્રતિષ્ઠા

(૨) **નાલાસોપારા (ઈ) :** શ્રી મુનિસુવ્રત સ્વામિ, શ્રી વાસુપૂજ્ય સ્વામિ નૂતન ગૃહ જિનાલયે પ્રતિષ્ઠા

(૩) **નાલાસોપારા (વે) :** શ્રી નાલાસોપારા અચલગચ્છ જૈન સંઘને ગામ ગઢશીશાના શ્રી અતુલ દેઢિયા પરિવારે શિખરબધ્ધ જિનાલયથી લઈ ઉપાશ્રય - અતિથિગૃહ સહિત સંપૂર્ણ નિર્માણ કરી અર્પણ કર્યું. સાહિત્ય દિવાકર પૂજ્યશ્રીની નિશ્રામાં ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા કરાવી અનેરું સુકૃત ઉપાર્જન કર્યું.

(૪) **વિરાર :** શ્રી વિમલનાથ જૈન દેરાસર : કચ્છ બિદડાના શ્રી તરૂણભાઈ પ્રેમજી વોરા તથા શ્રી જયસુખલાલ મહેતા બંને પરિવારો દ્વારા નિર્માણ પામેલ ગૃહજિનાલયની પ્રતિષ્ઠા પૂજ્યશ્રીની નિશ્રામાં મહામહોત્સવપૂર્વક સંપન્ન થઈ.

(૫) **પ્રતિક્ષા ટાવર (મુંબઈ) :** પૂજ્ય ગુરૂદેવની ઉપસ્થિતિમાં અંજન-પ્રતિષ્ઠા પૂ. આ. ભ. શ્રી શાંતિચંદ્રપ્રભુજી સમુદાયના પૂ. આ. ભ. શ્રી રત્નાકરસૂરિજી મ. ની પ્રેરણા-નિશ્રા રહેલ.

**સં. ૨૦૬૯ :**

(૧) **અલીબાગ :** શ્રી નેમિનાથ શિ. જૈન તીર્થ પ્રેરક, માગદર્શક, પ્રતિષ્ઠા, નિશ્રા સાહિત્ય દિવાકર પૂજ્યપાદ ગુરૂદેવશ્રી

(૨) **મુલુંડ (પૂર્વ) :** શ્રી સુમતિનાથ જૈન દેરાસર પૂર્વે ગૃહચૈત્યમાં અંજન કરાવી પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રી સુમતિનાથ પ્રભુજીની ચલ પ્રતિષ્ઠા થઈ હતી. બાદ શિખરબધ્ધ જિનાલય નિર્માણ પામતા ભવ્યાતિભવ્ય એકાદશ દિનનો મહોત્સવ કરાવી ત્રણ દિક્ષા સહિત સાહિત્ય દિવાકર પૂજ્ય ગુરૂદેવશ્રીની નિશ્રામાં અંજનશલાકા પ્રતિષ્ઠા શ્રી મુલુંડ -પૂર્વ અચલગચ્છ જૈન સંઘે કરાવી.

(૩) **મુલુંડ (પૂર્વ) :** કચ્છ કોટડા (રોહા)ના લક્ષ્મીચંદ વેરશી નીસર પરિવાર દ્વારા શાંતિનાથ પ્રભુજીની ગૃહચૈત્યમાં ગૃહ જિનાલય પ્રતિષ્ઠા બાદના શાંતિ સ્નાત્ર પ્રસંગે ઉપસ્થિતિ.

**સં. ૨૦૭૦ :**

(૧) **શિવમસ્તુ સમવસરણ તીર્થ :** સપરિવાર સંયમ લેનારા કચ્છ ભુજના પરિવારના પૂ. મુનિરાજ શ્રી મહાભદ્રસાગરજી મ. સા., પૂ. મુનિરાજ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ. સા. (પિતા-પુત્ર મુનિ શ્રી જોડી) દ્વારા પ્રેરિત ભવ્ય શ્રી સમવસરણ મંદિર જિનચૈત્યની મહામંગલકારી અંજનશલાકા પ્રતિષ્ઠા પૂ. અચલગચ્છાધિપતિ શ્રી, સાહિત્ય દિવાકર પૂજ્યશ્રી આદિની નિશ્રામાં ભવ્ય રીતે સંપન્ન થઈ.

(૨) **દેઢિયા (કચ્છ) :** દેઢિયારત્ન, અચલગચ્છાધિપતિ પૂ. ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાની જન્મભૂમિ પર શ્રી આદિશ્વરદાદાનું ભવ્ય નયનરમ્ય સંગેમરમરનું ત્રિશિખરી ભવ્ય જિનાલય નિર્માણ થયા બાદ અંજનપ્રતિષ્ઠા જિનાલય

નિર્માણ થયા બાદ અંજન પ્રતિષ્ઠા. નિશ્રા : અચલગ્છાધિપતિ તથા સાહિત્ય દિવાકર પૂજ્યશ્રી આદિ.

(૩) **લઠેડી :** શાંતિનાથ જિનાલય પ્રતિષ્ઠા

(૪) **ખારૂઆ :** જિનાલય રજત વર્ષ ધજા તથા પોતાના માતુશ્રીની જીવતે સમગ્ર કચ્છ (કંઠી, અબડાસા, માકપટ, શહેરો, વાગડ)નો સાજનશાળી મહા સ્વામિવાત્સલ્યનો ઐતિહાસિક સમારોહ. નિશ્રા : પૂ. યુવાચાર્યશ્રી, પૂ. ગણિવર્ય મહોદયસાગરજી. મ.સા. પૂ. મુનિશ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા. તથા વિશાળ શ્રમણીવૃંદ

**સં. ૨૦૭૧ :**

(૧) **પાલી તીર્થ :** શ્રી ગૌત્તમ ગુણ વિહાર : વિરતિધામ, પ્રેરણા મૂ. મુનિશ્રી કમલપ્રભસાગરજી મ.સા.અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ. નિશ્રા : સાહિત્ય દિવાકર પૂ.ગુરૂદેવશ્રી

(૨) **નવનીત નગર-ડોંબીવલી (પૂર્વ) :** શ્રી મુનિસુવ્રત શિ. જિનાલય, શ્રી કચ્છી ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત ૧૦૦૮ ઘરની આવાસ યોજનામાં ભવ્ય અને અદ્ભૂત નયનરમ્ય મહાપ્રાસાદનું ભવ્ય નિર્માણ અંજન પ્રતિષ્ઠા. નિશ્રા : સાહિત્ય દિવાકર પૂજ્યશ્રી

**સં. ૨૦૭૩ :**

(૧) **શ્રી આર્ય ગુણ ગુરૂકૃપા તીર્થધામ :** (રામજી કા ગોલ) : અંજન પ્રતિષ્ઠા પ્રેરણા નિશ્રા : રાજસ્થાનદીપક પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. રહેલ તથા ખરતરગચ્છીય પૂ. આ. શ્રી પિયુષસાગરજી મ.સા. પણ વિનંતીથી પધારેલ.

(૨) **શ્રી જીરાવલ્લાપાર્શ્વનાથ તીર્થ (રાજ) :** ભવ્ય અંજન પ્રતિષ્ઠા પ્રસંગે સર્વગચ્છોને વિનંતી કરાતા સૂરિપદ પર્યાયમાં સૌથી વડીલ શ્રી શાંતમૂર્તિ પૂ. આ. ભ. શ્રી નીતિસૂરિજી સમુદાયના પૂ. આ. ભ.વિ. શ્રી પ્રશાંતમૂર્તિ હેમપ્રભસૂરીશ્વરજી મ.સા., પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ તથા અચલગચ્છાલંકાર પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. આદિ નિશ્રાએ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ પ્રભુના તીર્થે અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવે નિશ્રા આપી હતી. નિશ્રા સાનિધ્ય : કુલ ૪૭ આચાર્યો શતાધિક ઉપાધ્યાય-પન્યાસજી તથા ૧૨૦૦ સાધુ-સાધ્વી

(૩) **ભીન્નમાલ (રાજ.) :** શ્રી ભીન્નમાલ અચલગચ્છ સંઘ દ્વારા અચલગચ્છીય પંચશિખરી શ્રી શાંતિનાથ જિનાલયનો દેવ વિમાન સદશ જિર્ણોધ્ધાર કરાવી અંજન પ્રતિષ્ઠા માટે સ્વગચ્છીય પૂજ્ય યુવાચાર્યશ્રીને વિનંતી કરી. જીરાવલ્લા તીર્થથી સાહેબજી ભીન્નમાલ પધાર્યા. પૂજ્યશ્રીની નિશ્રામાં ભવ્ય યાદગાર અને અદ્ભૂત પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

મુખ્ય નિશ્રા : રાજસ્થાન દીપક પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ., પૂજ્યશ્રી સહ તપાગચ્છીય શાસન પ્રભાવક પૂ. આ. ભ. શ્રી વિ. રત્નાકરસૂરીશ્વરજી મ. તપોગચ્છીય જાપ-ધ્યાનપ્રેમી પૂ. આ. ભ. શ્રી વિ. ચંદ્રાનનસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી સોમસુંદરસૂરિજી મ. સા., ત્રિસ્તુતિકગચ્છીય ગણાધીશ પૂ. મુનિપ્રવરશ્રી ઋષભચંદ્રવિજયજી મ.

(૪) **અંબરનાથ :** ભવ્ય ત્રિશિખરી જિનાલય : દેવાધિદેવ પ્રભુ શ્રી મુનિસુવ્રત સ્વામિ, વાસુપૂજ્ય સ્વામિ આદિ જિનબિંબોના ભવ્યાતિભવ્ય અંજનશલાકા -પ્રતિષ્ઠા મહા મહોત્સવ

(૫) **ડોંબીવલી (વે) કોપર રોડ :** શ્રી સમવસરણ ચૌમુખજી જિનાલય : શ્રી ડોંબીવલી અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે વર્ષો પૂર્વે કોપર રોડ પર શ્રી મુનિસુવ્રતસ્વામિ ગૃહ જિનાલય પૂજ્યપાદ સાહિત્ય દિવાકર ગુરૂદેવના ચાતુર્માસમાં પ્રતિષ્ઠિત થયા હતા. તે સ્થળ પર માતુશ્રી ખેતબાઈ કેશવજી ગડા -નાના રતડિયાવાલા પરિવાર તરફથી ચૌમુખ જિનાલયનું નિર્માણ થતાં ભવ્યાતિભવ્યપ્રતિષ્ઠા મહોત્સવ શ્રી ડોંબીવલી અચલગચ્છ જૈન સંઘ દ્વારા આયોજીત થયેલ.

શુભનિશ્રા ઉપરોક્ત બંને સ્થળે : અચલગચ્છાધિપતિશ્રી, સાહિત્ય દિવાકર યુવાચાર્યશ્રી સહિત નૂતન ત્રણે આચાર્ય ભગવંતો પૂ. આ. શ્રી કવીન્દ્રસાગરસૂરિજી મ., પૂ. આ. શ્રી વીરભદ્રસાગરસૂરિજી મ., પૂ. આ શ્રી મહોદય સાગરસૂરિજી મ., સૂરિપંચ નિશ્રા રહેલ.

(૬) **સાનપાડા ભૂમિરાજ એપાર્ટ. (નવી મુંબઈ) :** અનંતનાથજી મહારાજ સાધારણ ખાતાના ટ્રસ્ટ સંચાલિત તથા માતુશ્રી કસ્તુરીબાઈ મુલજી દંડ-લાખણીયાવાલા હ. ગુરૂભક્તશ્રી ભપેન્દ્રભાઈ દંડ દ્વારા નિર્મિત શિખરબધ્ધ શ્રી આદિશ્વર પ્રભુ જિનાલયે ઘાટકોપર ચાતુર્માસ પૂર્વે સાહિત્ય દિવાકર પૂ. આ. ભ.શ્રી ની નિશ્રામાં ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો.

**સ. ૨૦૭૪ :**

(૧) **દહીંસર :** શક્તિનગરમાં શ્રી અજિતનાથ જિનાલયની પ્રતિષ્ઠા (પૂ.ગ.આ.આદિ)

(૨) **સાંગલી :** શ્રી સુપાર્શ્વનાથ જૈન શિ. દેરાસરની અંજન-પ્રતિષ્ઠા
નિશ્રા : પ્રતિષ્ઠાચાર્ય સાહિત્ય દિવાકર, પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.

(૩) **ઉમરગામ :** શ્રી વિમલનાથ ગૃહજિનાલય. અંજન -પ્રતિષ્ઠાચાર્ય : સાહિત્ય દિવાકર પૂજ્યશ્રી

(૪) શ્રી યંત્રગુરૂ શતાબ્દિ વર્ષસ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા
શ્રી સમેતશિખરાવતાર ગુણપાર્શ્વનાથ તીર્થ દેઢિયા (કચ્છ) (પૂ. યુવાચાર્યશ્રી)

(૫) **ગઢશીશા :** શ્રી આદિશ્વર જિન પ્રાસાદ

(૬) **વાંઢ :** શ્રી કુંથુનાથ જિન પ્રાસાદ

(૭) **હમલા મંજલ :** શ્રી સુમતિનાથ જિન પ્રાસાદ

(૮) **વિમલ-ગુણપુણ્યધામ :** (ગઢશીશા-શેરડી રોડ) વિમલનાથ જિન પ્રાસાદ

(૯) **વાંકુ :** શ્રી અજિતનાથ જિન પ્રાસાદ
નિશ્રા : આ પાંચેય સ્થળે અચલગચ્છાધિપતિ, સાહિત્ય દિવાકર ગુરૂવર, પૂ. આ. શ્રી કવીન્દ્રસાગરસૂરિ મ. , પૂ. આ. ભ. વીરભદ્રાસાગરસૂરિ મ. આદિ વિશાળ સાધુ-સાધ્વી ગણની નિશ્રામાં અંજનશલાકા મહોત્સવો યોજાયેલ

(૧૦) **સાંઘવ :** શ્રી શાંતીનાથ પ્રભુ જિન પ્રાસાદે ગણધર ગુરૂ શ્રી ગૌત્તમ સ્વામિ રાજરાજેશ્વરી મા પદ્માવતી દેવી
નિશ્રા : અચલગચ્છાધિપતિ શ્રી, સાહિત્ય દિવાકર શ્રી, પૂ. આ. શ્રી કવીન્દ્રસાગરસૂરિજી મ., પૂ. આ. શ્રી વીરભદ્રસાગરસૂરિજી મ. આદિ

(૧૧) **જસાપર :** રંગમંડપમાં દેવ-દેવી પ્રતિષ્ઠા. નિશ્રા : સાહિત્ય દિવાકર પૂ. આ. શ્રી, સરલ સ્વભાવી પૂ.આ શ્રી કવીન્દ્રસાગરસૂરિજી મ.

(૧૨) **મુન્દ્રા :** શ્રી શીતલનાથ સ્વામિ જૈન દેરાસર જીર્ણોધ્ધાર સહ નવિનીકરણ બાદ ભવ્ય પ્રતિષ્ઠા
નિશ્રા : સાહિત્ય દિવાકર પૂ. આ. ભ. શ્રી તથા પૂ. આ. શ્રી કવીન્દ્રસાગરસૂરિજી મ.સા.

**સં. ૨૦૭૫ :**

(૧) **નરેડી :** શ્રી ચંદ્રપ્રભસ્વામિ ત્રિશિખરી જિનલાય :
નિશ્રા : અચલગચ્છાધિપતિ શ્રી, સાહિત્ય દિવાકરશ્રી, જયોતિષાચાર્ય શ્રી વીરભદ્રસૂરિજી મ.

(૨) **બાડમેર :** શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ શ્રીશ્રીમાલ કારિત શિ. જિનાયલ રૈન બસેરામાં નિશ્રા : પૂજ્યપાદ સાહિત્ય દિવાકર આચાર્ય શ્રી.

(૩) **રામજી કા ગોલ :** શ્રી આર્ય ગુણ ગુરૂકૃપા તીર્થ વિહાર ધામ :
દાદાવાડી પરિસરમાં સ્વતંત્ર દેવકુલિકામાં શ્રી સચ્ચિયા માતાજીની પ્રતિષ્ઠા. પૂ. સાહિત્ય દિવાકરશ્રીની નિશ્રાએ

(૪) **ભોરારા :** શ્રી શાંતિનાથ સ્વામિ જિનપ્રાસાદ ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવ
નિશ્રા : અચલગચ્છાધિપતિ શ્રી, સાહિત્ય દિવાકર શ્રી, જયોતિષાચાર્યશ્રી વીરભદ્રસાગરસૂરિજી મ.

**શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન – મુંબઈ ઐરોલી જ્ઞાનસત્ર વાચના પ્રસંગ પૂર્ણાહુતિનું પરિકમ્માારૂપ મહુંલી**

**આજ્ઞા–આશિષ–નિશ્રાદાતા**

**અચલગચ્છનાયક સાહિત્ય દિવાકર પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.**

**(રાગ : નવ્વાણું નવ્વાણું સૌનાં હૈયે)**

આનંદની લ્હેરો ઐરોલીમાં વર્તાય, કેડી ઓ સંઘ આજે હરખે હરખાય...
કસ્તુરી –પદ્મ ઐરોલી વાડી સોહાય, જ્ઞાનસત્ર વાચનાસત્રથી દિપાય... આનંદ...
અનંતનાથદાદાની કૃપા રેલાય છે, ગુણસાગરસૂરિ સ્વર્ગે મલકાય છે,
ગુણોદયસૂરિજીની દિવ્યકૃપા વરસાય... આનંદ...
અચલગચ્છાનાયક પદે દીપે છે, કલાપ્રભસાગરસૂરી જ્ઞાન તેજે ઓપે છે.
સંઘહિત ચિંતકની નિશ્રા સોહાય સૂરિજીનો વિશાળ પરિવાર સોહાય...આનંદ...
સારેગમ પધનીસાનાં સૂરો લહેરાય છે. કે.ડી.ઓ. જ્ઞાતિની ભક્તિ વખણાય છે,
શાસન અજવાળીએની ભાવના કરાય...આનંદ...
જ્ઞાતિ શિરોમણી નરશીનાથા કહેવાયા, મુકુટમણી કેશવજી નાયક સોહાયા,
ગૌરવવંતા ઈતિહાસનાં પૃષ્ટો ચળકાય... આનંદ...
જ્ઞાનયોગ ભક્તિયોગની બંસરી વાગી, તત્વજ્ઞાન વાચના આપવાની ભૂખ જાગી,
સૂરિજીનાં હૈયે ઉમંગ રંગ છવાય... આનંદ...
શ્રમણ ભગવંતો જ્ઞાનથી સોહાયા, સરસ્વતી સમા સાધ્વીજી વિનયરંગે રંગાયા,
સત્તર દિવસીય વાચના સત્ર અદ્ભુત કહેવાય... આનંદ...
આત્મદશાની આજે દિશા બદલાઈ, અધ્યાત્મ જીવનની આવી વધાઈ,
સ્નેહ સંગઠનની પુણ્યવૃષ્ટિ કરાય... આનંદ..
રાપર ગઢવાલીનાં સંઘપતિ પંચરત્નો, જ્ઞાનસત્રનો લાભ લીધો ઉમંગે આનંદનો
દ્રવ્ય લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવાય... આનંદ...
યોગવિંશિકા–સવાસો ગાથાની રસાળતા, સમુદ્ર વહાણ સંવાદ–અષ્ટાંગયોગની ગહનતા,
હોંશે હોંશે સંયમીઓથી જ્ઞાન ગ્રહાય... આનંદ...
જગત નિરંજન નાથ પુન્યોદયે પૂજાય છે, અરૂણોદય સદ્ગુણોથી સત્કારાય છે,
શિષ્યા–પ્રશિષ્યાઓથી ગુણલા ગવાય... આનંદ...

**ગીત રચિયતા : પ્રવર્તિની પૂ. અરૂણોદયશ્રીજી મ. સા. ના આજીવન ચરણોપાસિકા**
**પૂ. સા. હિરણ્યગુણાશ્રીજી મ. સા.**

**આ વિશેષાંકના પ્રકાશનમાં શક્ય તેટલી કાળજી લીધી છે છતાં કોઈ માનવ સહજ ભૂલ રહી ગઈ હોય કે જાણતા – અજાણતા વિગતદોષ રહ્યો હોય તો મિચ્છામિદુક્કડમ.**

**– તંત્રી મંડળ, પ્રકાશ સમીક્ષા**


| Typing - Designing | Printing Management | Creative Consultant |
|---|---|---|
| **ODHAV GRAPHICS** | **DHANLAXMI ARTS** | **PRAFUL JOSHI** |

# અચલગચ્છની ઉજ્જવલ ગુરૂ પરંપરાના જ્યોતિર્ધરો



વિહારમાન શ્રી સીમંધર જિન અને ચક્રેશ્વરી દેવી પ્રસંશિત
વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક યુગ પ્રધાન
**દાદાગુરૂ પ. પૂ. આ. ભ. શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. સા.**



મહિમાનીધિ, જીરાવલ્લાતીર્થ પ્રભાવક સૂરિમંત્રાદિગ્રંથ રચયિતા
**પૂ. દાદાશ્રી મેરૂતુંગસૂરીશ્વરજી મ. સા.**




સમેત શીખર – જામનગર, શંત્રુજય ભદ્રેશ્વરાદિ તીર્થોદ્ધારક,
યુગપ્રધાન, અચલગચ્છેશ
**પ. પૂ. આ. ભ. શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. સા.**



કચ્છ હાલાર દેશોદ્ધારક અચલગચ્છાધિરાજ
મહાત્યાગી, મહાન ક્રિયોદ્ધારક
**પ. પૂ. આ. ભ. દાદાશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા.**



શીઘ્રકવિ, શાસન સમ્રાટ્ , ભારત દિવાકર
અચલગચ્છાધિપતિ
**પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.**



સળંગ ૫૪મા વર્ષિતપારાધક તપચક્ર ચક્રવર્તિ,
અચલગચ્છાધિપતિ
**પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.**



સાહિત્ય સમ્રાટ્ , રાજસ્થાન – દક્ષિણ દીપક, સૌમ્ય સ્વભાવી
અચલગચ્છાધિપતિ
**પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.**

# સુધર્મા પાટોત્સવ - અચલગચ્છાધિપતિ પદપ્રદાન મહોત્સવ વિશેષાંક

## અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાના સંયમ જીવનની યાદગાર ક્ષણો...



રાજસ્થાન દીપક ૨૦૪૪ દંતાણી તીર્થ



આદ્ય દાદા ગુરૂદેવની પ્રતિષ્ઠા ૨૦૪૪



સૂરિમંત્ર પંચ પ્રસ્થાન આરાધના




અહિંસા સંમેલન - હૈદ્રાબાદ



અશોક સિંઘલ - પ્રમુખ, વિ. હિ. પ.ને આશિષ



મુંબઈના મેયરને આશિષ



અ. ભા. અચલગચ્છ સંઘ પ્રમુખ વશનજી સાવલા



સાહિત્યરત્ન આ. યશોદેવસૂરિજી સાથે

# અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાના સંયમ જીવનના ગૌરવવંતા પ્રસંગો...



સ્મૃતિગ્રંથ પ્રકાશન - સં. ૨૦૩૯ ચીંચપોકલી (મુંબઈ)



ગણિપદ પ્રદાન - સં. ૨૦૪૦ વડાલા (મુંબઈ)



ઉપાધ્યાયપદ પ્રદાન - સં. ૨૦૪૪ બાડમેર (રાજ.)



આચાર્યપદ પ્રદાન - સં. ૨૦૪૪ દંતાણી તીર્થ (રાજ.)



દક્ષિણ દીપક - સં. ૨૦૪૯ હૈદ્રાબાદ



હૈદ્રાબાદ ઐતિહાસિક ચાતુર્માસ - સં. ૨૦૫૦



અચલગચ્છનાયક - સં. ૨૦૭૬ મુલુંડ (પૂર્વ)



અચલગચ્છાધિપતિ - સં. ૨૦૭૭ માટુંગા (મુંબઈ)

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# સુધર્મા પાટોત્સવ - અચલગચ્છાધિપતિ પદપ્રદાન મહોત્સવ વિશેષાંક

## અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાના જીવનપથના પડાવો...



- જન્મ : દુર્ગાપુર (નવાવાસ), કચ્છ. સં. ૨૦૧૦
- માતા-પિતા : માતુશ્રી પ્રેમકુંવરબેન રતનશી ટોકરશી સાવલા
- ગુરૂદેવ : શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ
- દીક્ષા : ભુજપુર (કચ્છ). સં. ૨૦૨૬
- વડી દીક્ષા : નાના આસંબિયા (કચ્છ). સં. ૨૦૨૬
- ગણિપદ : વડાલા (મુંબઈ). સં. ૨૦૪૦
- સાહિત્ય દિવાકર : સમેતશિખરજી તીર્થ. સં. ૨૦૪૧
- ઉપાધ્યાય પદ : બાડમેર (રાજસ્થાન). સં. ૨૦૪૪
- આચાર્ય પદ : દંતાણી તીર્થ (રાજસ્થાન). સં. ૨૦૪૪
- દક્ષિણ દીપક : હૈદ્રાબાદ, સં. ૨૦૫૦
- અચલગચ્છશિરોમણી : કાંદીવલી, સં. ૨૦૫૦
- અચલગચ્છનાયક : મુલુંડ (મુંબઈ). સં. ૨૦૭૬
- અચલગચ્છાધિપતિ : માટુંગા (મુંબઈ). સં. ૨૦૭૭

સંસાર પક્ષે ભત્રીજી : પૂ. સા. શ્રી હર્ષિતગુણાશ્રીજી મ. સા.

| If undelivered, please return to :<br>**C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | To, |
|---|---|

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**